હનુમાન જન્મોત્સવ
પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૨-૪-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંક : ૨૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia



‘દુનિયાને ધંધે લગાડનાર’ ટ્રમ્પે હાથ ઊંચા કરતા ક્રૂડ ભડકે બળ્યું

# ડોલર સામે રૂપિયો મજબુત થતાં શેરબજારમાં જબ્બર રિકવરી : સોનુ-ચાંદી તૂટ્યા

## અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ૧.૬૯ પૈસા મજબુત બન્યો : સેન્સેક્સમાં ૧૫૦૦થી વધુના કડાકા બાદ જોરદાર રિકવરી દેખાઈ : ક્રૂડ બેરલના ભાવમાં ૭% સુધીનો ઉછાળો

**અમેરિકા ઈઝરાયેલના હુમલા વચ્ચે ઈરાન નબળું પડવાને બદલે શક્તિશાળી ઉભર્યું: હોર્મુઝની સામુદ્રધુની બ્લોક કરીને વૈશ્વિક અર્થતંત્રની નસ દબાવી**



**અબતક**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આજે યુદ્ધ વિરામને લઈને આપેલા નેગેટિવ નિવેદન બાદ ભારતીય શેરબજારમાં ઉઘડતી માર્કેટે તોતિંગ કડાકા બોલી ગયા હતાં. જો કે, અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો મજબુત બનતા શેરબજારમાં બપોર સુધીમાં જબ્બર રિકવરી જોવા મળી હતી. બુલિયન બજાર નરમ રહ્યું હતું. સોના અને ચાંદીના ભાવમાં મોટાપાયે ગાબડા પડ્યા હતાં. ખાડી યુદ્ધના કારણે ક્રૂડ બેરલમાં આજે પણ સાત ટકા જેટલો ઉછાળો રહેવા પામ્યો હતો.

આજે અમેરિકાના રાષ્ટ્રપતિએ આપેલા રાષ્ટ્રજોગ પ્રવચનમાં યુદ્ધ વિરામની શક્યતાઓ નકારી કાઢી હતી. જેના કારણે ઉઘડતી બજારે મ ુ ં બ ઈ શેરબજારના બન્ને આગેવાન ઈન્ડેક્સો ઉંધા માથે પટકાયા હતાં. સેન્સેક્સે ૭૨૦૦૦ની સપાટી તોડી હતી અને દિવસ દરમિયાન ૭૧,૫૪૫ની સપાટી સુધી સરકી ગયો હતો. ઉપલી સપાટી ૭૩,૨૫૫ રહી હતી. આમ સેન્સેક્સમાં ૨૦૦૦થી પણ વધુનો કડાકો બોલી ગયો હતો. જો કે, ડોલર સામે રૂપિયો મજબુત બનતા એક તબક્કે રેડઝોનમાં કામ કરી રહેલુ શેરબજાર ગ્રીનઝોનમાં આવી ગયું હતું. નિફ્ટીમાં પણ આજે મોટી ઉથલપાથલ જોવા મળી હતી. સવારે ઉઘડતી બજારે નિફ્ટીમાં ૪૫૦ પોઈન્ટથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. પરંતુ રિકવરી દેખાતા નિફ્ટી પણ બપોર સુધીમાં

(અનુ. આઠમા પાને)

### અમેરિકાના પાછોતરા પગલાથી યુરોપ મેદાનમાં

## સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ખુલ્લું મુકવા યુરોપ ૩૫ દેશો સાથે બેઠક યોજશે

વિશ્વના સૌથી મહત્વના દરિયાઈ માર્ગ ગણાતા ’સ્ટ્રેટ ઓફ હોર્મુઝ’માં વધી રહેલા તણાવ અને અમેરિકાની પીછેહઠ બાદ હવે યુરોપિયન દેશોએ કમર કસી છે. અમેરિકાએ આ વિસ્તારમાંથી પોતાના સૈન્ય હિતો અને સુરક્ષાના મામલે લીધેલા પાછોતરા પગલાંથી ઊભી થયેલી શૂન્યાવકાશની સ્થિતિને ભરવા માટે હવે યુરોપ મેદાનમાં આવ્યું છે. વૈશ્વિક તેલ પુરવઠા માટે કરોડરજ્જુ સમાન આ જળમાર્ગને સુરક્ષિત રાખવા અને તેને કોઈપણ અવરોધ વગર ખુલ્લો મુકવા માટે યુરોપિયન યુનિયન આગામી દિવસોમાં ૩૫ દેશો સાથે એક મહત્વની ઉચ્ચસ્તરીય બેઠક યોજવાનું આયોજન કરી રહ્યું છે. આ બેઠકમાં માત્ર યુરોપ જ નહીં, પરંતુ એશિયા અને મધ્ય પૂર્વના મહત્વના ૩૫ દેશોને સામેલ કરવામાં આવશે, જેથી આંતરરાષ્ટ્રીય દબાણ વધારી શકાય.

## અમારી પાસેથી તેલ ખરીદો, નહીં તો ઈરાન સામે જાતે ફોડી લ્યોઃ ટ્રમ્પ

પશ્ચિમ એશિયાના યુદ્ધ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાના દેશોને અત્યંત આકરો અને સ્પષ્ટ સંદેશ આપ્યો છે. હોર્મુઝની સામુદ્રધુની (Strait of Hormuz) બ્લોક થતા સર્જાયેલી તેલની તંગી પર ટ્રમ્પે અમેરિકાની દાદાગીરી બતાવતા કહ્યું કે જે દેશોને ઈંધણ નથી મળી રહ્યું, તેમને મારી સલાહ છે કે તેલ ખરીદવું હોય તો સીધું અમેરિકા પાસેથી ખરીદો.અને જો તમારે ઈરાન પાસેથી તેલ જોઈતું હોય, તો થોડી હિંમત ભેગી કરો, હોર્મુઝના દરિયામાં જાઓ અને ઈરાન પાસેથી રસ્તો ખાલી કરાવીને તેલ છીનવી લો. ટ્રમ્પે દાવો કર્યો કે ઈરાનનું સૈન્ય માળખું અમેરિકાએ તોડી નાખ્યું છે, હવે બાકીનું કામ જે-તે દેશોએ જાતે પતાવવું પડશે.



દારૂ વગરના ભડાકા

## ઈરાનને પથ્થર યુગમાં ધકેલી દેશું: ટ્રમ્પની ફિશિયારી

પશ્ચિમ એશિયાના યુદ્ધમાં હવે શબ્દોના બાણ પણ મિસાઈલો જેટલી જ ગતિએ છૂટી રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસથી દુનિયાને સંબોધતા ઈરાન સામે હાર ન માનવાની અને તેને ’પથ્થર યુગ’ માં મોકલી દેવાની મોટી-મોટી વાતો કરી છે. જોકે, આ ભડાકા માત્ર નિવેદનો પૂરતા મર્યાદિત હોય તેમ લાગે છે, કારણ કે જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે.ટ્રમ્પનો દાવો કર્યો હતો કે ઈરાનનું નૌકાદળ અને વાયુસેના નષ્ટ થઈ ગયા છે.જ્યારે ઈરાને ગણતરીના કલાકોમાં ઈઝરાયેલ પર સતત ત્રણ મિસાઈલ હુમલા કરીને પોતાની તાકાત બતાવી દીધી છે.

યુદ્ધની ડામાડોળની સ્થિતિ વચ્ચે વિકાસ ટનાટન!

# સતત ત્રીજા માસમાં જીએસટીની આવકમાં વધારોઃ માર્ચમાં આવક રૂ. ૨ લાખ કરોડને પાર

## ઘરઆંગણાના વેચાણ અને આયાતમાં થયેલા વધારાને કારણે કલેક્શનમાં ઉછાળો, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નું કુલ કલેક્શન રૂ.૨૨.૨૭ લાખ કરોડ નોંધાયું

**અબતક, નવી દિલ્હી**



માર્ચ મહિનામાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સની આવકમાં ૯% નો વધારો જોવા મળ્યો છે. ટેક્સ કપાત પહેલાના સ્તરે પહોંચીને માર્ચ મહિનાનું જીએસટી કલેક્શન રૂપિયા ૨ લાખ કરોડનો આંકડો પાર કરી ગયું છે. સરકારી ડેટા અનુસાર, આ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ નું આ ત્રીજું સૌથી વધુ માસિક કલેક્શન છે, જે આયાત તેમજ સ્થાનિક વેચાણ બંનેમાં થયેલા વધારાને આભારી છે. ગ્રોસ ડોમેસ્ટિક આવક (સ્થાનિક વેચાણમાંથી થતી આવક) ૫.૯% વધીને રૂપિયા ૧.૪૬ લાખ કરોડથી વધુ નોંધાઈ છે. બીજી તરફ, માર્ચ મહિના દરમિયાન આયાતમાંથી થતી આવક ૧૭.૮% વધીને રૂપિયા ૫૩,૮૬૧ કરોડ પર પહોંચી છે.

ગત વર્ષે સમાન ગાળામાં એટલે કે માર્ચ ૨૦૨૫માં કુલ જીએસટી કલેક્શન રૂપિયા ૧.૮૩ લાખ કરોડ નોંધાયું હતું.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ (એપ્રિલ-માર્ચ) માટે માર્ચ ૨૦૨૬નું આ કલેક્શન ત્રીજું સૌથી મોટું રહ્યું છે. આ નાણાકીય વર્ષમાં એપ્રિલ ૨૦૨૫માં અત્યાર સુધીનું સૌથી વધુ રૂપિયા ૨.૩૬ લાખ કરોડનું જીએસટી કલેક્શન નોંધાયું હતું, ત્યારબાદ મે મહિનામાં રૂપિયા ૨.૦૧ લાખ કરોડની આવક થઈ હતી. સમગ્ર નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે જીએસટી કલેક્શન ૮.૩% ના વાર્ષિક વધારા સાથે

(અનુ. આઠમા પાને)

## ગુજરાતમાં જીએસટીની આવક ૧૮ ટકાના વધારા સાથે રૂ.૭,૩૫૨ કરોડે પહોંચી


માર્ચ ૨૦૨૬માં ગુજરાતની કર આવકમાં મજબૂત ઉછાળો જોવા મળ્યો છે, જે મુખ્યત્વે સ્ટેટ જીએસટી કલેક્શનમાં થયેલા ધરખમ વધારાને આભારી છે. માર્ચ મહિનામાં એસજીએસટી કલેક્શન વાર્ષિક ધોરણે ૧૮.૭% વધીને રૂપિયા ૭,૩૫૨ કરોડ નોંધાયું છે, જે ગત વર્ષે સમાન મહિનામાં રૂપિયા ૬,૧૯૦ કરોડ હતું. માસિક ધોરણે જોઈએ તો, ફેબ્રુઆરીની સરખામણીમાં એસજીએસટીની આવક ૮.૮% વધુ રહી છે.

રાજ્યની તિજોરીમાં માર્ચ મહિનામાં વિવિધ કરવેરામાંથી કુલ રૂપિયા ૧૧,૪૧૮ કરોડ જમા થયા છે. એસજીએસટી ઉપરાંત, વેટમાંથી રૂપિયા ૨,૭૧૪ કરોડ, વીજળી ડ્યુટીમાંથી રૂપિયા ૧,૩૨૮ કરોડ અને બિઝનેસ ટેક્સમાંથી રૂપિયા ૨૪ કરોડની આવક થઈ છે. સંપૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ની વાત કરીએ તો, ગુજરાતે રૂપિયા ૮૧,૪૧૦ કરોડની એસજીએસટી આવક નોંધાવી છે, જે પાછલા વર્ષની સરખામણીમાં ૧૧.૧% નો વધારો દર્શાવે છે. દેશના કુલ એસજીએસટીમાં ગુજરાત રાજ્યનો હિસ્સો ૮.૩% રહ્યો છે. અન્ય કર આવકની વાત કરીએ તો, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં વેટ કલેક્શન રૂપિયા ૩૨,૬૭૭ કરોડ રહ્યું હતું, જ્યારે વીજળી ડ્યુટીથી રૂપિયા ૧૨,૪૯૩ કરોડ અને બિઝનેસ ટેક્સથી રૂપિયા ૨૬૬ કરોડની આવક થઈ હતી. આ નાણાકીય વર્ષમાં એસજીએસટી, વેટ, વીજળી ડ્યુટી અને બિઝનેસ ટેક્સની સંયુક્ત આવક રૂપિયા ૧,૨૬,૮૪૬ કરોડ સુધી પહોંચી ગઈ છે.

# ઈન્ડોનેશિયામાં ૭.૪ની તીવ્રતાનો ભૂકંપઃ સુનામીની ચેતવણી

## ફિલિપાઈન્સ અને મલેશિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂકંપના કેન્દ્રથી ૧,૦૦૦ કિમીના દાયરામાં જોખમી સુનામી લહેરો ઉઠવાની સંભાવના

**અબતક, રાજકોટ**



આજે વહેલી સવારે પૂર્વી ઈન્ડોનેશિયાના સમુદ્રમાં ૭.૪ ની તીવ્રતાનો અત્યંત શક્તિશાળી ભૂકંપ આવ્યો છે. આ ભૂકંપ બાદ અમેરિકાના મોનિટરિંગ સેન્ટરે ભૂકંપના કેન્દ્રથી ૧,૦૦૦ કિલોમીટર (૬૨૧ માઈલ) ના દાયરામાં જોખમી સુનામી લહેરોની આશંકા વ્યક્ત

(અનુ. આઠમા પાને)

# સોના, ચાંદી અને પ્લેટીનિયમના દાગીનાની આયાત ઉપર પ્રતિબંધ મુકાયો

## ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ના દુરુપયોગને રોકવા માટે તાત્કાલિક અસરથી આયાત પર નિયંત્રણો મુકતી સરકાર

**અબતક, નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના થઈ રહેલા દુરુપયોગને રોકવાના ઉદ્દેશ્યથી સોના, ચાંદી અને પ્લેટિનમ જ્વેલરીની આયાત પર તાત્કાલિક અસરથી નિયંત્રણો લાદી દીધા છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડના એક નોટિફિકેશન અનુસાર, કસ્ટમ્સ ટેરિફ હેડિંગ ૭૧૧૩ હેઠળ આવતી વસ્તુઓની આયાત નીતિને ’ફ્રી’ માંથી બદલીને ’પ્રતિબંધિત’ કરવામાં આવી છે. આ નિર્ણય સાથે જ હવે તમામ પ્રકારના સોના, ચાંદી અને પ્લેટિનમના આભૂષણોની આયાત પર નિયંત્રણો લ ા ગુ થઈ ગયા છે.



ડીજીએફટીએ સ્પષ્ટ કર્યું છે કે આ નવા નિયંત્રણો કોઈપણ અગાઉના કોન્ટ્રાક્ટ, એડવાન્સ પેમેન્ટ, ઈરિવોકેબલ લેટર ઓફ ક્રેડિટ, શિપમેન્ટ સ્ટેટસ અથવા અન્ય કોઈપણ કમિટમેન્ટ હોવા છતાં લાગુ પડશે અને કોઈ જૂની છૂટછાટનો લાભ મળશે નહીં. આ નિર્ણય બાદ હવે આયાતકારોએ આ કિંમતી માલસામાન ભારતમાં લાવવા માટે ડીજીએફટી પાસેથી ફરજિયાતપણે લાયસન્સ અથવા મંજૂરી લેવી પડશે.

જોકે, સરકારે આ નવા નિયમોમાં કેટલીક છૂટછાટ પણ આપી છે. સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં આવેલા યુનિટ્સ અને

(અનુ. આઠમા પાને)

# એલઆઈસીને ૩૭૫૦ કરોડની નુકસાની અનિલ અંબાણી સામે ગુનો

## છેતરપિંડી અને ભંડોળના દુરુપયોગનો આરોપઃ સીબીઆઈએ દાખલ કરી એફઆઈઆર

**અબતક, નવી દિલ્હી**

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન દ્વારા અનિલ અંબાણી અને રિલાયન્સ કોમ્યુનિકેશન્સ તેમજ કેટલાક અજાણ્યા બેંક અધિકારીઓ સામે નવી એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની ફરિયાદના આધારે આ કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં રૂપિયા ૩,૭૫૦ કરોડના ગેરકાયદેસર નુકસાનનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ કેસ ૧ એપ્રિલના રોજ નોંધવામાં આવ્યો હતો.

સીબીઆઈની સત્તાવાર માહિતી મુજબ, આ કેસ કાવતરું, છેતરપિંડી, ઉચાપત અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ

(અનુ. આઠમા પાને)

# આજે બજેટ સત્રનો છેલ્લો દિવસઃ લોકસભાની બેઠક ૮૭૬ કરવા માટે સ્પેશ્યલ સત્ર ટૂંકમાં બોલાવાશે?

## ત્રીજા અઠવાડિયામાં બે દિવસ માટે સંસદ સત્ર ફરી યોજવામાં આવે તેવી શક્યતા, લોકસભાની કુલ સીટો ૫૪૩માંથી વધારીને ૮૧૭ કરવાનું અને તેમાંથી ૨૭૩ સીટો મહિલાઓ માટે અનામત રાખવાનો મુખ્ય ઉદેશ

**અબતક, રાજકોટ**

કેન્દ્ર સરકાર લોકસભાની સંખ્યા વધારવા અને મહિલાઓ માટે ૩૩ ટકા અનામતના અમલ માટે મોટા પગલાં લેવાની તૈયારીમાં છે. અહેવાલો અનુસાર, ચાલુ બજેટ સત્રને આજે પુરૂ કરવાને બદલે,એપ્રિલના ત્રીજા અઠવાડિયામાં ૨-૩ દિવસ માટે સંસદને ફરી બોલાવવાની યોજના છે. આમાં મુખ્ય ઉદ્દેશ્ય લોકસભાની કુલ સીટો ૫૪૩માંથી વધારીને ૮૧૬ કરવાનું અને તેમાંથી ૨૭૩ સીટો મહિલાઓ માટે અનામત રાખવાનું છે.

આ પગલું લોકસભા અને વિધાનસભાઓમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવા માટે છે, જેના માટે ૨૦૨૩માં કાયદો પસાર થયો હતો. પરંતુ તેના અમલ માટે સેન્સસ અને ડિલિમિટેશન (સીમાંકન)ની જરૂર છે. સરકાર હવે આ અનામતને આગામી લોકસભા ચૂંટણી (૨૦૨૯)થી અમલમાં મૂકવા માટે સીટો વધારીને તેને અલગ કરવાનું વિચારી રહી છે.



કેન્દ્ર સરકારે ૨૦૨૩માં મહિલા અનામત માટે ’નારી શક્તિ વંદન અધિનિયમ’ પસાર કર્યો હતો. જેમાં લોકસભા અને રાજ્યસભાની સાથે તમામ રાજ્યોની વિધાનસભાઓમાં ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ છે.

લગભગ ત્રણ વર્ષ બાદ સરકાર આ કાયદામાં સુધારો કરવા જઈ રહી છે. આનાથી લોકસભામાં સાંસદોની કુલ સંખ્યા ૮૧૬ અને મહિલા સાંસદોની સંખ્યા ૨૭૩ થઈ જશે. એવું જણાવવામાં આવી રહ્યું છે કે, બેઠકોના નિર્ધારણ માટે ૨૦૧૧ની જનગણનાને આધાર બનાવવામાં આવી શકે છે.

૨૦૧૧ની જનગણનાના

(અનુ. આઠમા પાને)

### શું છે મહિલા અનામત કાયદો?


૨૦૨૩માં સરકારે જે ’નારી શક્તિ વંદન અધિનિયમ’ પસાર કર્યો હતો, તે લોકસભા, રાજયસભા અને વિધાનસભાઓમાં મહિલાઓ માટે ૩૩% અનામતની જોગવાઈ કરે છે. આ કાયદામાં એસસી-એસટી મહિલાઓ માટે અલગથી અનામતની જોગવાઈ નથી, પરંતુ તેમના માટે અનામતની અંદર જ અનામત રાખવામાં આવી છે. એટલે કે, એસસી-એસટી કેટેગરીની મહિલાઓને કુલ ૩૩% મહિલા અનામતની અંદર જ અનામતનો લાભ આપવામાં આવશે.

### સમજણનો સાથ, સ્નેહનો હાથ: આજે વિશ્વ ઓટીઝમ દિવસ

# દુનિયામાં લગભગ બે ટકા કરતા વધારે લોકો ઓટીઝમ રોગથી પીડિત

## ભારતમાં ઓટીઝમનો વ્યાપ સતત વધી રહ્યો છે: બાળકોમાં તેનું પ્રમાણ દર ૬૮ માંથી ૧ બાળક ઓટીઝમથી પીડિત હોવાનું અનુમાન છે: વ્યાપક અભ્યાસો મુજબ ૧૦ વર્ષથી ઓછી ઉંમરના દર ૧૦૦ બાળકોએ ૧ બાળકમાં આ સ્થિતિ જોવા મળે છે

આજે વર્લ્ડ ઓટિઝમ જાગૃતિ દિવસ છે, ત્યારે બાળકોમાં થતી માનસિક બીમારીના કારણો, લક્ષણો અને ઉપાય વિશે દરેક મા બાપે જાણવું જરૂરી છે. એકસપર્ટસ અનુસાર ઓટિઝમ એક પ્રકારની માનસિક બીમારી છે જેને 'ન્યુરોલોજિકલ ડિસ્ટ ઓર્ડર' કહેવાય છે. આ બીમારીમાં નાનપણથી જ પીડિતને વાતચીત કરવામાં તથા અન્ય લોકો સાથે વ્યવહાર કરવાની ક્ષમતાને સીમિત કરી દે છે. એટલે કે તે બાળક પરિવાર સમાજ અને બહારના માહોલ સાથે જોડાવાની ક્ષમતાઓને ગુમાવી બેસે છે. તેને ઓટિસ્ટિક સ્પૈકટમ ડિસઓર્ડર પણ કહે છે. આ સમસ્યામાં 'ડિફરન્ટ, નોટ લેસ' જે એક નવી દ્રષ્ટિ આપે છે. ૨૦૦૭ થી વૈશ્વિક સ્તરે આ ઉજવણી થાય છે. સમાજની મુખ્યધારામાં ઓટીઝમનો સ્વીકાર અને સહયોગની અનિવાર્યતા મહત્વની જેમબાળકોના મનના અટપટા સ્પેક્ટ્રમને સમજવાની કોશિશ એટલે ઓટીઝમ અવેરનેસ ગણાય છે. યુએનની આ વર્ષની સત્તાવાર થીમ ''ઓટીઝમ અને માનવતા, દરેક જીવનનું મૂલ્ય છે.'' આ ઉજવણી બધા ઓટીઝમ ધરાવતા લોકોના ગૌરવ, અધિકારો અને સહજ મૂલ્યને પ્રકાશિત કરે છે અને સમાજને અર્થપૂર્ણ સમાવેશ, સશક્તિકરણ અને આદર તરફ જાગૃતિથી આગળ વધવા માટે



હાકલ કરે છે. ઘણીવાર ઓટીઝમ સ્પેકટ્રમ ડિસઓર્ડર (ASD) એ વ્યક્તિ કેવી રીતે વાતચીત કરે છે, બહારની માહિતીને સમજે છે અને તેની આસપાસની દુનિયા સાથે કેવી રીતે ક્રિયાપ્રતિક્રિયા કરે છે તેનાથી સંબંધિત છે.આપણે 'સ્પેકટ્રમ' શબ્દનો ઉપયોગ કરીએ છીએ કારણ કે આ ડિસઓર્ડર રેખીય સ્કેલ પર આવતો નથી. તે દરેક માટે અલગ છે કારણ કે લોકો તેમના જીવનના અનુભવના આધારે વિચારવાની, અનુભૂતિ કરવાની અને જીવનનો અનુભવ કરવાની એક અલગ પદ્ધતિ અનુસરે છે. ઘણા કિસ્સાઓ દર્શાવે છે કે કેટલીક વ્યક્તિઓને બોલવામાં અથવા વાતચીત કરવાની સમસ્યાઓ હોઈ શકે છે, પરંતુ તેઓ જટિલ ક્ષેત્રોમાં અપવાદરૂપે સારી રીતે કાર્ય કરે છે. ભારતમાં ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર અંગે ૨૦૨૬ ના તાજેતરના




આંકડા અને સ્થિતિ જોઈએ તો ઓટીઝમનો વ્યાપ સતત વધી રહ્યો છે. બાળકોમાં તેનું પ્રમાણ દર ૬૮ માંથી ૧ બાળક ઓટીઝમથી પીડિત હોવાનું અનુમાન છે. કેટલાક વ્યાપક અભ્યાસો મુજબ, ૧૦ વર્ષથી ઓછી ઉંમરના દર ૧૦૦ બાળકોએ ૧ બાળકમાં આ સ્થિતિ જોવા મળે છે. હાલમાં આશરે ૧.૮ થી ૨ કરોડ લોકો ઓટીઝમ સ્પેક્ટ્રમ પર હોવાનું મનાય છે. છોકરીઓની સરખામણીમાં છોકરાઓમાં ઓટીઝમનું પ્રમાણ ૩ થી ૪ ગણું વધુ જોવા મળે છે. દુનિયામાં લગભગ બે ટકા કરતા વધારે લોકો ઓટીઝમ રોગથી પીડિત છે.

ભારતમાં ભૌગોલિક સ્થિતિ અને જાગૃતિના આધારે આંકડાઓમાં તફાવત જોવા મળે છે. ગ્રામીણ વિ. શહેરી: શહેરી વિસ્તારોમાં નિદાનની સુવિધા વધુ હોવાથી નોંધાયેલા કેસો વધુ છે, પરંતુ હરિયાણા જેવા ગ્રામીણ વિસ્તારોમાં પણ દર ૧૦૦ એ ૧.૮% જેટલું ઊંચું પ્રમાણ જોવા મળ્યું છે.

છેલ્લા ૨૦ વર્ષોમાં ભારતમાં ઓટીઝમના નિદાનમાં ૪૦૦% થી વધુનો વધારો થયો છે, જેનું મુખ્ય કારણ વધતી જતી જાગૃતિ અને સારી સ્ક્રીનિંગ પદ્ધતિઓ છે.ભારતભરમાં 'ઈન્ડિયા ઓટીઝમ સેન્ટર' જેવી સંસ્થાઓ દ્વારા જિનેટિક્સ અને ન્યુરોસાયન્સ પર સંશોધનો તેજ કરવામાં આવ્યા છે, જેથી વહેલું નિદાન શક્ય બને છે. ઓટીઝમ એક ન્યુરોલોજીકલ સ્થિતિ છે, જેમાં વ્યક્તિના વર્તન, સંવાદ અને સામાજિક સંબંધોમાં તફાવત જોવા મળે છે. આ દિવસનું મુખ્ય ઉદ્દેશ્ય ઓટીઝમ ધરાવતા લોકો માટે સમાન તકો, શિક્ષણ અને સમર્થન સુનિશ્ચિત કરવાનું છે. સમાજે તેમની પ્રતિભા અને ક્ષમતાઓને ઓળખવી અને તેમને સ્વીકારવું ખૂબ જ જરૂરી છે. ''Light It Up Blue'' જેવી વૈશ્વિક પહેલો દ્વારા લોકો ઓટીઝમ અંગે જાગૃતિ ફેલાવે છે. વૈશ્વિક સ્તરે, ૧૨૭ માંથી ૧ વ્યક્તિને ઓટીઝમ હોવાનું નિદાન થાય છે, જે જીવનભરની ન્યુરોડેવલપમેન્ટલ સ્થિતિ છે, જે સામાજિક ક્રિયાપ્રતિક્રિયા, સંદેશાવ્યવહાર અને વર્તનને અસર કરે છે. ઓટીઝમ વૈશ્વિક સ્તરે સ્વાસ્થ્ય નુકશાનમાં ફાળો આપતી ટોચની ૧૦ મગજ સ્વાસ્થ્ય સ્થિતિઓમાંની તે એક છે.આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર હોવા છતાં, ઓટીસ્ટીક લોકો હજુ પણ કલંક, ભેદભાવ અને ભાગીદારીમાં અવરોધોનો સામનો કરે છે. સમયસર, ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ અને સહાયક સેવાઓની પહોંચ મર્યાદિત રહે છે, જે જીવનભર અસમાનતાઓનું કારણ બને છે. આ પડકારોનો સામનો કરવા માટે સતત પગલાં લેવાની અને સમાવિષ્ટ નીતિઓ અને સેવાઓમાં વધુ રોકાણની જરૂર છે, જે ઓટીસ્ટીક લોકોના અધિકારોને સમર્થન આપે છે. પ્રત્યેક બાળકોમાં આ બીમારીના લક્ષણ અલગ અલગ જોવા મળે છે. જન્મ સમયે બાળકમાં આ બીમારી છે કે નહીં તેની જાણકારી મેળવવી મુશ્કેલ છે. જયાં સુધી બાળક બે થી ત્રણ વર્ષનું નથી થતું ત્યાં સુધી માતા-પિતા બાળકોમાં એટિઝમના લક્ષણોને ઓળખી નથી શકતા. અન્ય લક્ષણોમાં કેટલાક લક્ષણો એવા છે કે બાળક અન્ય સુધી પોતાની ભાવનાઓ નથી પહોચાડી શકતું અને તેના સંકેતોને સમજી નથી શકતું. કેટલાક બાળકો એક જ પ્રકારનો વ્યવહાર વારંવાર કરવાના કારણે થોડાક બદલાવોથી જ હાઈપર થઈ જાય છે. બાળકને સ્પર્શ કરવાથી તે અસામાન્ય વર્તન કરે છે. બાળક કોઈનો અવાજ સાંભળીને સ્મિત નથી આપતા તથા તેનો ઈશારો સમજી નથી શકતા. બાળક આંખથી આંખ મેળવી નથી શકતા, તથા અન્યોમાં બહુ જ ઓછી રૂચિ ધરાવે છે. તેના વિચારો બહુ વિકસિત નથી થતા તેથી બાળકની રચનાત્મકતાથી ઘણાં દૂર જ હોય છે. બાળક બોલવાની જગ્યાએ અજીબ પ્રકારના અવાજ કાઢે છે.બાળક પોતાની દુનિયામાં જ ખોવાયેલું રહે છે. આ બીમારીના વાસ્તવિક કારણો વિશે હાલમાં કોઈ જાણકારી નથી પણ પર્યાવરણ અથવા જેનેટિક પ્રભાવ આનું કારણ હોય શકે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### ઓટિઝમથી બચવાના ઉપાયો

ઓટિઝમથી બાળકને બચાવવા માટે પ્રેગનન્સી દરમિયાન મહિલાને મેડીકલ ચેકઅપ અને દવાઓ લેવી એ આવશ્યક છે. જેનાથી મા અને બાળકના શરીરને તપાસવામાં મદદ મળે છે. બાળકના જન્મના છ માસથી એક વર્ષની અંદર જ આ બીમારીની જાણકારી મેળવી શકાય છે કે બાળક સામાન્ય વ્યવહાર કરે છે કે નહીં તેના માટે માતા-પિતાએ જ બાળકની ચકાસણી કરવી જોઈએ, ખાસ માતાએ આ માટે આગળ આવવુ પડશે, જેમ કે બાળક છ મહિનાનું થાય ત્યારે કિલ્લોલ કરે છે કે નહીં? ખુબ હસે છે કે નહીં, વાત પર પ્રતિક્રિયા આપે છે કે નહીં? આ અંગેની ચકાસણી બાદ કંઈક અલગ અને ઉલટુ નજર આવે તો તુરંત મનોચિકિત્સક નો સંપર્ક કરવો જોઈએ.


**ઓટીઝમને ધિક્કાર નહીં, પણ હૂંફ અને પ્રોત્સાહન આપીએ: આ એક ન્યુરોલોજીકલ વિકાસલક્ષી વિકાર છે, જે મગજના વિકાસને અસર કરે છે, જેનાથી સામાજિક ક્રિયાપ્રતિક્રિયા, વાતચીત અને વર્તનમાં મુશ્કેલીઓ થાય છે**

# હનુમાનજી એટલે આસ્થા-આરાધનાનું અડિખમ કેન્દ્ર: પૂ.મોરારિબાપુ

હનુમાન શું છે? આપણાં શાસ્ત્રોમાં અર્થોની પરંપરા અક્ષરાર્થથી શરૂ છે; પછી શબ્દાર્થ થાય છે; પછી વાક્યાર્થ થાય છે; પછી પ્રકરણાર્થ થાય છે. આખા પ્રકરણનો સાર બતાવવામાં આવે છે; પછી ગ્રંથાર્થ થાય છે. આખા ગ્રંથનો નાના એવા સૂત્રમાં સાર આપે છે એ ગ્રંથાર્થ અને વચ્ચે વચ્ચે તત્વાર્થ, ભાવાર્થ, અન્યાર્થ, અન્યન્યાર્થ, કેટલા બધા સંદર્ભો આવે છે! કોઈ પણ વસ્તુને જ્યારે આપણે પકડી ન શકીએ,આપણને લાગે કે એ આપણી ઓકત બહાર છે, ત્યારે હનુમાનને સમજવા. તો શબ્દાર્થ કરી લો, ભાવાર્થ કરી લો, તત્વાર્થ કરી લો અને અક્ષરાર્થ કરી લો. હનુમાનના પહેલાં અક્ષર નહથનો અર્થ હકારાત્મક વિચાર. આપણા જીવનમાં પોઝિટિવ વિચાર આવે. અને પછી હનુમાનનું ચરિત્ર જુઓ. એ માણસ એના સમગ્ર જીવનમાં હકારાત્મક છે. હનુમાનને સમજવા હોય તો નહથને સમજો.

રામે જે કહ્યું એની હા. યુવાન ભાઈ-બહેનો, જેમના પ્રત્યે મારી મમતા છે એવા પ્યારા શ્રોતાઓ, કથા સાંભળ્યા પછી હકારાત્મક વિચાર નિર્મિત કરો, હનુમાન મુઠ્ઠીમાં આવવા લાગશે. સૌની આરાધનાનું કેન્દ્ર બને એ હનુમાન.

બીજો અક્ષર નનુથ, આપણી બુદ્ધિમાં પ્રશ્ન ઊઠશે કે દરેક બાબતમાં હા કહેવી? બુદ્ધિ તર્ક કરશે. તો,હનુમાનજીનો બીજો અક્ષર નનુથ આપણને શીખવે છે કે,જે વસ્તુ નુકશાનકર્તા હોય એમાં હા ન કહેવી. આપણે સંસારી જીવ છીએ, નુકશાનકર્તા ચીજમાં મા-બાપ, મિત્ર, ગુરુજન,વડીલ, હા ન કહે. શંકરે શું કહ્યું સતીને? માતા-પિતાના ઘેર જવામાં આમંત્રણની જરૂર નથી, આપ જવા માગો છો તો હું હા કહીશ, પરંતુ એ નુકશાનકર્તા છે. અને શંકર કોણ છે? હનુમાન. હકારાત્મક દષ્ટિ નુકશાન કરે તો એમાં પણ હા ન કહેવી.



ત્રીજો અક્ષર નમાથ. નમાથનો અર્થ છે કે,સૌને માન આપો. હનુમાનજી નાનામાં નાના વાનરને ઈજ્જત દેતા હતા. ક્યાં હનુમાન અને ક્યાં નાનો વાનર! સૌને માન આપો. લોકોને માન આપવાથી આપણું બગડે છે શું? સૌને આદર આપો. સૌ પ્રત્યે ભાવ રાખો. સૌ પરમાત્માનાં મંદિર છે. સૌમાં હરિ બેઠા છે. કોઈને ધક્કો દેતા પહેલાં વિચારો. તો, સ્નમાથનો અર્થ છે

**:: સંકલન ::**
**જયદેવ માંકડ**

માનદ. અને હનુમાનનો નનથ. નનથ એટલે નમ્રતા. હકારાત્મક વિચાર; નુકશાનકારક હોય એમાં હા ન કહેવી; સૌને માન આપવું અને એનો ક્યાંય અહંકાર ન આવી જાય એટલે છેલ્લો અક્ષરાર્થ છે નમ્રતા. હનુમાન સૌની પાછળ રહ્યા. આપણે આ ચાર સૂત્ર સમજવાની જીવનમાં કોશિશ કરીએ, પ્રમાણિક પ્રયાસ કરીએ તો હનુમંતતત્વ સમજમાં આવી શકે છે.

હનુમાનજીની આરાધના કરવામાં કોઈ વિધિવિધાનની જરૂર નથી. સપ્તાહમાં એક વાર હનુમાનને તેલ ચડાવવામાં આવે છે. તેલનો અર્થ છે સ્નેહ. હનુમાનજીને તેલ ચડાવવાનો મતલબ આપણો સ્નેહ ચડાવવો. બીજું, સૂત્ર કે ધાગા ચડાવીએ છીએ. સુતરનો અર્થ છે યોગસૂત્ર, ભક્તિસૂત્ર, સાંખ્યસૂત્ર, ન્યાયસૂત્ર, એમાંથી કોઈ એકાદ સૂત્ર હનુમાનજીના ચરણોમાં રાખવું. ગુરુએ આપેલું કોઈ સૂત્ર રાખી દો. બહુ સસ્તી પૂજા છે હનુમાનજીની. તો,મહાવીરનો અર્થ છે, જે બધાં લોકોની આરાધનાનું કેન્દ્ર હોય, એ હનુમાન છે. જેમની સાધના કરવાથી સિદ્ધિ મળે,શુદ્ધિ મળે. જરૂરી છે શુદ્ધિ. જેવી રીતે અષ્ટસિદ્ધિ છે, એનું મારી વ્યાસપીઠે અષ્ટશુદ્ધિમાં પરિવર્તન કર્યું છે. હનુમાન જેવું પવિત્ર કોણ છે? કોણ મહાવીર? કોણ હનુમાન? જે આપણી બધી કામનાઓ પૂર્ણ કરે. આ સૂત્ર અનુસાર સદ્ગુરુ બે કામ કરે છે. કાં તો એ આશ્રિતની બધી કામનાઓ પૂરી કરી દે છે, કાં બધી કામનાઓ નષ્ટ કરી દે છે. આપણી કામનાઓ પૂરી થાય કે આપણી કામનાઓ નષ્ટ પામે એની પસંદગી આપણે કરવાની છે.સૌની આરાધનાનું કેન્દ્ર બને એ હનુમાન. એ એવા દેવ છે,જે બલિદાન નથી માગતા. આટલાં વર્ષો પહેલાં તુલસીનું એ ક્રાંતિકારી સૂત્ર છે કે, બલિપૂજા બંધ થવી જોઈએ. સત્સંગથી સંજોગ બદલી જાય છે. લાખ મહેનત કરતાં કરતાં જે ઈચ્છો તે નથી મળતું. પરંતુ સત્સંગથી દિવસ બદલી જાય છે, ગહન કાળી રાતમાં સૂરજ નીકળે છે.

મારા હનુમાન બલિપૂજા માગતા નથી. હનુમાન બે પ્રકારના બલિ માંગે છે, અહંકારનો અને મમતાનો. પશુને શું કામ કાપીએ? મારા પ્રિય પદોમાંનું એક પદ છે.

**હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે,**
**જેની સુરતા શામળિયાની સાથ વદે વેદ વાણી રે.**

હરિ ભજે એની લાજ નથી જતી,પરંતુ શરત એટલી કે સુરતા લાગી હોવી જોઈએ. તો, હનુમંતતત્વ એ છે,જે બલિપૂજા નથી ઈચ્છતું. તો શું ઈચ્છે છે? તારો થોડોક પ્યાર,તારી પ્રેમભરી નજર. તુલસીએ આપણા જેવા લોકો માટે સાધના સરળ કરી દીધી છે, જેની પ્રત્યેક પદ્ધતિ પવિત્ર છે. બધી ચેષ્ટાઓ શુભ છે.

# અમદાવાદમાં પાખંડી ભુવાનો પર્દાફાશ કરતું વિજ્ઞાન જાથા

**અબતક, રાજકોટ**

નિકોલ વિસ્તારના અશ્વમેઘ સોસાયટીમાં ઘરમાં માતાજીનો મઢ બનાવી ભુવો રાજુભાઈ પ્રજાપતિ ઉર્ફે રાજુભાઈ છગનભાઈ જોટાણીયાના છેલ્લા 30 વર્ષના ધતિંગ, દોરા-ધાગા, સંતાન પ્રાપ્તિ, દુ:ખ-દર્દ મટાડવાના દાવાનો ભાંડાફોડ ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે નિકોલ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૮૧ મો સફળ પર્દાફાશ કર્યો હતો. વિધિ-વિધાન, માંડવાના નામે એક લાખ રૂપિયાની ફી વસૂલતો હતો. રૂમમાં પીડિતોને બોલાવી તાંત્રિક વિધિ કરતો હતો. અમદાવાદમાં જયોતિષ, દોરા-ધાગા, દાણા જોઈ ઉપચાર કરતા ધતિંગબાજોથી છેતરાયેલા લોકો આધાર-પુરાવા સાથે માહિતી આપવા જાથાએ અપીલ કરી હતી.

પર્દાફાશમાં અમદાવાદ પોલીસ કમિશ્નર, ઝોન-૫ ના ડે.પો. કમિશ્નર, આસિ. પો. કમિ. કૃણાલ દેસાઈ, પો. ઈન્સ. વી. એસ. વાઘેલા, મહિલા પોલીસ કર્મીઓ, પોલીસ સ્ટાફ, બંદોબસ્ત ફાળવતા પોલીસ અશોકભાઈ સહિતનો જાથાએ આભાર માન્યો હતો.

રાજ્યમાં દોરા-ધાગા, મંત્ર-તંત્ર, રોગ મટાડવા, દાણા જોઈ ઉપચાર કરતા ધતિંગબાજોની માહિતી આધાર-પુરાવા, વિડીયોગ્રાફી સાથે ભોગ બનનારા આગળ આવે તેવી અપીલ કરવામાં આવી હતી. જાથા ખરાઈ કર્યા બાદ પર્દાફાશના નિયમોની જાણકારી આપી કાર્યવાહી કરે છે તે માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવો.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૨-૦૪-૨૦૨૬ ગુરુવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ડેની જીગર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર અફઘાની)+(પનીર બેગમ બહાર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૩-૦૪-૨૦૨૬ શુક્રવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૩-૪ -૨૦૨૬ શુક્રવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર વદ એકમ
**નક્ષત્ર** ચિત્રા
**યોગ** વ્યાઘાત **કરણ:** તેતિલ
**સુર્યોદય** ૬.૩૯ **સુર્યાસ્ત:** ૭.૦૨
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૧૦.૩૦ થી ૧૨
**દિવસનાચોઘડીયા** ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ
**રાત્રીનાચોઘડીયા** રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૨૭ થી ૧.૧૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૧ | ૮ | ૫ | | | | | |
| | ૯ | | | | | | | |
| | | | ૩ | ૨ | ૬ | | | |
| | | ૨ | | | ૫ | ૩ | | |
| ૫ | | | | | ૪ | | | ૭ |
| | | | | | | ૨ | ૧ | |
| ૭ | | | | | ૯ | | ૪ | |
| | ૩ | | | ૮ | | | | |
| | | ૯ | | | ૨ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૫ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૯ | ૮ | ૬ | ૩ | ૭ | ૨ | ૧ | ૫ |
| ૨ | ૧ | ૫ | ૮ | ૯ | ૪ | ૭ | ૬ | ૩ |
| ૩ | ૬ | ૭ | ૨ | ૧ | ૫ | ૮ | ૯ | ૪ |
| ૬ | ૮ | ૧ | ૩ | ૫ | ૯ | ૪ | ૭ | ૨ |
| ૫ | ૨ | ૪ | ૭ | ૮ | ૧ | ૬ | ૩ | ૯ |
| ૭ | ૩ | ૯ | ૪ | ૨ | ૬ | ૫ | ૮ | ૧ |
| ૯ | ૫ | ૨ | ૧ | ૭ | ૮ | ૩ | ૪ | ૬ |
| ૧ | ૭ | ૬ | ૫ | ૪ | ૩ | ૯ | ૨ | ૮ |
| ૮ | ૪ | ૩ | ૯ | ૬ | ૨ | ૧ | ૫ | ૭ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૩.૪.૨૦૨૬ શુક્રવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર વદ એકમ, ચિત્રા નક્ષત્ર વ્યાઘાત યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ તુલા (ર,ત) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** તમારા મનમાં રહેલી કોઈ ઈચ્છા પૂરી થાય, જાહેરજીવનમાં સારું રહે, એક સાથે ઘણા લોકોને મળવાનું થાય.
**વૃષભ (બ,વ,ઉ) :** કામકાજમાં વ્યસ્તતા રહે, મનમાં થોડી અશાંતિ જોવા મળે, બેચેની જેવું લાગ્યા કરે, મધ્યમ દિવસ.
**મિથુન (ક,છ,ઘ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
**કર્ક (ડ,હ) :** તમામ ભૌતિક સુખ સગવડ મળે, દિવસ આરામદાયક રહે, સ્ત્રીવર્ગને સારું રહે, વેપારીવર્ગને મધ્યમ.
**સિંહ (મ,ટ) :** રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, નવા કાર્યમાં આગળ વધી શકો, ગણતરીપૂર્વકના સાહસમાં લાભ થાય.
**કન્યા (પ,ઠ,ણ) :** તમારા સૌમ્ય વાણી વર્તનથી લાભ થાય, લોકો તમારી સલાહ માને અને આદર આપે, આગળ વધી શકો.
**તુલા (ર,ત) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, કલા સંસ્કૃતિમાં રસ લઈ શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
**વૃશ્ચિક (ન,ય) :** ખર્ચ પર અંકુશ રાખવો, બિનજરૂરી નાણાંનો વ્યય ના કરવા સલાહ છે, પૈસાનું આયોજન કરવું જરૂરી છે.
**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, અન્યની મદદ થી કાર્ય પૂર્ણ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**મકર (ખ,જ) :** કામકાજમાં સફળતા મળે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.
**કુંભ (ગ,સ,શ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, પ્રગતિ થાય.
**મીન (દ,ચ,ઝ,થ) :** માનસિક ટેન્શન રહ્યા કરે, કામમાં રુકાવટ આવતી જોવા મળે, અણધાર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં સમય વીતે.

## શું તમારી ઊંઘ અચાનક કોઈ ચોક્કસ સમયે તૂટે છે??

ઘણીવાર રાત્રે તમારી ઊંઘ અચાનક કોઈ ચોક્કસ સમયે તૂટે છે વારંવાર એવું બને તે સામાન્ય નથી તે કોઈ સંદેશ આપે છે એ સમજવો જોઈએ. દરેક કલાક પાછળ એક દિવ્ય સંકેત છુપાયેલો હોય છે. જો રાત્રે ૧૧ થી ૧૨ વચ્ચે ઊંઘ તૂટે તો દિવસના અધૂરા વિચારો અને મનની ઉથલપાથલ દર્શાવે છે, જેમાં વિશેષ કોઈ સંકેત નથી હા પ્રશ્નને ઝડપ થી સોલ્વ કરવાનું સૂચન કરે છે જ્યારે ૧૨ થી ૧ દરમિયાન જાગો તો યમરાજ કર્મફળ અને જીવનમાં બદલાવની સૂચના આપે છે એક પરિવર્તન આવી રહ્યું છે તેમ કહી શકાય. ૧ થી ૩ વચ્ચે આંખ ખુલે તો એ શિવઉર્જા નો સમય છે-આંતરિક જાગૃતિ અને ધ્યાન માટે સૌથી શક્તિશાળી ક્ષણ ગણી શકાય અને શિવ પ્રત્યે વિશેષ અહોભાવથી શુભ સંકેત ગણાય. ૩ થી ૪ દરમિયાન જાગો તો બ્રહ્મા ની જ્ઞાનશક્તિ તમારી ચેતનાને સ્પર્શી રહી છે, અને ૪ થી ૬ વચ્ચે ઊંઘ ખુલે તો બ્રહ્મઉહુર્ટની શુભ ઉર્જા તમારી પ્રતીક્ષા કરે છે તેમ કહી શકાય લક્ષ્મી, સરસ્વતી અને દુર્ગા ની કૃપા તમારા જીવનમાં પ્રવેશી રહી છે. સમય ક્યારેય ખોટું બોલતો નથ, તમે ક્યારે જાગો છો એ જ તમારા ભાગ્ય અને ચેતનાનો સંકેત છે. ખુબ મોડેથી ઊંઘ ઊડતી હોય તો સમજવાનું કે ભાગ્ય ચમકવા હજુ વધુ દોડવાનું છે.!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# મુખ્યમંત્રીના હોંકારાથી હાઉસિંગ બોર્ડના હજારો લોકો પરથી ઘરવિહોણા થવાનું સંકટ ટળ્યું

## ફેડરેશન ઓફ હાઉસિંગ બોર્ડ દ્વારા મુખ્યમંત્રીનું સન્માન કરાયુંઃ સંવેદનશીલ મુખ્યમંત્રીએ આવાસધારકોની ચિંતા દૂર કરી





**અબતક, રાજકોટ**

રાજકોટના કોઠારિયા માર્ગ પર આવેલા આનંદનગર અને દૂધસાગર માર્ગ પરના આવાસ નિગમના મકાનોમાં વસતા હજારો પરિવારો પર તાજેતરમાંગંભીર સંકટ ઘેરાયું હતું. મહાનગરપાલિકાના માત્ર એક કાગળિયાએ તેમની રાતોની ઊંઘ હરામ કરી દીધી હતી. પરંતુ, રાજ્યના અત્યંત સંવેદનશીલ અને પ્રજાલક્ષી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સત્તાના સિંહાસન પર બેસીને નહીં, પરંતુ એક સાચા વાલીની સકારાત્મક ભૂમિકા ભજવીને આ નબળા વર્ગના પરિવારોના માથે પોતાના આશીર્વાદનો હાથ મૂક્યો છે. ’દાદા’ના માત્ર એક હોંકારાએ હજારો પરિવારોને ઘરવિહોણા થતાં બચાવીને એક પ્રેરણાદાયક દાખલો બેસાડ્યો છે.

વર્ષ ૧૯૯૬માં બંધાયેલા આ ત્રણ માળિયા મકાનો વર્ષોથી અનેક ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોનો એકમાત્ર આશરો રહ્યા છે. આ મકાનો જૂના જરૂર છે, પરંતુ સ્થાનિક રહેવાસીઓએ તેની જાળવણી એવી ચીવટથી કરી છે કે તે સંપૂર્ણપણે રહેવાલાયક સ્થિતિમાં છે. તેમ છતાં, વર્ષ ૨૦૨૪ના ચોમાસામાં રાજકોટ મહાનગરપાલિકાના તંત્રએ અણધારી રીતે આ મકાનોને જર્જરિત જાહેર કરીને તાત્કાલિક ખાલી કરવાનો આદેશ આપી દીધો.

પોતાના અસ્તિત્વ પર તોળાઈ રહેલા આ કપરા કાળમાં આ ગંભીર પ્રશ્ન સીધો જ મુખ્યમંત્રી સુધી પહોંચ્યો હતો . તેમણે ત્વરિત પગલાં લેતા ગુજરાત આવાસ નિગમના અધિકારીને તલસ્પર્શી તપાસ કરવાનો કડક આદેશ આપ્યો હતો.અત્યંત ઝીણવટભરી તકનીકી અને માળખાકીય ચકાસણીના અંતે અહેવાલ આવ્યો કે મકાનો સંપૂર્ણપણે સુરક્ષિત છે અને તેમાં રહેવામાં કોઈ જ જોખમ નથી.

પોતાના હકના અને વ્હાલા ઘર બચવા પર આનંદવિભોર થયેલા આવાસધારકોએ અટલબિહારી વાજપેયી સભાગૃહમાં ’દાદાનો હેતનો હોંકારો’ નામનો એક ભવ્ય અને લાગણીસભર સન્માન સમારોહ યોજ્યો હતો. આવાસ નિગમ મંડળ મહાસંઘ દ્વારા આયોજિત આ વિશેષ કાર્યક્રમમાં આવાસધારકોએ મુખ્યમંત્રીનું સાફો, શાલ, સન્માનપત્ર અને પુષ્પહારથી અદકેરું બહુમાન કર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જનતાની સેવા કરવી એ કોઈ ઉપકાર નથી, પરંતુ એ જ મારી સાચી અને પવિત્ર ફરજ છે. સરકારે મુશ્કેલીના દરેક કપરા સમયમાં સામાન્ય માણસની પડખે ઊભા રહેવાનો મંત્ર અપનાવ્યો છે.

આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન કરતા અગ્રણી રાજુભાઈ ધ્રુવે જણાવ્યું હતું કે અનેક પરિવારોના હિતને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ લીધેલા તાત્કાલિક અને સકારાત્મક નિર્ણયને કારણે જ આજે હજારો પરિવારો પોતાના આવાસમાં શાંતિ અને સલામતીનો અનુભવ કરી રહ્યા છે.

કાર્યક્રમના પ્રારંભે હાઉસિંગ બોર્ડ ક્વાર્ટર ફેડરેશન મહાસંઘના પ્રમુખ અશોકભાઈ ગઢવીએ સૌને શાબ્દિક આવકાર આપ્યો હતો, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન યોગેશભાઈ ચોલેરાએ સંભાળ્યું હતું. આ ઐતિહાસિક અને હર્ષોલ્લાસભરી

(અનુ. આઠમા પાને)

### કર્મચારી સશક્તિકરણ, સામાજીક જવાબદારીની મિશાલ બન્યાં

# ખેતી બેંક દ્વારા ૨૦૨ કર્મચારીઓને કાયમી નોકરીના અપાયા ‘ઓર્ડર’

## ખેતી બેંક માત્ર એક કાર્યસ્થળ નહીં પરંતુ એક પરિવાર છેઃ ડોલરભાઈ કોટેચા



**અબતક, રાજકોટ**

ખેતી બેંક દ્વારા કર્મચારી સશકિતકરણ, સામાજિક જવાબદારી અને પ્રેરણાને કેન્દ્રમાં રાખીને વિવિધ પ્રભાવશાળી કાર્યક્રમોની શ્રેણીમાં ઐતિહાસિક અને પ્રેરણાદાયી પ્રસંગને ઉજવવામાં આવ્યો હતો.

અમદાવાદના લાયન્સ ક્લબ ખાતે કાયમી રોજગારના ઓર્ડર વિતરણ સાથે ભવ્ય તાલીમ અને પ્રેરણાત્મક કાર્યક્રમમાં ૨૦૨ કર્મચારીઓને કાયમી નોકરીના ઓર્ડર આપવામાં આવ્યા હતા. જે તેમના સમર્પણની કદર સાથે બેંકના ભવિષ્યના મજબૂત માનવસંસાધન નિર્માણ તરફ મહત્વપૂર્ણ પગલું છે. કાર્યક્રમમાં પ્રેરણાત્મક અને તાલીમ આધારિત સત્ર કર્મચારીઓની કામગીરી, નૈતિકતા, ટીમવર્ક અને શ્રેષ્ઠ સેવા ભાવના વિકસે તે માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સાથે સાથે ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ ખાતે આયોજિત પ્રતિષ્ઠિત કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં મૃત લોનધારકોના પરિવારજનોને રૂ.૧૧ લાખ અને રૂ.૫ લાખના સહાય ચેકો અર્પણ કરવામાં આવ્યા હતા. ૫ દિવ્યાંગ કર્મચારીઓને કાયમી રોજગારના ઓર્ડર આપવામાં આવ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમ ખેતી બેંકના અદયક્ષ ડોલરભાઈ કોટેચાના દૂરંદેશી નેતૃત્વ તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.

આ પ્રસંગે ડોલરભાઈ કોટેચાએ જણાવ્યું હતું કે ખેતી બેંક માત્ર એક કાર્યસ્થળ નથી, પરંતુ એક પરિવાર છે - જ્યાં વિકાસ, સહકાર અને મૂલ્યો સાથે આગળ વધે છે. આ નોંધપાત્ર પહેલ ખેતી બેંકના વિશ્વાસ, અખંડિતતા, સશક્તિકરણ અને સામાજિક પ્રતિબદ્ધતા જેવા મૂળ મૂલ્યોને ઉજાગર કરે છે અને સહકારી બેંકિંગ ક્ષેત્રમાં નવા ધોરણો સ્થાપિત કરે છે.

# આરટીઈ હેઠળ ધો.૧માં પ્રવેશ માટે ઓનલાઈન અરજીનો કાર્યક્રમ જાહેર

## ધારાસભ્ય રમેશ ટીલાળાના કાર્યાલય ખાતે આરટીઈના ફોર્મ નિઃશુલ્ક ભરી અપાશે



**અબતક, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે ’રાઈટ ટુ એજ્યુકેશન’ (આરટીઈ) હેઠળ ધોરણ-૧ માં પ્રવેશ મેળવવા માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયા આગામી ૪ એપ્રિલ ૨૦૨૬ થી શરૂ થઈ રહી છે, જે ૧૭ એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલશે. આ યોજના અંતર્ગત આર્થિક રીતે નબળા અને વંચિત વર્ગના બાળકોને ખાનગી શાળાઓમાં નિઃશુલ્ક અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવાની ઉત્તમ તક મળે છે. આ માટે બાળકની ઉંમર ૧ જૂન ૨૦૨૬ના રોજ ૬ વર્ષ પૂર્ણ હોવી અનિવાર્ય છે, એટલે કે બાળકનો જન્મ ૨ જૂન ૨૦૧૯ થી ૧ જૂન ૨૦૨૦ ની વચ્ચે થયેલો હોવો જોઈએ.

રાજકોટ દક્ષિણના ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ વાલીઓને આ પ્રક્રિયામાં મદદરૂપ થવા માટે તેમના કાર્યાલય ખાતે વિશેષ વ્યવસ્થા કરી છે. તારીખ ૪ થી ૧૭ એપ્રિલ દરમિયાન, દરરોજ સવારે ૧૦૦૦ થી બપોરે ૧૨૩૦ વાગ્યા સુધી ભક્તિનગર સર્કલ પાસે આવેલા તેમના કાર્યાલય પર નિઃશુલ્ક ઓનલાઈન ફોર્મ ભરી આપવામાં આવશે. વાલીઓએ ફોર્મ ભરવા માટે રહેઠાણનો પુરાવો, બાળક અને વાલીનું આધાર કાર્ડ, જન્મનો દાખલો, આવકનું પ્રમાણપત્ર (ગામડા માટે રૂ.૨૦ લાખ અને શહેર માટે રૂ.૫૦ લાખની મર્યાદા), જાતિનો દાખલો અને બેંક પાસબુક જેવો જરૂરી દસ્તાવેજો સાથે રાખવા વિનંતી કરવામાં આવી છે.

# ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા છાશ વિતરણ કેન્દ્રનો શુભારંભ



## અરવિંદભાઈ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટના મુખ્ય સહયોગથી સેવા કાર્ય

**અબતક, રાજકોટ**

ફ્રીડમ યુવા ગ્રુપ દ્વારા છેલ્લા ૧૫ ગરમીમાં નબળા વિસ્તારોમાં રહેતા અને ટાંચી સગવડ ધરાવતા પરિવારોનો કોઠો ઠરેએ માટે દૈનીક ૩૫૦ થી ૪૦૦ લીટર ઠંડી છાશનુ વિતરણ કરવામાં આવશે. આ અનોખા સેવાયજ્ઞ ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ દ્વારા સતત ૧૫ માં વર્ષે શ્રી અરવિંદભાઈ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ ના મુખ્ય સહયોગ અને અન્ય નામી અનામી દાતાશ્રીઓ ના આર્થિક સહયોગ થી છાશ વિતરણ કેન્દ્ર નો શુભારંભ થયો,

આ પ્રસંગે અરવિંદભાઈ મણિયાર જનકલ્યાણ ટ્રસ્ટ ના જયંતભાઈ ધોળકિયા, જાહનવિબેન લાખાણી, નિલેશભાઈ શાહ, જાહેરજીવન અને સામાજીક જીવનના અગ્રણી અરૂણકાંતભાઈ ચોકસી, મયુરભાઈ શાહ, અનિલભાઈ લીંબડ, યોગેશભાઈ વાળા,જયેન્દ્રભાઈ મહેતા, સહિતના મહાનુભાવો સવિશેષ ઉપસ્થિત રહી આ સેવાકાર્ય ને બિરદાવેલ હતું, છાશ વિતરણ નો દૈનીક ખર્ચ રુ.૨૫૦૦.આવે છે. ફ્રીડમ યુવા ગ્રુપ રાજકોટ ના ઉનાળુ છાશ વિતરણ કેન્દ્ર ના શુભારંભ પ્રસંગ ને સફળ બનાવવા સંસ્થાપક ભાગ્યેશ વોરા, પ્રવીણ ચાવડા, નીતિન ઝરીયા, કિરીટ ગોહેલ, જે.પી. ફૂલારા, નિમેષ કેસરિયા, રાજુભાઈ માસ્તર સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી. આ પૂણ્ય પ્રવૃતિ માં આપનું યથાયોગદાન આવકાર્ય છે, જે માટે ઈચ્છુક દાતાઓએ પ્રમુખ પ્રવીણ ચાવડાનો ( મો.૯૭૨૩૦૩૩૨૫૦) સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ડી.એચ.કોલેજના રાજયશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓએ ભીની આંખે લીધી ‘વિદાય’



## ધર્મેન્દ્રસિંહ આર્ટસ કોલેજના રાજય શાસ્ત્ર વિભાગના અંતિમ વર્ષનાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો

**અબતક, રાજકોટ**

શહેરની ઐતિહાસિક અને પ્રતિષ્ઠિત સરકારી સંસ્થા ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કોલેજ (ડી.એચ. કોલેજ) ખાતે રાજ્યશાસ્ત્ર વિભાગના પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ ના વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ ના અંતિમ વર્ષ ના વિદ્યાર્થીઓ માટે એક ભવ્ય અને સ્મરણીય વિદાય સમારંભ ‘સ્નેહ સંમેલન’ નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય અને સરસ્વતી વંદના દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના આચાર્ય તથા રાજ્યશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને અન્ય પ્રાધ્યાપકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યએ પોતાના ઉદ્બોધનમાં વિદ્યાર્થીઓને જીવનના નવા સોપાન સર કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા અને રાજ્યશાસ્ત્ર વિષય દ્વારા દેશના જવાબદાર નાગરિક બનવા હાકલ કરી હતી. કાર્યક્રમ દરમિયાન એક વિશેષ ’મેમરી વિડિયો’ પણ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો, જેમાં અંતિમ વર્ષના વિદ્યાર્થીઓના કોલેજ કાળના સંસ્મરણોને જીવંત કરવામાં આવ્યા હતા. વિદાય લઈ રહેલા ટી.વાય.ના વિદ્યાર્થીઓએ ભાવુક થઈને પોતાના ત્રણ વર્ષના શૈક્ષણિક પ્રવાસના અનુભવો વહેંચ્યા હતા. તેમણે કોલેજના શિસ્તબદ્ધ વાતાવરણ અને પ્રાધ્યાપકોના માર્ગદર્શન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. જુનિયર વિદ્યાર્થીઓ દ્વારા સિનિયર્સને સ્મૃતિચિહ્ન આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિભાગના પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓને આગામી પરીક્ષાઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં રાજ્યશાસ્ત્ર વિષયના મહત્વ વિશે સમજ આપી હતી. કાર્યક્રમના અંતે સૌએ સાથે મળીને અલ્પાહાર લીધો હતો અને જૂની યાદોને તાજી કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન રાજ્યશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા અત્યંત સુચારુ રીતે કરવામાં આવ્યું હતું.

# આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલમાં ‘ઉજાસ..ધ લાઈટ’ને મળ્યો ‘આઈકોનિક પ્રાઈડ ઓફ ઈન્ડિયા’ એવોર્ડ

## બોલીવૂડ અભિનેતા દીપક તિજોરીના હસ્તે રાજકોટના ડો. નીપા દવે પંડ્યા નિર્મિત ફિલ્મને મળ્યું સન્માનઃ વાસ્તવિક ઘટનાના ફિલ્માંકનને વૈશ્વિક મંચ પર મળી પ્રશંસા




**અબતક, રાજકોટ**

મુંબઈ ખાતે ભવ્ય રીતે યોજાયેલા ‘‘વિંગ્સ ટુ બોલીવૂડ‘‘ આઈપીઆઈએફએફ ઈન્ડિયન પેનોરમા ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલ ૨૦૨૫-૨૦૨૬માં રાજકોટના ડો. નીપા દવે પંડ્યા નિર્મિત શોર્ટ ફિલ્મ ’ઉજાસ..ધ લાઈટ’ ને પ્રતિષ્ઠિત ’આઈકોનિક પ્રાઈડ ઓફ ઈન્ડિયા’ એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. ત્રણ દિવસીય આ ફેસ્ટિવલમાં ભારત અને વિદેશની અંદાજે ૧૦૦ જેટલી પ્રાદેશિક ભાષાઓની ફિલ્મોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેમાં સામાજિક જાગૃતિ, પર્યાવરણ, શિક્ષણ અને મેન્ટલ હેલ્થ જેવા ગંભીર વિષયો પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ખાસ પ્રસંગે બોલીવૂડના જાણીતા અભિનેતા દીપક તિજોરી, ફિલ્મ મેકર સંજય લેહરુ અને રાહુલ ભટ્ટ સહિતના અનેક મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી.

ગુજરાતી ભાષાની વાસ્તવિક ઘટના પર આધારિત આ ફિલ્મમાં

(અનુ. આઠમા પાને)

# સિવિલ હોસ્પિટલમાં ઓટીઝમ ધરાવતા ૪૦થી વધુ બાળકોએ રમત-ગમતની મોજ માણી

## ‘ઓટીઝમ અવેરનેસ ડે’ની ઉજવણી અંતર્ગત વાલીઓને નિષ્ણાંત તબીબો દ્વારા અપાયું જરૂરી માર્ગદર્શન



**અબતક, રાજકોટ**

રાજકોટ સિવિલ હોસ્પિટલના ડીસ્ટ્રીકટ અર્લી ઈન્ટરવેન્શન કેન્દ્ર ખાતે ’ઓટીઝમ અવેરનેસ ડે’ ની પૂર્વ સંધ્યાએ એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં સેન્ટર ખાતે થેરાપી લઈ રહેલા આશરે ૪૦ જેટલા બાળકો અને તેમના વાલીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે સિવિલ અધિક્ષક ડો. મોનાલી માકડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે બાળકોનો ઉત્સાહ વધારી કાર્યક્રમને પ્રોત્સાહિત કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન બાળકો માટે વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ અને ફન ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મ્યુઝિકલ ચેર, અવરોધ પાર કરવાની રમત, કલર કામ, ફુગ્ગા-દડાની રમત અને બાળગીતો પર ડાન્સ જેવી પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને આનંદિત કરવામાં આવ્યા હતા. બાળકોએ સેલ્ફી પોઈન્ટ પર ફોટા પડાવ્યા હતા અને એકબીજાને ઓટીઝમ અવેરનેસ રીબીન પહેરાવી આ દિવસની મહત્વતા સમજાવી હતી. કાર્યક્રમના અંતે તમામ બાળકોને પ્રોત્સાહન રૂપે ડ્રોઈંગ અને કલરિંગ કીટ ભેટમાં આપવામાં આવી હતી.

રમત-ગમતની સાથે વાલીઓ માટે માર્ગદર્શન સેમિનાર પણ યોજવામાં આવ્યો હતો, જેમાં ડો. પંકજ બુચ, ડો. આરતી અને ડો. અમિતાએ ઓટીઝમ ધરાવતા બાળકોની વિશેષ સંભાળ કેવી રીતે રાખવી તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. વાલીઓને જાગૃતિ ફેલાવતા પેમ્પલેટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું અને તેમણે થેરાપિસ્ટ સાથે રૂબરૂ મુલાકાત કરી બાળકના વિકાસ તેમજ થેરાપીથી થતા ફાયદાઓ વિશે પરામર્શ કર્યો હતો. આ કાર્યક્રમમાં સેન્ટરના પ્રશિક્ષકો અને આર.બી.એસ.કે. મેડિકલ ઓફિસરોએ હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

તંત્રી લેખ

# હવે નેતાઓ હાથ જોડતા દેખાશે

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તારીખનું એલાન થઈ ગયું છે હવે કડક ઝબ્બા-લેંઘા પહેરેલા નેતા લોકો સમક્ષ હાથ જોડતા દેખાશે. જો કે, આ હૈયે ટાઢક આપતા દશ્યો માટે ૨૦ દિવસ સુધી જ જોવા મળશે જેવી ચૂંટણી પૂરી થશે અને નેતાઓ ચૂંટાઈ જશે એટલે એકદિનના રાજી એવા મતદારોએ પાંચ વર્ષ સુધી હાથ જોડવા પડશે.

ભારત જેવા લોકશાહી રાષ્ટ્રમાં ચૂંટણીનું ખુબ મોટુ મહત્વ છે. પ્રજા પાસે મતદારૂપી એવુ હથિયાર છે જેનાથી ગમે તેવી મોટી ઉથલપાથલ સર્જાઈ શકે છે. પરંતુ અફસોસ કે જેના મન થકી વ્યક્તિને જનપ્રતિનિધિ, ધારાસભ્ય, સાંસદ કે પછી મંત્રી કે મુખ્યમંત્રી બનવાનું સદભાગ્યે પ્રાપ્ત થાય છે. તે પ્રજાજનોને એકવાર ચૂંટાય બાદ નેતાઓ યાદ રાખવાની ખેવના રાખતા નથી. જનતા પણ પોતાની સાથે નેતાઓએ પાંચ વર્ષ સુધઈ કરેલા વર્તનને મતદાન સમયે જાણે વિસરી જતી હોય તેવું લાગે છે. આમ પણ ભારતમાં લોકશાહીના રખોપા કરવામાં માત્ર ૫૦થી ૬૦ ટકા લોકોને રસ હોય તેમ માંડ આટલા ટકા જ લોકો મતદાન કરી પોતાનું પવિત્ર ફરજ નિભાવે છે. સામાન્ય તાવા પાર્ટી, ભજીયાપાર્ટીમાં પોતાનો કિંમતી મત વેડફી નાખે છે. જેને મત આપે છે તેની પાસેથી એક નેતા તરીકે પાંચ વર્ષમાં તેને શું કામ કર્યુ તેનો હિસાબ માંગવામાં આવતો નથી. એક જન પ્રતિનિધિએ હર હંમેશ જનતાને પ્રધાન્ય આપવું જોઈએ પરંતુ અફસોસ કે નેતાઓ પોતાના રાજકીય પક્ષને પછી અંગત સ્વાર્થને મહત્વ આપતા હોય છે. હવે લોકશાહીના મહાપર્વનો અવસર આવી ગયો છે. ત્યારે નેતાઓ મત માંગવા હાથ જોડતા દેખાશે કાલાવ્હાલા કરશે પરંતુ મતદારોએ હવેપૂર્મ પરિપક્વ બની મતદાન કરવા માટે જાગૃત બની જવાનો સમય પાકી ગયો છે. પોતાને ગમતા રાજકીય પક્ષોને ઉમેદવાર જોયા વિના મત આપવાના બદલે જે કામને પ્રાધાન્ય આપશે તેને નેતા બનવાની તક આપવી જોઈએ.

# અદાણી પોર્ટે વર્ષ ૫૦૦ મિલિયન મેટ્રીક ટન કાર્ગો પરિવહન કરી ઈતિહાસ રચ્યો

## અદાણીના બંદર વિકાસના ૧૯૯૮માં શરૂ થયેલા અધ્યાયમાં આજે દેશ-વિદેશમાં ૧૯ બંદરોનું થાય છે સફળ સંચાલન


**અબતક, રાજકોટ**

અદાણી પોટ્ર્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ ભારતની સૌથી મોટી એકીકૃત પરિવહન યુટિલિટી અને દેશનું અગ્રણી પોર્ટ ડેવલપર તેમજ ઓપરેટર છે, ગત નાણાકીય વર્ષમાં ૫૦૦ મિલિયન ટન કાર્ગો હેન્ડલિંગ કરી એક ઐતિહાસિક માઈલસ્ટોનને પાર કર્યો છે.

આ સિદ્ધિ અદાણી પોર્ટસના વિકાસમાં એક વિશેષ ક્ષણ છે અને તે ભારતના ઈન્ફ્રાસ્ટ્રકચર આધારિત પરિવર્તનની વધતી તાકાતને રેખાંકિત કરે છે. માત્ર એક સિદ્ધિ નહીં, પરંતુ આ લાંબા ગાળાની પ્રતિબદ્ધતા, ઓપરેશનલ શિસ્ત અને રાષ્ટ્રીય હેતુ પર આધારિત વિશ્વ-કક્ષાના લોજિસ્ટિકસ પ્લેટફોર્મનો ઉદય દર્શાવે છે.

૧૯૯૮માં એક પોર્ટ આધારિત વિઝનથી શરૂ કરીને આજે ભારત અને તેની બહાર ૧૯ પોર્ટ અને ટર્મિનલ્સના નેટવર્ક સુધી, અદાણી પોર્ટે ભારતના વેપાર, ઔદ્યોગિક વિકાસ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતાનાં મહત્વનું પરિબળ બની ગયું છે.

આ અવસરે બોલતા અદાણી ગ્રુપના અધ્યક્ષ ગૌતમ અદાણીએ કહ્યું, પોર્ટ માત્ર વેપારના પ્રવેશદ્વાર નથી, તેઓ રાષ્ટ્રીય આત્મવિશ્વાસ, સ્પર્ધાત્મકતા અને ભવિષ્યનું



પ્રવેશદ્વાર છે. હું અમારા ગ્રાહકો, ભાગીદારો અને અદાણી પોર્ટસના પરિવારના દરેક સભ્યનો આભાર માનું છું જેઓની સમર્પણ અને વિશ્વાસથી આ માઈલસ્ટોન શક્ય બન્યો છે. વધુમાં ગૌતમભાઈ અદાણીએ જણાવ્યું હતું કે હું કેન્દ્ર અને રાજ્ય સરકારોનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું જેઓની નીતિઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રત્યેની પ્રતિબદ્ધતાએ અદાણી પોર્ટસના વિકાસનો પાયો બનાવ્યો છે.

અદાણી પોર્ટસનું ૫૦૦ મિલિયન ટનને પાર કરવું એ ભારતની વિકાસ ગાથા પર અમારા દાયકાઓના વિશ્વાસનું સંકેત છે. વર્ષોથી અમે માત્ર પોર્ટ જ નહીં, પરંતુ પોર્ટ, રેલ, રોડ, ટ્રકિંગ, વેરહાઉસ અને કાર્ગો ગેટવે સહિતનું અજોડ એકીકૃત પરિવહન અને લોજિસ્ટિકસ પ્લેટફોર્મ બનાવ્યું છે.

૫૦૦ મિલિયન મેટ્રિક ટન સુધીની સફરએ સ્કેલ અને પ્રતિબદ્ધતાની સંયુક્ત વિકાસગાથા છે. અદાણી પોર્ટસને પ્રથમ ૧૦૦ મિલિયન મેટ્રિક ટન સુધી પહોંચવામાં ૧૬ વર્ષ લાગ્યાં, ત્યારબાદ બીજા ૧૦૦ મિલિયન મેટ્રિક ટન વધુ ઝડપથી કુલ હેન્ડલીગ ઉમેરાયા છે, જે તેના પ્લેટફોર્મના વધતા સ્કેલ, કાર્યક્ષમતા, સ્થિરતા અને વ્યૂહાત્મક ઊંડાણને દર્શાવે છે.

આ માઈલસ્ટોન સાથે અદાણી પોર્ટસ ૨૦૩૦ સુધીમાં ૧ બિલિયન ટન કાર્ગો હેન્ડલિંગના પોતાના આગલા મોટા લક્ષ્ય તરફ મક્કમપણે આગળ વધી રહ્યું છે. આ નવા તબક્કામાં પ્રવેશતાં કંપની માત્ર વિશ્વ-કક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર જ નહીં, પરંતુ સ્કેલ, સેવા, ઓપરેશનલ ઉત્કૃષ્ટતા અને રાષ્ટ્રીય હેતુથી વ્યાખ્યાયિત વિશ્વ-કક્ષાની સંસ્થા બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

# કેન્સર સોસાયટી દ્વારા સૌપ્રથમ પિડીયાટ્રીક હિમેટોલોજી-બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની સેવા કાર્યરત

## બાળકોમાં લોહીના વિકાર - કેન્સરની સારવાર દર્દીઓ માટે બનશે આશિર્વાદ: ડો.મહર્ષિ ત્રિવેદી



**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં છેલ્લા છ દાયકાથી તમામ પ્રકારના કેન્સરની સારવાર માટે રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ) કાર્યરત છે. જેની ઉત્કૃષ્ઠ સારવારોની હરોળમાં વધુ એક સારવારનો ઉમેરો થયેલ છે. જેમાં પીડીયાટ્રિક હિમેટોલોજી (બાળકોમાં થતા લોહીના વિકારો અને કેન્સર) તથા ઓન્કોલોજી સામેલ છે એ ઉપરાંત બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની પણ સારવાર હવે રાજકોટ કેન્સર સોસાયટી ખાતે ટુંક સમયમાં ઉપલબ્ધ થશે.

આ વિભાગમાં નિષ્ણાંત પીડિયાટ્રિક ઓન્કોલોજીસ્ટ અને હિમેટોલોજીસ્ટ ડો.મહર્ષિ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સારવાર કરવામાં આવશે. ડો.મહર્ષિ ત્રિવેદી ડી.એમ. પિડીયાટ્રિક ઓન્કોલોજીની પદવી ધરાવતા ગુજરાત, રાજસ્થાન અને મધ્ય પ્રદેશના એક માત્ર તબીબ છે.એમણે ભારતમાં અભ્યાસ ઉપરાંત બ્રિસ્ટલ, યુ.કે.માં પિડીયાટ્રિક હિમેટોલોજી, ઓન્કોલોજી અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની આગવી તાલીમ લીધેલ છે અને યુ.કે.માં પિડીયાટ્રિક બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ અને સેલ્યુલર થેરાપી વિભાગમાં નિષ્ણાંત તરીકે સેવા આપેલી છે.

ડો.મહર્ષિ ત્રિવેદીએ જણાવેલ છે કે આ વિભાગ સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં પહેલો અને ગુજરાતમાં પણ ગણતરીના કેન્દ્રોમાંનો એક છે. જ્યાં બાળકોમાં થતા કેન્સર અને લોહી સંબંધીત ગંભીર રોગો માટે સંપુર્ણ અને વિશિષ્ટ સારવાર ઉપલબ્ધ થશે. જેથી દર્દીઓને અમદાવાદ કે અન્ય શહેરોમાં જવાની જરૂર રહેશે નહી અને આપણા રાજકોટમાં જ ઉચ્ચ સ્તરની સારવાર મળી રહેશે.

આ વિભાગમાં લ્યુકેમિયા, લિમ્ફોમાં(બ્લડ કેન્સર), સોલિડ ટયુમર્સ(હાડકા, સ્નાયું, આંખ, લીવર, કીડની વગેરેના કેન્સર) થેલેસેમીયા, એપ્લાસ્ટિક એનિમીયા, સિકલ સેલ એનિમીયા અને અન્ય જટિલ હેમેટોલોજીકલ રોગો માટે સર્વાંગી સારવાર આપવામાં આવશે. બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ જેવી અદ્યતન સારવાર પણ રાજકોટ કેન્સર સોસાયટી ખાતે ભવિષ્યમાં ઉપલબ્ધ થવાથી હવે દુર જવાની જરૂરીયાત નહી રહે.

# હાડકા-સાંધાના રોગનો રવિવારે નિ:શુલ્ક નિદાન-ફિઝિયોથેરાપી મેગા કેમ્પ

## નિષ્ણાંત તબીબો સેવા આપશે, રોટરી લલિતાલય હોસ્પિટલ ખાતે કેમ્પનું આયોજન

**અબતક, રાજકોટ**

રવિવાર, ૫ એપ્રિલ, ૨૦૨૬ના રોજ હાડકાં, સાંધા અને સ્નાયુઓને લગતી તમામ પ્રકારની બીમારીઓના નિદાન અને સચોટ માર્ગદર્શન માટે એક ભવ્ય 'ફ્રી ઓર્થોપેડિક અને ફિઝિયોથેરાપી મેગા કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં પ્રખ્યાત નિષ્ણાત ઓર્થોપેડિક સર્જન (હાડકાંના નિષ્ણાત) અને ફિઝિયોથેરાપીસ્ટ ડોક્ટરોની એક મોટી ટીમ તેમની વિશેષ સેવાઓ આપશે. કેમ્પમાં ડો.કેતન ઠક્કર, ડો.નિશિત સંઘવી, ડો.ભાવેશ સચદેવ, ડો.જય દલસાણીયા તેમજ ડો.દેવાંગી વૈષ્ણવ, ડો.દેવકી શેઠ, ડો.પલ્લવી ધાબલિયા, ડો.આદર્શ મકવાણા, ડો.શ્વેતા દવે, ડો.હિરલ વાળા સેવા આપશે.

આ કેમ્પમાં હાડકાં અને સાંધાને લગતી કોઈપણ બીમારીનું નિદાન તદ્દન મફત કરવામાં આવશે. મુજબના લક્ષણો કે બીમારીઓ ધરાવતા દર્દીઓ આ કેમ્પમાં નિદાન અને સારવાર મેળવી શકશે. ગોઠણ, કમર, મણકા કે ખભાનો દુઃખાવો, સાંધાનો ઘસારો, સોજો કે વા, સ્નાયુઓ અને નસો ખેંચાવી કે દુખાવો થવો, હાડકાં નબળા પડવા કે ઓસ્ટીયોપોરોસીસ, ફ્રેક્ચર કે હાડકાંના ઓપરેશન પછીની જરૂરી કસરતો, કમરના મણકાની ગાદી ખસી જવી કે સાયટીકાની તકલીફ હોય તેને સારવાર અપાશે. કેમ્પ રવિવારે સવારે ૮ થી ૧૧ વાગ્યા સુધી રોટરી લલિતાલય હોસ્પિટલ, ૬-ગીત ગુર્જરી સોસાયટી, જૂના એરપોર્ટ રોડ પાસે, રાજકોટ ખાતે યોજાશે.

# પંચનાથ મંદિરે અયપ્પા ભક્તિનું પાવન પુર્નજાગરમ: સાંજે ભજન કાર્યક્રમ

## પંચનાથ મંદિરે ભગવાન અયપ્પાની એક તસ્વીર મુકી ભજનની શરૂઆત કરાઈ હતી





**અબતક, રાજકોટ**

શુભ અને પવિત્ર ઉત્તરમ નક્ષત્રના અવસરે રાજકોટના ભગવાન અય્યપ્પાના ભક્તો દ્વારા એક અનોખી અને આધ્યાત્મિક પહેલરૂપે મંદિર સંકલન ભજનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વિશે વિશેષ માહિતી આપતા પ્રમુખ ડો. સંજુ પિલ્લાઈ ઉપપ્રમુખ રાજેશ પિલ્લાઈ, સેક્રેટરીગોપાલ કૃષ્ણ પિલ્લાઈ વિશેષ જણાવે છે કે,પવિત્ર ભજન કાર્યક્રમ શહેરના ઐતિહાસિક અને પાવન પંચનાથ મંદિર ખાતે યોજાશે.

આ આયોજન માત્ર એક ભજન કાર્યક્રમ નહીં પરંતુ ભક્તિભાવ અને આધ્યાત્મિક સ્મૃતિઓ સાથે જોડાયેલું એક વિશેષ પ્રસંગ છે. વર્ષો પહેલાં, જ્યારે રાજકોટમાં અય્યપ્પા મંદિરનું નિર્માણ થયું નહોતું, ત્યારે પંચનાથ મંદિર ખાતે ભગવાન અય્યપ્પાની માત્ર એક પવિત્ર તસ્વીર સ્થાપિત કરીને ભજનની શરૂઆત કરવામાં આવી હતી. ભક્તોની નિષ્કપટ શ્રદ્ધા, સમર્પણ અને એકતાના ભાવથી આ નાનકડી શરૂઆત આજે એક વિશાળ અને સશક્ત આધ્યાત્મિક પરંપરામાં વિકસિત થઈ છે.

ભગવાન અય્યપ્પા ધર્મ, શિસ્ત, સમર્પણ અને સમાનતાના જીવંત પ્રતિક છે. તેઓ દરેક ભક્તને જાતિ, વર્ણ અને ભેદભાવથી પરે રહીને ભક્તિ અને સદાચારના માર્ગે ચાલવાનો ઉપદેશ આપે છે. સમગ્ર ભારતમાં, ખાસ કરીને શબરીમલા મંદિર ખાતે તેમની વિશેષ આરાધના કરવામાં આવે છેમ ભગવાન અય્યપ્પા ભગવાન શિવ અને ભગવાન વિષ્ણુના દૈવી પુત્ર તરીકે માનવામાં આવે છે, જે શૈવ અને વિષ્ણુ પરંપરાના સુંદર સમન્વયનું પ્રતિક છે.

મંદિર સંકલન ભજન પહેલનો મુખ્ય હેતુ રાજકોટના વિવિધ મંદિરો અને ભક્તોને એક સૂત્રમાં બાંધવાનો છે. આ પહેલ દ્વારા ભક્તોમાં પરસ્પર સ્નેહ, સહકાર અને આધ્યાત્મિક એકતાનો વિકાસ થાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

આગામી સમયમાં દર મહિને ભગવાન અય્યપ્પા માટે અત્યંત પવિત્ર માનાતા ઉત્તરમ નક્ષત્રના દિવસે રાજકોટના વિવિધ મંદિરોમાં ક્રમશઃ ભજન કાર્યક્રમો યોજવાનો નિર્ધાર કરવામાં આવ્યો છેમ આ દ્વારા શહેરના વિવિધ મંદિરો વચ્ચે આધ્યાત્મિક જોડાણ મજબૂત બનશે અને ભક્તિનો પ્રવાહ વધુ વ્યાપક રીતે ફેલાશે. આ પાવન પ્રસંગે તમામ ભક્તોને હાજરી આપવા અનુરોધ કરાયો છે.

# મહિલા ડી.સી.પી.એ ભત્રીજીનો જન્મ દિવસ અનાથ બાળકો સાથે ઉજવ્યો

## કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમના બાળકો સાથે ડી.સી.પી. જુલી મેડમ સ્વજન બની ગયા



**અબતક, રાજકોટ**

શહેરની ૧૧૯ વર્ષ જુની સંસ્થા કાઠીયાવાડ નિરાશ્રીત બાલાશ્રમના અનાથ બાળકો સાથે સુરતના ડે. પોલીસ કમિશ્નર જુલીબેન કોશીયા (પટેલ)એ પોતાની ભત્રીજીના જન્મદિવસની ઉત્સાહભેર ઉજવણી કરી સરાહનીય આવકાર દાયક દાખલો બેસાડ્યો હતો.

ભત્રીજી બાની પટેલના છઠ્ઠા જન્મદિવસની કેક કાપીને બાલાશ્રમના નાના નાના ભૂલકાઓ સાથે આનંદ ઉત્સાહથી ઉજવણી કરવામાં આવી હતી. દરેક બાળકોને કેક ખવડાવીને ડીસીપી જુલીમેડમ તથા તેમના પરિવારજનો ભાવવિભોર થઈ ગયેલ.

બાલાશ્રમના અનાથ બાળકો સાથે જન્મદિવસની ઉજવણી કરવા સાથે ડી.સી.પી.નું સંસ્થાના ચાર્મીબેન દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ તેમજ સંસ્થાના ટ્રસ્ટી રાજુભાઈ મહેતા દ્વારા સંસ્થાના તમામ વિભાગોની મુલાકાત કરાવી સંસ્થાની કામગીરીથી માહિતગાર કરેલ હતા. ઘોડીયારઘરની મુલાકાત વખતે ત્યાંના બાળકો તથા તેની વ્યવસ્થા સારસંભાળ જોઈને જુલીમેડમ ભાવવિભોર બની ગયેલ.

સંસ્થાના દરેક બાળકો સાથે ખાસ અંગત રીતે મળીને, કેક ખવડાવીને તથા દિવસભરની દીનચર્યા, વ્યવસ્થા વગેરેની માહિતી મેળવી પ્રભાવીત થયા હતા. સંસ્થાના પ્રતિમાબેન જયોત્સનાબેન, હેતલબેન, ચાર્મીબેને સુંદર વ્યવસ્થા ગોઠવવામા આવેલ હતી.

# રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલ થકી બિહારમાં ૨૯,૨૩૦ દર્દીને દિવ્ય દ્રષ્ટિ મળી

## દર્દીને નિ:શુલ્ક ધોરણે ચશ્મા, દવા, ટીપાનું વિતરણ, મહા નેત્ર યજ્ઞ શિબિરમાં ત્રણ લાખ લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો

**અબતક, રાજકોટ**

રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ રાજકોટ દ્વારા બિહારની ગરીબ તથા આંખના મોતિયાના દર્દથી પીડાતા લોકો માટે નેત્રયજ્ઞ મહાશિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. આ નેત્રયજ્ઞ મહાશિબિરમાં તથા આજુબાજુમાં ગ્રામ્ય તથા શહેરી વિસ્તારોનાં બાળકોથી લઈને મોટા વૃધ્ધ દર્દી ભગવાનનાં ૨૯૨૩૦ ઓપરેશન કરીને તેઓને આંખોની દિવ્ય દ્રષ્ટિરૂપી રોશની આપી હતી.



ગુરૂદેવના અમૂલ્ય વચનો 'બધા દર્દી ભગવાન વિષ્ણુ ભગવાન છે'ને સાર્થક કરીને આ તમામ દર્દી ભગવાનનો આધુનિક ફેકોમશીનથી ટાંકા વગરનાં સોફ્ટ ફોલ્ડેબલ નેત્રમણી સાથે મફત ઓપરેશન તથા રહેવા, ચા, નાસ્તો, શુધ્ધ ઘીનો શીરો, ગરમ ભોજન, એક-એક ધાબળો, એક સાડી, બે કિલો ચોખા, એક કિલો ઘઉંનો લોટ, અડધો કિલો મીઠી ગુંદી, દવા, ટીપાં, કાળા, ચશ્મા તથા દક્ષિણા રૂપે દરેક દર્દી ભગવાનને રૂ.૧૦૦ રોકડા અને ઓપરેશન બાદ પાવરવાળા ચશ્મા નિ:શુલ્ક આપવામાં આવ્યા હતા અને બધા દર્દી ભગવાનની આરતી ઉતારીને તેમનાં ચરણોને વંદન કરીને તેમને વિદાય આપવામાં આવી હતી.

આ મહાનેત્રયજ્ઞ શિબિરમાં ત્રણ માસમાં આશરે ત્રણ લાખ લોકોએ ભોજન રૂપી મહાપ્રસાદ લીધેલ હતો.

# પ્રજ્ઞા ચક્ષુ બહેનોએ મન દ્રષ્ટીથી માણ્યો નાટ્ય સંગીત મનોરંજન

## પીઠ નાટ્યકાર કૌશિક સિંધવ દ્વારા નાટ્ય ફળિયાનું થયેલું સ્તુતીય આયોજન સૌને ગમ્યું

**અબતક, રાજકોટ**

ચક્ષુઓથી અંધાપો અનુભવતા લોકો સમક્ષ કોઈ ફિલ્મ નાટક કે ગીત સંગીત નો કાર્યક્રમ રજૂ થાય ત્યારે તે ફિલ્મ કે નાટકના પાત્ર દ્રશ્યને પ્રજ્ઞાચક્ષુ પોતાના અંતર મનની શક્તિ અને આંતરિક સંજ્ઞાઓ દ્વારા સમજે છે અને મનથી જોવે છે.



૨૭મી વિશ્વ રંગ ભૂમિ દિન નિમિત્તે સુરેન્દ્રનગરના સી,યુ શાહ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા સંઘના બહેનો સમક્ષ મનોરંજન માટે રાજકોટના પીઢનાટ્ય કર્મી કૌશિક સિંધવે નાટ્ય ગીત સંગીતનો કાર્યક્રમ રજૂ કર્યો હતો, સસ્થા ના મુખ્ય સંચાલક મુક્તાબેન અને પંકજભાઈ ડગલી અને કૌશિકભાઈ સિંધવે કરેલી મહેનતને પગલે પ્રજ્ઞાચક્ષુબહેનોએપોતાના મન દ્રષ્ટિથી નાટકની મજા માણી હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે સુરેન્દ્રનગરના સાહિત્યકાર જગદીશભાઈ રથવી, કાનભાઈ પઢારીયા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ નાટ્ય ફળિયાના કૌશિકભાઈએ પોતાને આ સેવા તક આપવા બદલ આયોજકો નો આભાર માન્યો હતો.

# શિવમ ફાઉન્ડેશન નિર્મિત નાટક સ્ટિયરિંગને ચાર એવોર્ડ સાથે રાજયમાં આવ્યો બીજો નંબર

## એકાંકી નાટય સ્પર્ધામાં સ્ટિયરિંગ એ કરી જમાવટ

**અબતક, રાજકોટ**

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર અને વરેણ્યમ કલ્ચરલ કલબ જીગર રાણાના સંયુક્ત ઉપક્રમે આયોજીત એકાંકી નાટ્ય સ્પર્ધા બાબાસાહેબ આંબેડકર હોલ, ગાંધીનગર ખાતે યોજાય જેમાં દ્વિતીય શ્રેષ્ઠ નાટક સ્ટિયરિંગ, શ્રેષ્ઠ અભિનેતા યતિન આશરા, શ્રેષ્ઠ અભિનેત્રી અમ્રિતા ગુપ્તા, શ્રેષ્ઠ દ્રશ્ય રચના ગૌતમ દવે સહિત કુલ ચાર એવોર્ડ સાથે શિવમ ફાઉન્ડેશન - રાજકોટના રંગકર્મીઓએ ગુજરાત રાજ્ય કક્ષાએ બીજો ક્રમાંક મેળવી રાજકોટની રંગભૂમિને ગૌરવ અપાવ્યું છે.



જ્યારે પરિવારના સપનાઓ પૂરા કરવામાં અને જીવન જીવવામાં જ્યારે કોઈ આશા ના હોય ત્યારે જીવનની દરેક પળને જોમથી જીવતા શિખવતું જોરદાર પરિવારિક નાટક એટલે સ્ટિયરિંગ.

પરિવારિક કથા પટકથાને નાટ્ય સ્વરૂપે ગુંથી અમોલ સાલ્વે લિખિત અને સૌમિલ કિકાણિ અનુવાદિત અને ગૌતમ દવે દિગ્દર્શીત એકાંકી નાટક ''સ્ટિયરિંગ''માં નિશિકા વાગડિયા, અમ્રિતા ગુપ્તા, યતિન આશરા અને ગૌતમ દવે એ અભિનયના ઓજસ પાથર્યા હતા. નાટકમાં સંગીત સંકલન અને સંચાલન મેહુલ મેર, પ્રકાશ રચના અને સંચાલન શમિક દવે, નેપથ્ય હર્ષિત ચૌહાણ અને દેવરાજસિંહ ગોહિલ, મંચ સજ્જા રાધિકા વાગડિયા, ડાર્વિન મારડિયા અને નિશા દવેરા દ્વારા કરવામાં આવ્યું હતું. વધુ માહિતી અને શો માટે શિવમ ફાઉન્ડેશન - રાજકોટ ૮૮૬૬૫૦૪૮૫૮નો સંપર્ક કરવા જણાવાયું છે.

# વિદ્યાર્થીઓને કરાયુ પક્ષીના માળાનું વિતરણ



**અબતક, રાજકોટ**

કરુણા ચેરીટેબલ ટ્રસ્ટ અને ગુજરાત કોમર્સ કોલેજ એનએસએસ યુનિટ દ્વારા ગુજરાત કોમર્સ કોલેજ ખાતે પશુ-પક્ષીઓ માટે ''પાણી ના કુંડા'' તથા ઓઆરએસ અને સાથે ''પક્ષીઓ માટે માળા'' નો નિ:શુલ્ક વિતરણ કાર્યક્રમ યોજાયો.

ચકલીઓને સંરક્ષિત કરવાના ઉદ્દેશને ધ્યાનમાં રાખીને સ્ટાફ તથા વિદ્યાર્થીઓને ચકલી ઘરનું તેમજ પશુ-પક્ષીઓને ઉનાળાની ગરમીમાં પાણી મળી રહે તે માટે માટીના કુંડાઓ નું વિતરણ કરવામાં આવ્યું હતું

અને આ વિતરણ જાહેર જનતાને પણ કરવામાં આવ્યું તેમજ કોલેજ કેમ્પસમાં પણ આ માટીના કુંડા અને ચકલીઘર અલગ અલગ જગ્યાએ મૂકવામાં આવ્યા છે.

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીનો ધમધમાટ શરૂ

# આદર્શ આચારસંહિતા લાગુ: ૮૯૩૮ કર્મીઓ ચૂંટણી ફરજ પર તૈનાત

### શહેરના ૧૦૧૪ મતદાન મથકો પર ૯.૮૫ લાખ મતદારો મતદાન કરશે: મતદાન માટે ૧,૧૬૩ ઈ.વી.એમ. કંટ્રોલ યુનિટ અને ૨,૩૨૬ બેલેટ યુનિટ ફાળવવામાં આવ્યા

**અબતક, રાજકોટ**

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકાઓ, તાલુકા તથા જિલ્લા પંચાયતો માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ રાજકોટ મહાનગરપાલિકાના ૧૮ વોર્ડ ઉપરાંત રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો, ૧૧ તાલુકા પંચાયતની ૨૦૨ બેઠકો તેમજ ગોંડલ નગરપાલિકાના ૧૧ વોર્ડની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ માટે મતદાન મથકો, બેઠકો, ઈ.વી.એમ., ફરજ પરના સ્ટાફ તથા મતદારોની વિગતો સ્થાનિક ચૂંટણી તંત્ર દ્વારા જાહેર કરવામાં આવી છે.

રાજ્ય ચૂંટણી પંચે જાહેર કરેલા કાર્યક્રમ મુજબ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું જાહેરનામું ૬ એપ્રિલે પ્રસિદ્ધ થશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૧૧ એપ્રિલ છે. ઉમેદવારી પત્રોની ચકાસણી ૧૩મીએ થશે અને ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ ૧૫મી એપ્રિલ છે. મતદાન

## રાજકોટ મહાનગર પાલિકા, ૧૧ તા.પં., જિ.પં., ગોંડલ નગરપાલિકાની ચૂંટણીમાં ૨૦.૨૩ લાખથી વધુ મતદારો નોંધાયા

૨૬ એપ્રિલને રવિવારના રોજ સવારે ૭થી સાંજે ૬ સુધી થશે. જો જરૂર પડે તો પુનઃ મતદાન ૨૭મી એપ્રિલે થશે. મતગણતરી ૨૮મીએ થશે અને ૩૦મી એપ્રિલે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થશે.

રાજકોટ મહાનગરપાલિકામાં કુલ ૧થી ૧૮ વોર્ડમાં કુલ ૯,૮૫,૯૫૨ મતદારો નોંધાયા છે. જેમાં ૫,૧૦,૦૮૬ પુરૂષ મતદારો, ૪,૭૫,૮૪૮ મહિલા મતદારો અને ૧૮ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. શહેરમાં ૧,૦૧૪ મતદાન મથકો નક્કી કરાયા છે. ચૂંટણી પ્રક્રિયા માટે ૮,૯૪૮ કર્મચારીઓ તૈનાત રહેશે. મતદાન માટે ૧,૧૬૩ ઈ.વી.એમ. કંટ્રોલ યુનિટ અને ૨,૩૨૬ બેલેટ યુનિટ ફાળવવામાં આવ્યા છે. ચૂંટણીના સુચારૂ સંચાલન માટે વર્ગ-૧ કક્ષાના ૦૮ ચૂંટણી અધિકારીઓ અને વર્ગ-૨ કક્ષાના ૨૨ મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

રાજકોટ જિલ્લા પંચાયતની ૩૬ બેઠકો અને ૧૧ તાલુકા પંચાયતોની ૨૦૨ બેઠકો માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે. જેના માટે કુલ ૧,૧૮૬ મતદાન મથકો નક્કી કરવામાં આવ્યા છે અને ૮,૪૮૦ કર્મચારીઓને ચૂંટણી ફરજ પર મુકવામાં આવ્યા છે. મતદાન માટે ૨,૬૭૫ ઈ.વી.એમ. કંટ્રોલ યુનિટ અને ૨,૬૭૫ બેલેટ યુનિટનો ઉપયોગ કરવામાં આવશે. ચૂંટણી માટે વર્ગ-૨ કક્ષાના ૨૨ ચૂંટણી અધિકારીઓ અને વર્ગ-૩ કક્ષાના ૨૨ મદદનીશ ચૂંટણી અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.

ગોંડલ નગરપાલિકાના ૧થી ૧૧ વોર્ડમાં કુલ ૮૧,૪૭૧ મતદારો છે, જેમાં ૪૨,૨૩૫ પુરૂષ અને ૩૯,૨૩૦ મહિલા તથા ૦૬ અન્ય મતદારો છે. નગરપાલિકામાં ૮૬ મતદાન મથકો માટે ૧,૭૦૨ કર્મચારીઓ ફાળવવામાં આવ્યા છે. અહીં ૧૧૩ ઈ.વી.એમ. કંટ્રોલ યુનિટ અને ૨૨૬ બેલેટ ચુનિટનો ઉપયોગ કરવામાં આવશે. ચૂંટણી માટે વર્ગ-૧ કક્ષાના બે અધિકારી તથા વર્ગ-૨ કક્ષાના બે અધિકારીને ફરજ સોંપવામાં આવી છે.

સમગ્ર ચૂંટણી પ્રક્રિયા દરમિયાન પારદર્શિતા અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

## ૧૧ તા.પં.ની ૨૦૨ બેઠકો, જિ.પં.ની ૩૬ બેઠકો માટે ૧૧૮૬ મતદાન મથકો

રાજકોટ તાલુકા પંચાયતની ૨૨ બેઠક અને જિ.પં.ની ૦૬ બેઠકોની ચૂંટણી માટે ૧૭૨ મતદાન મથકો નક્કી કરાયા છે. કુલ ૧,૩૪,૪૮૨ મતદારો નોંધાયા છે. પડધરી તા.પં.ની ૧૬ અને જિ.પં.ની ૦૨ બેઠક માટે ૮૮ મતદાન મથકોમાં ૬૧,૫૯૫ મતદારો નોંધાયા છે. લોધિકા તા.પં.ની ૧૬ અને જિ.પં.ની ૦૨ બેઠક હેઠળ ૬૩ મતદાન મથકોમાં ૪૬,૬૦૨ મતદારો નોંધાયા છે.કોટડા સાંગાણી તા.પં.ની ૧૬ અને જિ.પં.ની ૦૨ બેઠક હેઠળ ૮૫ મતદાન મથકોમાં ૬૬,૦૭૫ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે.ગોંડલ તા. પં. ૨૨ અને જિ.પં.ની ૦૫ બેઠક માટે ૧૬૮ મતદાન મથકો નક્કી કરાયા છે અને ૧,૩૯,૧૦૪ મતદારો નોંધાયા છે.જેતપુર તા.પં.ની ૨૦ અને જિ.પં.ની ૦૪ બેઠક હેઠળ ૧૨૪ મતદાન મથકોમાં ૧,૦૨,૦૩૭ મતદારો નોંધાયા છે.જામકંડોરણા તા.પં.ની ૧૬ અને જિ.પં.ની ૦૨ બેઠક માટે ૮૧ મતદાન મથકોમાં ૬૦,૭૦૨ મતદારો નોંધાયા છે.ધોરાજી તા.પં.ની ૧૬ અને જિ.પં.ની ૦૨ બેઠક માટે ૬૧ મતદાન મથકો નક્કી કરાયા છે અને ૫૧,૭૯૫ મતદારો નોંધાયા છે.ઉપલેટા તા.પં.ની ૧૮ અને જિ.પં.ની ૦૩ બેઠક સાથે ૯૧ મતદાન મથકો નક્કી કરાયા છે અને ૭૩,૯૭૩ મતદારો નોંધાયા છે.જસદણ તા.પં.ની ૨૨ અને જિ.પં.ની ૦૫ બેઠક માટે ૧૪૭ મતદાન મથકોમાં ૧,૨૪,૬૪૬ મતદારો છે.

વિંછીયા તા.પં.ની ૧૮ અને જિ.પં.ની ૦૩ માટે ૧૦૯ મતદાન મથકોમાં ૯૫,૫૧૧ મતદારો છે.આમ ૧૧ તા.પં.ની કુલ ૨૦૨ બેઠક અને જિ.પં.ની ૩૬ બેઠક માટે ૧૧૮૯ મતદાન મથકો નક્કી કરાયા છે અને કુલ ૯,૫૬,૫૨૨ મતદારો નોંધાયા છે.

## ચૂંટણી ઈફેક્ટ : પરવાનાધારકોને હથિયાર જમા કરાવવા આદેશ

### હથિયારો, સ્ફોટક સામગ્રીની દુકાનોના લાયસન્સની ઝીણવટભરી તપાસ કરાશે

### સંવેદનશીલ વિસ્તારોમાં ફરજીયાત પેટ્રોલિંગ કરાશે : અસામાજિક તત્વોને પેરોલ નહિ અપાય

સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત થતાં જ લાયસન્સ ધારકોને હથીયાર જમા કરાવવા પોલીસે ફરમાન જાહેર કર્યું છે. તેમજ તંત્ર દ્વારા જેલમાં રહેલ રીઢા ગુનેગારો, અસામાજીક તત્વોને પેરોલ પર ન છોડવા આદેશની સાથે શસ્ત્રોની હેરાફેરીની મનાઈ કરાઈ છે. સંવેદનશીલ વિસ્તારોમાં ફરજિયાત પેટ્રોલીંગ કરવાં શહેર પોલીસ સજ્જ બની છે.

સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે કાયદો અને વ્યવસ્થાની જાળવણી અને તમામ સ્તરની ચૂંટણીઓ શાંતિપૂર્ણ રીતે મુક્ત અને ન્યાયપૂર્ણ વાતાવરણમાં યોજાય તેમજ મતદારો નિર્ભયતાથી મતદાન કરી શકે તે માટે કાયદો અને વ્યવસ્થાની યોગ્ય રીતે જાળવણી પોલીસ વિભાગ દ્વારા થાય તે માટે શાંતિપૂર્ણ મુક્ત અને ન્યાયી મતદાનના સંચાલન માટે નિવારક પગલાંના ભાગરૂપે, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે, ચૂંટણી જાહેરાતની તારીખથી મતદાન પૂર્ણ થાય ત્યાં સુધીના સમયગાળા માટે ગુનેગારો, રીઢા ગુનેગારો, અસામાજીક તત્વો વિગેરે શખ્સોને અટકાયતમાં રાખેલ હોય તેમને પેરોલ પર છોડવા નહિ. ભાગેડુ ગુનેગારોની યાદી તૈયાર કરવાની રહેશે. હથિયારો, સ્ફોટક સામગ્રીની દુકાનોના લાયસન્સની ઝીણવટભરી તપાસ કરવાની રહેશે. વગર લાયસન્સના હથીયારો મળે તો કડક કાર્યવાહી કરવી. ગેરકાયદેસર દારૂ તૈયાર કરનાર ફેક્ટરીઓ, ગેરકાયદેસર દારૂ વેચનારાઓ ઉપર ચાંપતી નજર રાખવામાં આવશે. ઉપરાંત ચૂંટણી જાહેર થાય કે તુરત જ લાયસન્સવાળા શસ્ત્રોની હેરાફેરીની મનાઈ તેમજ અનિચ્છનિય તત્વો અથવા શસ્ત્રો અને સ્ફોટક સામગ્રીની બહારથી અંદર દાણચોરી કરવામાં આવી રહી નથી તેની ખાતરી કરવા મતદાનની તારીખથી ત્રણ દિવસ અગાઉ વાહનોનું કડક ચેકીંગ કરીને તકેદારી રાખવાની રહેશે અને જો કોઈ ગુનેગાર પકડાઈ ત્યારે તેના શસ્ત્રો અને સ્ફોટક સામગ્રી તેમજ વાહનો જપ્ત કરી લેવા.સ્વરાજયના એકમોની ચૂંટણીઓની જાહેરાત થાય એટલે, હથીયાર લાયસન્સ ધરાવતી કોઈપણ વ્યક્તિઓને, જે તે લાયસન્સના પોતાના હથીયારો જિલ્લા સત્તાવાળાઓ પાસે જમા કરવા પોલીસ પાસે જમા કરવા માટે પણ જાહેરનામું બહાર પડાયું છે.

## ગોંડલ નગર પાલિકામાં ૧૧ વોર્ડમાં ૮૬ મતદાન મથકો, ૮૧,૪૭૧ મતદારો

રાજકોટ જિલ્લાની ગોંડલ નગરપાલિકામાં ૧૧ વોર્ડમાં ૮૬ મતદાન મથકો નક્કી કરાયા છે અને ૮૧,૪૭૧ મતદારો નોધાયા છે. જેમાં ૪૨,૨૩૫ પુરુષ મતદારો, ૩૯,૨૩૦ મહિલા મતદારો અને ૦૬ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. વોર્ડ નંબર ૦૧માં ૧૧ મતદાન મથકો ઉપર ૪,૮૩૬ પુરુષ અને ૪,૪૯૭ મહિલા મળીને કુલ ૯,૩૩૩ મતદારો નોંધાયા છે. વોર્ડ નંબર ૦૨માં ૦૭ મતદાન મથકો ઉપર ૩,૪૨૬ પુરુષ અને ૩,૨૨૬ મહિલા મળીને કુલ ૬,૬૫૨ કુલ મતદારો નોંધાયા છે.

વોર્ડ નંબર ૦૩માં ૧૦ મતદાન મથકો ઉપર ૪,૬૬૮ પુરુષ અને ૪,૨૩૩ મહિલા મળીને કુલ ૮,૯૦૧ કુલ મતદારો નોંધાયા છે. વોર્ડ નંબર ૦૪માં ૦૮ મતદાન મથકો ઉપર ૩,૯૭૮ પુરુષ, ૩,૭૯૨ મહિલા અને ૦૬ અન્ય મળીને ૭,૭૭૬ કુલ મતદારો નોંધાયા છે. વોર્ડ નંબર ૦૫માં ૦૭ મતદાન મથકો ઉપર ૩,૧૩૯ પુરુષ, ૨,૮૮૬ મહિલા મળીને ૬,૦૨૫ કુલ મતદારો નોંધાયા છે.વોર્ડ નંબર ૦૬માં ૦૬ મતદાન મથકો ઉપર ૩,૧૩૯ પુરુષ, ૨,૯૬૬ મહિલા મળીને કુલ ૬,૧૦૫ કુલ મતદારો નોંધાયા છે. વોર્ડ નંબર ૦૭માં ૦૬ મતદાન મથકો ઉપર ૩,૫૬૯ પુરુષ, ૩,૩૫૬ મહિલા મળીને ૬,૯૨૫ કુલ મતદારો નોંધાયા છે. વોર્ડ નંબર ૦૮માં ૦૮ મતદાન મથકો ઉપર ૪,૦૯૪ પુરુષ, ૩,૮૬૦ મહિલા મળીને ૭,૯૫૪ કુલ મતદારો નોંધાયા છે. વોર્ડ નંબર ૦૯માં ૦૫ મતદાન મથકો ઉપર ૨,૭૨૧ પુરુષ, ૨,૫૪૦ મહિલા મળીને ૫,૨૬૧ કુલ મતદારો નોંધાયા છે. વોર્ડ નંબર ૧૦માં ૦૯ મતદાન મથકો ઉપર ૪,૪૬૩ પુરુષ, ૪,૧૩૦ મહિલા મળીને ૮,૫૯૩ કુલ મતદારો નોંધાયા છે.

વોર્ડ નંબર ૧૧માં ૦૯ મતદાન મથકો ઉપર ૪,૨૦૨ પુરુષ, ૩,૭૪૪ મહિલા મળીને ૭,૯૪૬ કુલ મતદારો નોંધાયા છે.

# શહેરમાં બે યુવક અને ત્રણ યુવતીએ ઝેરના પારખા કર્યા

### ભાણેજએ અવગણના કરતા મામાએ, પુત્રના વિરહમાં જનેતાએ અને ઘરેથી ભાગેલી સગીરાએ ઠપકાના ડરે એસિડ પીધું

**અબતક રાજકોટ**

શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં આત્મહત્યાના પ્રયાસના પાંચ અલગ-અલગ બનાવો બનતા ચકચાર મચી ગઈ છે. શહેરના વિવિધ વિસ્તારોમાં કૌટુંબિક ઝઘડા, પિતાનો ડર અને સ્વજનો દ્વારા થયેલી અવગણનાને કારણે પાંચ વ્યક્તિઓએ ફિનાઈલ, એસિડ અને ઉંદર મારવાની દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તમામ લોકોને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ ખોડિયારનગર વિસ્તારમાં રહેતા વિજયભાઈ પરમાર (ઉં ૨૪) રાત્રે ફિનાઈલ પી લીધું હતું. વિજયભાઈએ પોતાની બહેનના અવસાન બાદ ભાણેજ પરેશને

## માતા સાથે ફોન પર વિવાદ થતાં પુત્રીએ અને પતિના આકરા વેણથી પત્નીએ ઝેર ગટગટાવ્યું

પુત્રની જેમ ઉછેરી, મહેનત કરી આર્મીમાં મોકલ્યો હતો. હાલ પરેશ જમ્મુ-કાશ્મીરમાં ફરજ બજાવે છે. પરંતુ, આર્મીની શપથ વિધિ જેવા ગૌરવશાળી પ્રસંગે ભાણેજે મામા-મામીને સાથે ન લઈ જઈ તેમની અવગણના કરતા વિજયભાઈને માનસિક આઘાત લાગ્યો હતો, જેના કારણે તેમણે આ પગલું ભર્યું હતું.

બીજા બનાવમાં ઢેબર રોડ પર લોહાનગરમાં રહેતી પૂજાબેન વાઈફ ઓફ કિશનભાઇ શકેરા (ઉ ૨૫) ત્રિકોણબાગ પાસે ઉંદર મારવાનું બિસ્કીટ ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ત્રણ વર્ષ પૂર્વે પ્રેમલગ્ન કરનાર પૂજાબેનને સાસરીમાં ઝઘડો થતા તેઓ ગઈકાલે પિયર રિસામણે આવ્યા હતા. જોકે, પતિ તેમના પુત્રને સાથે લઈ જતા પુત્રના વિરહમાં પૂજાબેને આ પગલું ભર્યું હતું.

ત્રીજા બનાવમાં કોઠારીયા રોડ પર ઘનશ્યામ નગરમાં રહેતી સગીરા ઘરેથી પૂછ્યા વગર બહેનપણીના ઘરે ગઈ હતી. પરત ફરતા પિતા ઠપકો આપશે તેવા ડરથી ગભરાયેલી તરુણીએ એસિડ પી લેતા તેને ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડાઈ છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેના પિતા રિક્ષા ચલાવે છે, પોતે ત્રણ બહેન એક ભાઈમાં નાની છે. ચોથા બનાવમાં રામનાથ પરા વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષીય ટીનાખાતુન શેખે પણ આજે ફિનાઈલ પી જીવન ટૂંકાવવા કોશિશ કરી હતી. મૂળ પશ્ચિમ બંગાળની આ યુવતીને તેની માતા સાથે ફોન પર ઉગ્ર બોલાચાલી થઈ હતી, જેનાથી વ્યથિત થઈ તેણે આ પગલું ભર્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે તેના પિતા સેન્ટિંગ કામ કરે છે. પાંચમા બનાવમાં મુજકા ગામના કવાર્ટરમાં રહેતી ૩૦ વર્ષીય પૂજાબેન આકાશભાઈએ સવારના સમયે પોતાના ઘરે ફિનાઈલ પી લીધું હતું. પતિ ખાનગી નોકરી કરે છે અને કોઈ બાબતે દંપતી વચ્ચે અણબનાવ થતા પરિણીતાએ ઝેર ગટગટાવ્યું હતું.આ પાંચેય બનાવો અંગે પોલીસે હોસ્પિટલ પહોંચી નોંધ કરી છે. આત્મહત્યાના પ્રયાસ પાછળના જવાબદાર કારણો અંગે વધુ તપાસ હાથ ધરી છે. એક જ દિવસમાં આટલી મોટી સંખ્યામાં બનેલી ઘટનાઓએ શહેરની સામાજિક માનસિકતા પર ચિંતા જન્માવી છે.

# ગોંડલ ચોકડી પાસે મોટરસાયકલની અડફેટે પત્ની-પુત્ર સામે રાહદારીનું મોત

### પત્ની પુત્ર સાથે રસ્તો ક્રોસ કરતી વેળાએ અકસ્માત નડ્યો, પોલીસે બાઈકચાલકને ઝડપી પાડ્યો

**અબતક રાજકોટ**

શહેરના ગોંડલ ચોકડી પુલ નીચે રસ્તો ઓળંગી રહેલા આધેડને અજાણ્યા મોટરસાયકલ અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો, જેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના રૈયાધાર વિસ્તારમાં રહેતા બાબુભાઈ જીવાભાઈ પરમાર (ઉં ૪૨) ગઈકાલે પોતાની પત્ની અને પુત્ર સાથે શાપર જવા નીકળ્યા હતા, ત્યારે ગોંડલ ચોકડી પાસે સર્વિસ રોડ પર તેઓ જ્યારે ચાલીને રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે મોટરસાયકલે (GJ-03-PN-0156) બાબુભાઈને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો, અકસ્માતમાં બાબુભાઈને માથે અને શરીરે ગંભીર ઈજાઓ પહોચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં આજરોજ તેમનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક બાબુભાઈ વ્યવસાયે કડિયાકામ કરી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. તેમને સંતાનમાં એક પુત્ર છે. પોતે ત્રણ ભાઈ અને એક બહેનમાં વચેટ હતા.

ઘરના કમાતા મોભીના અકાળે મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બનાવની જાણ થતા જ પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. અકસ્માત સર્જનાર બાઈક ચાલકને પોલીસે ઝડપી પાડ્યો છે અને તેની સામે કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

# ભગવાન મહાવીર અને હનુમાનજી ત્યાગ અને સમર્થકોના પ્રતિક છે: આચાર્ય લોકેશજી

### ઈન્દોરમાં સમર્પણના પ્રતિક મહાવીર વિષયે યોજાયો મહા સંમેલન



**અબતક, રાજકોટ**

ભગવાન મહાવીર સ્વામી અને બજરંગબલી હનુમાનજીના જન્મોત્સવ નિમિત્તે ઈંદોર ખાતે 'સમર્પણના પ્રતિક મહાવીર' નામે ભવ્ય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક જૈન આચાર્ય લોકેશજી, શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના કોષાધ્યક્ષ સ્વામી ગોવિંદદેવગીરીજી મહારાજ તથા આર.એસ.એસના ક્ષેત્ર સંપર્ક પ્રમુખ પ્રવીણજી ગુપ્ત ઉપસ્થિત રહ્યા હતા.

સ્વામી ગોવિંદદેવગીરીજીએ જણાવ્યું કે ભારતીય સનાતન સંસ્કૃતિ શાશ્વત અને સમન્વયવાદી છે. હનુમાનજી શકિત, સંયમ, બ્રહ્મચર્ય અને સેવાભાવના પ્રતિક છે, જેમણે અહંકારનો ત્યાગ કરી સમાજને સાચી દિશા બતાવી છે.

જૈન આચાર્ય લોકેશજીએ જણાવ્યું કે ભગવાન મહાવીર અને ભગવાન રામ ત્યાગ, સત્ય અને ધર્મના પ્રેરક છે.

'વસુધૈવ કુટુંબકમ'ના સિદ્ધાંત દ્વારા સમગ્ર વિશ્વને એક પરિવાર તરીકે જોવાની ભાવના, યોગ, આધ્યાત્મિકતા અને પર્યાવરણ સંતુલનના મૂલ્યો માનવજાતને શાંતિ અને જ્ઞાનનો સંદેશ આપે છે.

આ અવસરે અયોધ્યાના શ્રી રામ દરબારના મૂર્તિકાર પ્રશાંત પાંડે રામલલાના વસ્ત્ર નિર્માતા મનીષ ત્રિપાઠીને 'મહાવીર સન્માન'થી નવાજવામાં આવ્યા હતા. સાથે જ દુબઈના ધીરજ જૈન, જેમણે યુદ્ધ દરમિયાન ભારતીયોને આશ્રય આપ્યો હતો, તેમનો પણ સન્માન કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમના આયોજક સાર્થક સંસ્થાના પ્રમુખ દીપક જૈન દ્વારા સ્વાગત ભાષણ સાથે કાર્યક્રમની માહિતી આપવામાં આવી હતી.

# અશાંતધારામાં બાકાત રહી ગયેલી સોસાયટીનો ઉમેરો કરી નવું નોટિફિકેશન જાહેર

### છોટુ નગર,ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની હદમાં આવતી કો.ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓ ઉપરાંત નિરંજન,આશુતોષ સોસાયટી,સ્વાસ્તિક ,જનતા જનાર્દન,જાગૃતિ શ્રમજીવી સોસાયટી જેવા વિસ્તારોના વિવિધ સિટી સર્વે નંબરોને ઉલ્લેખ કરાયો

**અબતક, રાજકોટ**

શહેરમાં સ્થાવર મિલકતોની તબદીલી અને ભાડૂતોને રક્ષણ આપવા માટે રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ દ્વારા એક અત્યંત મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા ૩૦ માર્ચ, ૨૦૨૬ ના રોજ એક સુધારેલું (રિવાઈઝ્ડ) જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ નવા જાહેરનામા મુજબ, રાજકોટ સિટીના વોર્ડ નંબર ૨ પોલીસ સ્ટેશનની હદમાં આવતા અનેક વિસ્તારોને 'અશાંત ધારા' હેઠળ આવરી લેવામાં આવ્યા છે. અગાઉ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ બહાર પાડવામાં આવેલા જાહેરનામાને બદલીને આ નવું અને વિસ્તૃત જાહેરનામું તાત્કાલિક અસરથી અમલમાં મૂકવામાં આવ્યું છે.

'ગુજરાત પ્રોહિબિશન ઓફ ટ્રાન્સફર ઓફ ઈમ્મુવેબલ પ્રોપર્ટી એન્ડ પ્રોવિઝન ફોર પ્રોટેક્શન ઓફ ટેનન્ટ્સ ફ્રોમ એવિકશન ફ્રોમ પ્રિમાઈસીસ ઈન ડિસ્ટર્બ્ડ એરિયાઝ એક્ટ, ૧૯૯૧' જેને સામાન્ય રીતે 'અશાંત ધારા' તરીકે ઓળખવામાં આવે છે. આ ધારાનો મુખ્ય ઉદ્દેશ અમુક વિસ્તારોમાં મિલકતોના ગેરકાયદેસર કે દબાણપૂર્વકના વેચાણને અટકાવવાનો છે. આ નવા નોટિફિકેશન (મુજબ, જાહેર કરાયેલા 'અશાંત વિસ્તારો'માં કોઈપણ સ્થાવર મિલકતનું વેચાણ કે ટ્રાન્સફર કરતા પહેલા સરકાર કે કલેક્ટરની પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત બનશે.

ગાંધીનગર મહેસૂલ વિભાગ દ્વારા જારી કરાયેલા આ જાહેરનામાના શેડ્યૂલમાં રાજકોટ સિટી વોર્ડ નંબર ૨ પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્રમાં આવતા વિસ્તારો અને તેની આસપાસના ૫૦૦ મીટરના વિસ્તારને 'ડિસ્ટર્બ્ડ એરિયા' તરીકે જાહેર કરવામાં આવ્યા છે.આ નવા નોટિફિકેશનમાં સેંકડો સિટી સર્વે નંબર અને રેવન્યુ સર્વે નંબરનો વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં ખાસ કરીને છોટુ નગર,ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની હદમાં આવતી કો.ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીઓ ,સિંગ સોસાયટી,નિરંજન સોસાયટી,આશુતોષ સોસાયટી,સ્વાસ્તિક સોસાયટી ,જનતા જનાર્દન સોસાયટી,જાગૃતિ શ્રમજીવી સોસાયટી આ ઉપરાંત અવંતિકા પાર્ક અને યોગેશ્વર પાર્ક જેવા વિસ્તારોના વિવિધ સિટી સર્વે નંબરોને પણ આ કાયદાના દાયરામાં સ્પષ્ટપણે સામેલ કરવામાં આવ્યા છે.

સરકારના આ જાહેરનામા મુજબ, આ કાયદો આગામી પાંચ વર્ષ માટે લાગુ રહેશે. રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે જેથી આ વિસ્તારોમાં મિલકતોના વેચાણમાં થતા ગેરકાયદેસર દબાણોને રોકી શકાય અને સામાજિક શાંતિ અને સલામતી જાળવી શકાય. અગાઉ જાન્યુઆરીમાં બહાર પડેલા નોટિફિકેશનને સ્થાને નવું અને વધુ સચોટ જાહેરનામું બહાર પાડીને સરકારે કાયદાકીય પ્રક્રિયાને વધુ મજબૂત બનાવી છે.

# ગાંધી વસાહતની શિક્ષિકાનો ડિપ્રેશનમાં આપઘાતનો પ્રયાસ

### મને ગમતું નથી'' કહી યુવતીએ ઝેરી દવા ગટગટાવી, સારવાર અર્થે સિવિલ ખસેડાયા

**અબતક રાજકોટ**

શહેરના જૂના મોરબી રોડ પર આવેલી ગાંધી વસાહત સોસાયટીમાં શિક્ષિકાએ માનસિક તણાવમાં આવી ઝેરી દવા પી લેતા ચકચાર મચી ગઈ છે. ડિપ્રેશનથી પીડાતી યુવતીને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.પ્રાપ્ત વિગતો મુજબ, શહેરના જૂના મોરબી રોડ પદ આવેલી ગાંધી વસાહતમાં રહેતી ક્રિષ્નાબેન હર્ષદભાઈ રાઠોડ (ઉ.વ. ૨૯)એ ઘરે ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ થતા જ પરિવારજનોએ તેને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પરિવારે જણાવ્યું હતું કે ક્રિષ્ના છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવ અને ડિપ્રેશનમાં હતી, જેના કારણે તેણે આ પગલું ભર્યું હતું. ક્રિષ્નાબેન પેડક રોડ પર આવેલી જવાહર સ્કૂલમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને સાથે ઘરે ટ્યુશન પણ કરાવે છે. પોતે પણ ઉચ્ચ અભ્યાસ ચાલુ રાખી ઉજ્જ્વળ કારકિર્દી બનાવવા માટે મહેનત કરી રહી હતી. જોકે, છેલ્લા થોડા દિવસોથી તે ગુમસુમ રહેતી હતી અને પરિવાર સમક્ષ ''મને ગમતું નથી'' કહી વારંવાર પોતાની માનસિક અસ્વસ્થતા વ્યક્ત કરતી હતી. આ આંતરિક મૂંઝવણ એટલી વધી ગઈ કે અંતે તેણે જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ક્રિષ્નાબેન બે ભાઈ અને એક બહેનમાં સૌથી મોટી છે. તેના પિતા હર્ષદભાઈ રીક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે.સ્થાનિક પોલીસે આ મામલે નોંધ કરી, માનસિક તણાવ પાછળનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

# ફાળદંગ ગામના શિવરાજ વાળાને હથિયાર સપ્લાય કરનાર એમપીનો શખ્સ ઝડપાયો

## પેરોલ ફર્લો સ્કોડની ટીમે છ માસથી ફરાર આરોપીને વાંકાનેરના મહીકા ગામેથી દબોચ્યો

**અબતક, રાજકોટ**

પેરોલ ફર્લો સ્કોડની ટીમે આર્મ્સ એક્ટના ગુનામાં છ મહિનાથી ફરાર આરોપીને વાંકાનેરના મહીકા ગામેથી પકડી લીધો હતો. ફાળદંગ ગામના શિવરાજ વાળાને પિસ્ટલ સપ્લાય કરનાર મૂળ એમપીના શખ્સને દબોચી આગળની તપાસ અર્થે પીસીબી ટીમને સોંપ્યો હતો.

સમગ્ર બનાવની વિગતો પર નજર કરવામાં આવે તો પીસીબી ટીમે ગત તા.૧૦-૧૦-૨૦૨૫ ના રોજ માલિયાસણ ગામેથી ફાળદંગ ગામના શિવરાજ ધીરુભાઈ વાળાને ગેરકાયદે પિસ્ટલ સાથે ઝડપી લીધો હતો. જે ગુનામાં હથિયારના સપ્લાયર તરીકે એમપીના શખ્સનું નામ ખુલતા શોધખોળ શરૂ કરવામાં આવી હતી. નાસતા ફરતા અને પેરોલ જમ્પ આરોપીઓને પકડી પાડવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાને પગલે પેરોલ ફર્લો સ્કોડના પીએસઆઈ જે જી તેરૈયાની ટીમ આરોપીઓને પકડી પાડવા સતત પ્રયત્નશીલ હતી. દરમિયાન હ્યુમન સોર્સ તેમજ ટેકનીકલ એનાલીસીસના આધારે કુવાડવા પોલીસ મથકમાં નોંધાયેલ આર્મ્સ એક્ટના ગુનામાં છ માસથી ફરાર આરોપી સામાભાઈ આદીયાભાઈ ખરાડી (ઉવ ૩૪ રહે. મૂળ સરદારપુર, ધાર, મધ્યપ્રદેશ હાલ રહે. મહીકા ગામ, વાકાનેર, મોરબી)ને વાંકાનેરના મહીકા ગામ ખાતેથી પકડી પાડી પીસીબી ટીમને સોંપવામાં આવેલ હતો.

આ કામગીરી પેરોલ ફર્લો સ્કોડબાં પીએસઆઈ જે જી તેરૈયા, એએસઆઈ જહીરભાઈ ખફિફ, ધર્મેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાજદિપસિંહ ચૌહાણ, સિરાજભાઈ ચાનીયા, રોહિતભાઈ કછોટ, અંકિતભાઈ નિમાવત, કોન્સ્ટેબલ અમીનભાઈ ભલુર, કુલદીપસિંહ જાડેજા, શાંતુબેન મુળીયા અને દોલતસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવી હતી.

# દેશની સુરક્ષા માટે શસ્ત્ર દળોને વધુ શશક્ત બનાવવાના કાયદાને સાંસદ રામભાઈ મોકરિયા દ્વારા આવકાર

## કેન્દ્રીય શસ્ત્ર પોલીસદળ કાયદાપર રાજ્યસભામાં થઈ ચર્ચા

**અબતક, રાજકોટ**

દેશની સુરક્ષામાં સેવારતો શસ્ત્ર દળોને વધુ સક્ષમ બનાવવાની દીશામાં કાર્યરત સાકારના પ્રવાસોની દેશભરમાં સરાહના થઈ રહી છે.

રાજ્યસભામાં કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલા કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ (સામાન્ય વહીવટ) વિધાનકાયદા, ૨૦૨૬ પર થયેલી ચર્ચા દરમિયાન રાજ્યસભાના સંસદસભ્ય રામભાઈ મોકરીયાએ મહત્વપૂર્ણ અને તાર્કિક રજૂઆત કરી કાયદાને આવકારેલ છે.

રામભાઈએ કહ્યું કે દેશની સુરક્ષા માટે કાર્યરત સશસ્ત્ર દળોને વધુ સશકત અને આધુનિક બનાવવા માટે આ વિધાનકાયદો ખૂબ જ જરૂરી છે. દેશના જવાનો દિવસ-રાત દેશની સુરક્ષા માટે તત્પર રહે છે, ત્યારે તેમની સુવિધા, વહીવટ અને કાર્યક્ષમતામાં સુધારો લાવવો કેન્દ્ર સરકારની પ્રાથમિકતા હોવી જોઈએ.તેમણે વધુમાં ઉમેર્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દેશની આંતરિક સુરક્ષા મજબૂત બનાવવા માટે સતત પ્રયાસશીલ છે અને આ વિધાનકાયદો તે દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે. આ વિધાનકાયદાને સંપૂર્ણ સમર્થન આપતા જણાવ્યું હતું કે, આ પગલાંથી સશસ્ત્ર દળોના કામકાજમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા વધશે, જેનાથી દેશની સુરક્ષા વધુ મજબૂત બનશે.

# મોરબી ખનીજ વિભાગની આવક ૬૩.૩૦%ના જંગી ઉછાળા સાથે રૂ.૫૨.૬૧ કરોડને આંબી ગઈ

## સુરેન્દ્રનગર ખનીજ વિભાગની આવકમાં પણ ૪૪%નો નોંધપાત્ર વધારોઃ કુલ રૂ. ૧૨૯ કરોડ સરકારી તિજોરીમાં જમા થયાં

**અબતક, રાજકોટ**

મોરબી જિલ્લા ખનીજ વિભાગની મહેસુલી આવકમાં એક જ વર્ષમાં ૬૩.૩૦% નો જંગી ઉછાળો નોંધાયો છે. ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં મોરબી ખનીજ વિભાગની મહેસુલી આવક રૂ. ૫૨.૬૧ કરોડ નોંધાઈ છે જે અગાઉના નાણાકીય વર્ષમાં રૂ. ૩૨.૨૧ કરોડ રહી હતી. જયારે સુરેન્દ્રનગર ખનીજ વિભાગની આવક પણ ૪૪% ના ઉછાળા સાથે રૂ. ૧૨૯ કરોડને આંબી ગઈ હતી.

પ્રાપ્ત વિગત અનુસાર મોરબી જિલ્લા ભુસ્તરશાસ્ત્રી જે એસ વાઢેર દ્વારા જિલ્લામાં ગેરકાયદે ખનન અને ખનીજ ચોરી વિરુદ્ધ લાલ આંખ કરી અસરકારક કામગીરી કરવા અપાયેલી સૂચનાની અસર વાર્ષિક સરવૈયામાં જોવા મળી છે. અગાઉ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં મોરબી ખનીજ વિભાગની મહેસુલી આવક રૂ.૩૨.૨૧ કરોડ નોંધાઈ હતી જેની સામે ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ૬૩.૩૦% ના જંગી ઉછાળા સાથે મહેસુલી આવક રૂ. ૫૨.૬૧ કરોડને આંબી ગઈ હતી. મોરબી ખનીજની મુખ્ય આવકના સ્રોત તરીકે બ્લેકટ્રેપ રહી હતી. જેના પેટે ગત નાણાકીય વર્ષમાં રૂ. ૨૫.૪૧ કરોડની આવક થઈ હતી જે અગાઉ રૂ. ૧૪.૬૭ કરોડ નોંધાઈ હતી. આ ઉપરાંત મેન્યુફેક્ચરીંગ સેન્ડમાં ૪૦૦% નો ઉછાળો નોંધાયો હતો. અગાઉના નાણાકીય વર્ષમાં ૧.૩૧ કરોડની આવક સામે ગત વર્ષે આવક રૂ. ૫.૨૯ કરોડ થઈ હતી. ઉપરાંત સેન્ડ સ્ટોન પેટે ૧૨.૦૮ કરોડ, ફાયર કલે પેટે ૧.૩૮ કરોડ, સાદી રેતી પેટે રૂ. ૪.૨૬ કરોડ, સિલિકા સેન્ડ પેટે રૂ. ૧.૨૨ કરોડ અને ચાઈના કલે પેટે રૂ. ૮૯ લાખની આવક નોંધાઈ હતી.

બિલ્ડીંગ લાઈમસ્ટોન અને મોરમ પેટે બમણી વૃદ્ધિ નોંધાઈ હતી. જે આવક રૂ. ૬.૩૫ લાખથી વધી ૧૪.૧૨ લાખ થઈ હતી. જયારે ઓરડીનરી કલેની આવક ૫૧.૪૧ લાખથી ઘટી ૨૨.૩૬ લાખ થઈ હતી.

સુરેન્દ્રનગરના ઈન્ચાર્જ ભુસ્તરશાસ્ત્રી તરીકે પણ જે એસ વાઢેરની કામગીરી નોંધપાત્ર સાબિત થઈ છે.

અહીં સુરેન્દ્રનગર જિલ્લા ખનીજ વિભાગની આવક ૪૪% ના ઉછાળા સથવા ૧૨૯.૧૯ કરોડએ પહોંચી ગઈ હતી. જે આવક નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૮૯.૪૦ કરોડ નોંધાઈ હતી. સુરેન્દ્રનગર ખનીજ વિભાગને સૌથી વધુ બ્લેકટ્રેપ પેટે રૂ.૯૭.૯૬ કરોડની આવક થઈ હતી જે અગાઉ ૬૫.૭૬ કરોડ રહી હતી. સાદી રેતી પેટે ૧૨.૭૨ કરોડ, સિલિકા સેન્ડ પેટે ૫.૦૫ કરોડ, ફાયર કલે અને સેન્ડસ્ટોન પેટે રૂ. ૨.૨૩ કરોડ, હાર્ડ મોરમ પેટે રૂ. ૪૪.૨૪ લાખની આવક નોંધાઈ હતી.

## ભુસ્તરશાસ્ત્રી જે એસ વાઢેરની ટીમની નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં પ્રસંશનીય કામગીરી

# શાપરના ગંગા ગેટ નજીકથી બિહારી શખ્સ પિસ્ટલ સાથે ઝડપાયો

## એકાદ વર્ષ પૂર્વે પ્રયાગરાજથી ખરીદી કર્યાની અને સીનસપાટા માટે સાથે રાખ્યાનું રટણ



તસ્વીરઃ સલીમ પતાણી

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા શાપરના ગંગા ગેટ મફતીયાપરા પાસેથી પોલીસે હાલ શાપરમાં રહેતા મૂળ બિહારના વતની શખસને દેશી બનાવટની પિસ્તોલ સાથે ઝડપી લીધો હતો. પોલીસે આ શખસની પૂછતાછ કરતા એક વર્ષ પૂર્વે તે પ્રયાગરાજ ગયો હતો. ત્યારે અહીંથી હથિયાર લાવ્યાની અને સીનસપાટા કરવા સાથે રાખતા હોવાની કબુલાત આપી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, શાપર વેરાવળ પોલીસ મથકના પી.આઈ.આર.બી રાણાની રાહબરી હેઠળ ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ ડી.આર. સરવૈયા અને કોન્સ્ટેબલ રાજદીપસિંહ જાડેજાને મળેલી બાતમીના આધારે હાલ શાપરમાં ઢોલરા રોડ પર આશ્રમ હોમ સોસાયટીમાં રહેતા મૂળ બિહારના વતની શખદસ સુમિત સુગ્રીવભાઈ સિંગ (ઉ.વ.૨૨) ને શંકાસ્પદ હાલતમાં ઝડપી લીધો હતો. પોલીસે આ શખસની અંગ ઝડતી લેતા તેની પાસેથી દેશી બનાવટની પિસ્ટલ મળી આવી હતી. જેથી પોલીસે રૂ. ૧૦,૦૦૦ ની કિંમતનું આ હથિયાર કબજે કરી આ શખસ વિરુદ્ધ આર્મ્સ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

હથિયાર સાથે ઝડપાયેલા સુમિતની પૂછતાછ કરતા તે અહીં શાપરમાં મજૂરીકામ કરતો હોવાનું જણાવ્યું હતું. એકાદ વર્ષ પૂર્વે તે પ્રયાગરાજ ગયો હતો ત્યારે અહીં રેલ્વે સ્ટેશન પાસે એક પાસેથી આ હથિયાર ખરીદ્યું હોવાની કબુલાત આપી હતી. રોફ જમાવવા માટે હથિયાર સાથે રાખ્યાનું રટણ કર્યું હતું. આ કામગીરીમાં શાપર પોલીસ મથકના પીઆઈ આર.બી. રાણા, એએસઆઈ ડી.આર. સરવૈયા, હેડ કોન્સ્ટેબલ દિનેશભાઈ ખાટરીયા, જગદીશભાઈ ઝાલા, કોન્સ્ટેબલ અલ્પેશભાઈ, લગધીરસિંહ, વિમલભાઈ, રાજદીપસિંહ અને મનસુખભાઈ સાથે રહ્યા હતા.

(પહેલા પાનાનું ચાલું)

### શેરબજાર...

ગ્રીનઝોનમાં આવી હતી. આજે નિફ્ટીની નિચલી સપાટી ૨૨,૧૮૨ અને ઉપલી સપાટી ૨૨,૭૦૬ રહેવા પામી હતી. આમ ૫૨૫ પોઈન્ટથી પણ વધુની અફરાતફરી રહેવા પામી હતી. યુદ્ધની અસરના કારણે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો તાજેતરમાં ૯૫ની સપાટી ઓળંગી ગયો હતો. આજે ડોલર સામે રૂપિયામાં સારીએવી મજબુતી રહી હતી. આજે ૧.૭૦ પૈસાની મજબુતી સાથે રૂપિયા ૯૩.૦૮ના લેવલે આવી ગયો છે. જેના કારણે બજારમાં ભારે રિકવરી દેખાઈ હતી. બુલિયન બજાર હજુ પણ રેડઝોનમાં છે. આજે એમસીએક્સ પર ચાંદીના ભાવમાં ૧૪,૪૦૦ અને સોનાના ભાવમાં ૫,૧૫૦થી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો.

આ લખાઈ રહ્યું છે ત્યારે સેન્સેક્સ ૫૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૩,૦૮૪ અને નિફ્ટી ૪ પોઈન્ટના ઘટાડા સાથે ૨૨,૬૭૫ પર કામ કાજ કરી રહ્યા છે. ચાંદીના ભાવ રૂા. ૨,૨૯,૪૦૦ અને સોનાના ભાવ રૂા. ૧,૪૮૫૬૦ ચાલી રહ્યા છે. જે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો ૧.૭૦ પૈસાની મજબુતી સાથે ૯૩.૦૭ પર ટ્રેડ કરી રહ્યો છે. ટુંકમાં અમેરિકી રાષ્ટ્રપતિના નિવેદનને શેરબજારે સારી રીતે પચાવી લીધું છે. રૂપિયો મજબુત બનવાના કારણે બજારમાં આજે રિકવરી રહેવા પામી હતી.

### જીએસટી...

રૂપિયા ૨૨.૨૭ લાખ કરોડને પાર થઈ ગયું છે.

ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર ૨૦૨૫થી અમલમાં આવે તે રીતે લગભગ ૩૭૫ જેટલી વસ્તુઓ પર જીએસટી દરમાં ઘટાડો કરવામાં આવ્યો હતો, જેથી વસ્તુઓ સસ્તી થઈ હતી. ઉપરાંત, ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકાના ચાર ટેક્સ સ્લેબને મર્જ કરીને ૫ અને ૧૮ ટકાના બે સ્લેબ બનાવવામાં આવ્યા હતા, જેમાં કેટલીક પસંદગીની અલ્ટ્રા લક્ઝરી ચીજવસ્તુઓ અને તમાકુ ઉત્પાદનો માટે ૪૦% નો સૌથી ઊંચો સ્લેબ રાખવામાં આવ્યો છે.

ટેક્સ ઘટાડાના અમલીકરણના પ્રથમ મહિનામાં એટલે કે નવેમ્બરમાં જીએસટી કલેક્શનમાં પ્રારંભિક ઘટાડો જોવા મળ્યો હતો અને આવક ઘટીને રૂપિયા ૧.૭૦ લાખ કરોડ થઈ હતી. જોકે, ત્યારબાદ તેમાં સતત સુધારો જોવા મળ્યો હતો. ડિસેમ્બરમાં તે વધીને રૂપિયા ૧.૭૪ લાખ કરોડ, જાન્યુઆરીમાં રૂપિયા ૧.૯૩ લાખ કરોડ અને ફેબ્રુઆરીમાં તે રૂપિયા ૧.૮૩ લાખ કરોડથી વધુ નોંધાયું હતું.

માર્ચ મહિના દરમિયાન રિફંડ ઈશ્યુઅન્સ ૧૩.૮% વધીને રૂપિયા ૨૨,૦૭૪ કરોડ થયું હોવાનું નવીનતમ ડેટા દર્શાવે છે. આ રિફંડને એડજસ્ટ કર્યા પછી, માર્ચ મહિનામાં ચોખ્ખી જીએસટી આવક (નેટ જીએસટી રેવન્યુ) આશરે રૂપિયા ૧.૭૮ લાખ કરોડ રહી છે, જે વાર્ષિક ધોરણે ૮.૨% નો વધારો દર્શાવે છે.

### ભૂંકપ...

કરતા હાઈ એલર્ટ જારી કર્યું છે.

મોલુક્કા સાગરમાં ૩૫ કિલોમીટરની ઊંડાઈએ ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપનું કેન્દ્ર ટર્નેટ નામના નાના ટાપુ પાસે સમુદ્રમાં હતું. હવાઈ સ્થિત પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરે જણાવ્યું છે કે ઈન્ડોનેશિયા, ફિલિપાઈન્સ અને મલેશિયાના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂકંપના કેન્દ્રથી ૧,૦૦૦ કિમીના દાયરામાં જોખમી સુનામી લહેરો ઉઠી શકે છે.

ઉત્તરી સુલાવેસી પ્રાંતના મનાડો શહેરમાં ભૂકંપના આંચકા એટલા તેજ હતા કે શહેરના લોકો જાગી ગયા હતા અને ગભરાઈને ઘરોની બહાર દોડી આવ્યા હતા. એક વ્યક્તિએ જણાવ્યું, "હું તરત જ જાગી ગયો અને ઘરની બહાર નીકળી ગયો. લોકો ગભરાઈને બહાર ભાગવા લાગ્યા હતા. નજીકમાં જ એક સ્કૂલ છે, ત્યાંના વિદ્યાર્થીઓ પણ જીવ બચાવવા માટે ઝડપથી બહાર મેદાન તરફ દોડ્યા હતા.

### સોના ચાંદી...

૧૦૦ ટકા એક્સપોર્ટ ઓરિએન્ટેડ યુનિટ્સ દ્વારા થતી આયાતને આ નિયંત્રણોમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ ઉપરાંત, વિદેશી નીતિ હેઠળ જેમ્સ એન્ડ જ્વેલરી નિકાસ યોજનાઓ અંતર્ગત થતી આયાતને પણ રાહત આપવામાં આવી છે. એક ઉદ્યોગ અધિકારીના જણાવ્યા અનુસાર, કેટલાક આયાતકારો દ્વારા ભારત-આસિયાન એફટીએનો દુરુપયોગ થતો હોવાથી આ પગલું લેવાયું છે. તેમણે સરકારને સાચા વેપારીઓની સુવિધા માટે લાયસન્સ પ્રક્રિયા સરળ બનાવવાની અપીલ કરી છે.

ઉલ્લેખનીય છે કે, ભારત ૨૦૧૦થી ૧૦ દેશોના સાઉથ ઈસ્ટ એશિયન નેશન બ્લોક સાથે ગુડ્સ માટે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ ધરાવે છે. કેટલાક વેપારીઓ થાઈલેન્ડ જેવા દેશોમાંથી અનસ્ટડેડ જ્વેલરીના નામે ડ્યુટીના તફાવત અને ટેરિફનો ફાયદો ઉઠાવીને કમાણી કરવા આ એફટીએનો દુરુપયોગ કરતા હતા, જેને ડામવા આ પગલું લેવાયું છે. અગાઉ સરકારે ગત વર્ષે નવેમ્બરમાં અમુક પ્રકારની પ્લેટિનમ જ્વેલરી પર આ વર્ષના એપ્રિલ સુધી અને સપ્ટેમ્બર ૨૦૨૫માં ચાંદીની જ્વેલરી પર આ વર્ષના માર્ચ મહિના સુધી આવા જ નિયંત્રણો લાદ્યા હતા.

### અનિલ અંબાણી...

હેઠળ નોંધવામાં આવ્યો છે. એવો આરોપ છે કે રિલાયન્સ કોમ્યુનિકેશન્સ લિમિટેડ અને તેના મેનેજમેન્ટ દ્વારા કંપનીની નાણાકીય સ્થિતિ અને સુરક્ષા અંગે ખોટી રજૂઆતો કરીને એલઆઈસીને છેતરવામાં આવી હતી. આ ખોટી માહિતીના આધારે એલઆઈસીને રૂપિયા ૪,૫૦૦ કરોડના નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર્સખરીદવા માટે પ્રેરિત કરવામાં આવી હતી.

એલઆઈસી અને સીબીઆઈના દાવા મુજબ, ૧૫ ઓક્ટોબર, ૨૦૨૦ ના ફોરેન્સિક ઓડિટ રિપોર્ટના આધારે આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ રિપોર્ટમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે રિલાયન્સ કોમ્યુનિકેશન્સ અને તેના મેનેજમેન્ટે બેંકો અને નાણાકીય સંસ્થાઓ પાસેથી એકત્ર કરાયેલા ભંડોળનો દુરુપયોગ કર્યો હતો અને સબસિડિયરી કંપનીઓ મારફતે આ ફંડને અન્યત્ર ડાયવર્ટ કર્યું હતું.

### બજેટ સત્ર...

આધારે બેઠકોનું સીમાંકન કરવામાં આવશે. તમામ રાજ્યોમાં લોકસભા અને વિધાનસભાની બેઠકોમાં ૫૦ ટકાનો વધારો કરવામાં આવશે. આ વધારો પ્રમાણસર હોઈ શકે છે. જેમ કે, ઉત્તર પ્રદેશમાં ૮૦ને બદલે ૧૨૦ લોકસભા બેઠકો, બિહારમાં ૪૦ને બદલે ૬૦ બેઠકો, તમિલનાડુમાં ૩૯ને બદલે ૫૮ અથવા ૫૯ બેઠકો. બેઠકોમાં આ રીતે વધારો કરીને તેમાંથી ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત કરી દેવામાં આવશે.

(ત્રીજા પાનાનું ચાલું)

### સેન્સ...

શહેર ભાજપ કાર્યાલય ખાતે બાકીના ૬ વોર્ડ માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં પણ કાર્યકરોનો ટીકીટ માગણી માટે ભારે ધસારો જોવા મળ્યો હતો. વોર્ડ નં. ૯ માં ૭૭ કાર્યકરો, વોર્ડ નં. ૧૦માં ૫૭ કાર્યકરો, વોર્ડ નં. ૧૧માં ૭૭ કાર્યકરો, વોર્ડ નં. ૧૨માં ૩૧ કાર્યકરો અને વોર્ડ નં. ૧૮માં અત્યાર સુધીમાં ૧૨ કાર્યકરોએ કોર્પોરેશનની ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી દાવેદારી રજૂ કરી છે. ૯૫૦ જેટલા ફોર્મ ભરાયા છે. આ સાંજ સુધીમાં એક હજારને પાર થઈ જાય તેવું લાગી રહ્યું છે. સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નિરિક્ષકો દાવેદારોનું એક લિસ્ટ શહેર ભાજપ પ્રમુખને સુપ્રત કરશે અને એક લિસ્ટ પોતાની સાથે લઈ જશે જે પ્રદેશમાં રજૂ કરશે. હજુ સુધી ટિકિટ ફાળવણી માટે નિયમો નક્કી કરવામાં આવ્યા નથી. જે રવિવાર સુધીમાં ફાઈનલ થઈ જવાની શક્યતા છે. હાલ ધારાસભ્ય અને શહેર ભાજપના આગેવાનો અલગ અલગ જિલ્લા અને મહાનગરોમાં નિરિક્ષક તરીકે પ્રવાસ પર છે. આવતી કાલે સાંજ સુધીમાં સેન્સ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શનિવારે સંભવતઃ શહેર ભાજપ સંકલન સમિતિની બેઠક મળશે. જેમાં નિરિક્ષકો અને પ્રદેશની સુચના અનુસાર બેઠક માટે નામોની પેનલ બનાવવામાં આવશે.

### જિલ્લા પંચાયત...

દ્વારા નિરીક્ષક તરીકે રાજ્ય સરકારના મંત્રી પ્રવીણભાઈ માળી, પૂર્વ ગાંધીનગર શહેર મહામંત્રી અતુલભાઈ પટેલ તેમજ ગાંધીનગર શહેર મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્ય રાકેશભાઈ શાહ, પૂર્વ પ્રદેશ ઉપપ્રમુખ કૌશલ્યાકુંવરબા પરમાર, પૂર્વ પ્રદેશ યુવા મહામંત્રી કૌશલભાઈ દવેને જવાબદારી સોંપવામાં આવી છે.આજે સવારથી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે દેવદારોને સાંભળવામાં આવી રહ્યા છે.આજે જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે કોટડાસાંગાણી તાલુકા,વિછીયા તાલુકા,જસદણ તાલુકાના કાર્યકરોને સાંભળવામાં આવશે.કાલે લોધિકા તાલુકા, પડધરી તાલુકા અને રાજકોટ તાલુકાની સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.દાવેદારોના ટોળેટોળા ઉમટી રહ્યા છે.

(ચોથા પાનાનું ચાલુ)

### હાઉસિંગ બોર્ડ...

ક્ષણના સાક્ષી બનવા રાજકોટ જિલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ભાનુબેન બાબરિયા, દર્શિતાબેન શાહ, દુર્લભજીભાઈ દેથરિયા, તેમજ માધવભાઈ દવે, મહાનગરપાલિકાના આયુકત તુષાર સુમેરા, જિલ્લા સમાહર્તા ઓમપ્રકાશ ઉપસ્થિત રહ્યા હતા.

આ સાથે જ સમાજસેવી અગ્રણીઓ ભરતભાઈ શાહ, વિજયભાઈ શાહ, જીતુભાઈ ધોળકિયા, કૌશિકભાઈ સોલંકી, નિશ્ચલભાઈ સંઘવી, ભજ મહામંત્રીઓ વલ્લભભાઈ દુધાત્રા, યોગરાજસિંહ જાડેજા, લલિતભાઈ વાડોલિયા, અશ્વિનભાઈ મોલિયા અને ભાવિકભાઈ અગ્રાવત સહિતના અગ્રણીઓ તથા વિશાળ સંખ્યામાં આવાસ મંડળના સભ્યો રહ્યા હતા.

### આંતરરાષ્ટ્રીય ફિલ્મ ફેસ્ટિવલ...

માનવીય સંવેદનાઓ અને મૂળભૂત અધિકારોનું પ્રભાવશાળી ફિલ્માંકન કરવામાં આવ્યું છે. ફિલ્મમાં જુતા દવેએ પત્રકાર તરીકેની ભૂમિકા ખૂબ જ સચોટ રીતે નિભાવી છે, જ્યારે શૈલેષ પંડ્યાના સંગીત અને ગાયકીએ ફિલ્મમાં પ્રાણ પૂર્યા છે. જાણીતા નાટ્ય લેખક ધર્મેન્દ્ર પંડ્યાએ એડિટરની સાથે અભિનયમાં પણ ઉત્તમ ક્ષમતા દાખવી છે અને દર્શના દેસાઈએ મહિલા અગ્રણીના પાત્રને ન્યાય આપ્યો છે. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન બાલભવનના કિરીટભાઈ વ્યાસ તેમજ ભગવાન થાવરાણી અને સિદ્ધાર્થ દસાદિયાનો વિશેષ સહયોગ પ્રાપ્ત થયો હતો.

(૧૧માં પાનાનું ચાલુ)

### હનુમાન જયંતી

ભવ્ય અભિષેક અને વિશેષ શણગાર (વાઘા) કરવામાં આવે છે, જે ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. ઘણા મંદિરોમાં સમૂહ હનુમાન ચાલીસાના પાઠ, સુંદરકાંડના પાઠ અને મહાઆરતીનું સુંદર આયોજન થાય છે.

આ ઉપરાંત, શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદ અને ભંડારાની પણ વ્યવસ્થા કરવામાં આવે છે, જેમાં હજારોની સંખ્યામાં લોકો અત્યંત શ્રદ્ધાપૂર્વક પ્રસાદ ગ્રહણ કરીને ધન્યતા અનુભવે છે. ઉજવણીના ભાગરૂપે રાજકોટના રાજમાર્ગો પર ભવ્ય શોભાયાત્રાનું પણ આયોજન કરવામાં આવે છે. આ શોભાયાત્રામાં શણગારેલા રથો, ધૂન-ભજનની મંડળીઓ અને હનુમાનજીના વિવિધ સ્વરૂપોના ફ્લોટ્સ લોકોમાં ભારે આકર્ષણ જગાવે છે.

### પુ.જીજ્ઞેશદાદા

અગ્રણી બાદલભાઈ રાજાણી, જયભાઈ ફલિયા, અશ્વિનભાઈ પોબારૂ, આર.સી.સી. બેંકના સીઈઓ પરસોત્તમભાઈ પીપરીયા, રાજકોટ લોહાણા મહાજન કારોબારી પ્રમુખ ડો.નિશાંતભાઈ ચોટાઈ, મારવાડી યુનિવર્સિટીના વાઈસ ચેરમેન જીતુભાઈ ચંદારાણા, મુકેશભાઈ પાબારી સહિતના આગેવાનો હાજર રહ્યા હતા અને કથા શ્રવણ કરી પુણ્યનું ભાથુ બાંધ્યું હતું.

### હિન્દુ યુવા સંમેલન

મોટેરાને આપણી હિન્દુ સંસ્કૃતિ અને જીવન શૈલી સો ધર્મશિક્ષણની દિક્ષાત્મક વાત કરી હતી.આ તકે નાગરીક બેંકના પૂર્વ ચેરમેન અને સહકાર ભારતી ગુજરાત પ્રદેશના ઉપપ્રમુખ નલીનભાઈ વસાએ ભારતીય સંસ્કૃતિની ધરોહરના સંવર્ધનની વાત સાથે મનનીય ઉદબોધન કરેલ હતુ. કાર્યક્રમની સફળતા માટે મૌલેશભાઈ ઉકાણી અને જગદીશભાઈ કોટડીયાએ શુભેચ્છા પાઠવી હતી.

જાગૃત હિન્દુ, સંગઠીત હિન્દુ અને શકિતશાળી હિન્દુ વિષયક આ કાર્યક્રમનું આયોજન સમિતિના હિતેન્દ્રભાઈ કપુરીયા, રસીકાઈ કાવઠીયા, મનસુખભાઈ મેઘપરા અને વિપુલભાઈ ભલાણી, આનંદસિંહ ઠાકુર સહિતના અગ્રણીઓનાં માર્ગદર્શન તળે સમિતિના સભ્યોએ સુંદર વ્યવસ્થા જાળવી હતી.

કાર્યક્રમ સંચાલન અરૂણ દવે અને હરેશભાઈ જોશીએ કરેલ હતુ. ખાસ મહિલા સમિતિના સભ્યો દ્વારા સુંદર ડેકોરેશન અને મહિલાઓની શ્રેષ્ઠ વ્યવસ્થા સંભાળી હતી. દાતાઓએ પણ સુંદર સહયોગ આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

(૧૨માં પાનાનું ચાલુ)

### જૈન પ્રીમિયર લીગ

માહિતી આપી હતી.

લીગને વધુ આકર્ષક બનાવવા માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટાર્સ જેમ કે જોન્ટી રોડ્સ અને સનથ જયસૂર્યાને મેન્ટર અને આઈકોન પ્લેયર તરીકે સમાવેશ કરવાની યોજના છે. આનાથી યુવા જૈન ખેલાડીઓને પ્રોફેશનલ ક્રિકેટના પ્લેટફોર્મ પર તક મળશે અને તેમની પ્રતિભા વિકસાવવાની તકો વધશે.

જૈન પ્રીમિયર લીગની આ સફળતા કોમ્યુનિટી આધારિત સ્પોટ્ર્સને વ્યાવસાયિક સ્તરે લઈ જવાનું એક ઉત્તમ ઉદાહરણ છે. આ લીગ માત્ર ક્રિકેટની નહીં, પરંતુ જૈન સમુદાયની એકતા, ઉત્સાહ અને વ્યવસાયિક વિઝનનું પ્રતીક બની રહી છે. આગામી સીઝનમાં ૧૨ ટીમો વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળશે, જે ક્રિકેટ પ્રેમીઓ માટે એક મોટું આકર્ષણ સાબિત થશે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ૧૩૫-ડીનો નિયમ...

નોટીસ વગર, તે જ દિવસે વેચાણ દસ્તાવેજની નોંધ પાડવામાં આવશે. આવા કિસ્સાઓમાં ૧૩૫ડીની નોટિસ બજવવાની પ્રક્રિયા સિવાય સીધી નોંધનો નિર્ણય લેવામાં આવશે અને વેચાણની નોંધ તુરંત પ્રમાણિત કરીને 'પાકી એન્ટ્રી' કરવામાં આવશે.

આ ઉપરાંત સક્ષમ અદાલત કે ટ્રિબ્યુનલ દ્વારા આપવામાં આવેલા હુકમોની નોંધ વખતે પણ હવે ૧૩૫ડીની નોટીસ બજવવાની રહેશે નહીં, તેની સીધી જ અમલાવારી કરવામાં આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

જો એક વર્ષની અંદર રેકોર્ડમાં કોઈ ફેરફાર થયો હોય, વેચાણ પાવર ઓફ એટર્ની દ્વારા કરવામાં આવ્યું હોય, ૭/૧૨માં દેખાતા તમામ વ્યક્તિઓની દસ્તાવેજમાં સહી ન હોય અથવા કોઈ કેસ પેન્ડિંગ હોય તેવા તપાસની જરૂરિયાતવાળા કિસ્સામાં નોટિસનો સમયગાળો ૩૦ દિવસથી ઘટાડીને માત્ર ૭ દિવસ કરવામાં આવ્યો છે. આ ૭ દિવસમાં સાચા હકદારો પોતાના આધાર-પુરાવા રજૂ કરી શકશે, જેથી કોઈને અન્યાય ન થાય. આ સુધારાઓથી રાજ્યના ખેડૂતો, મિલકત ખરીદનારાઓ અને સામાન્ય જનતાને બિનજરૂરી કાયદાકીય ગૂંચવણ અને વિલંબમાંથી કાયમી મુક્તિ મળશે. સાથે જ, સીધી લીટીના વારસદારો વચ્ચે થતી તબદીલીમાં પણ હવે બિનજરૂરી હેરાનગતિ બંધ થશે.

### રસ્તાઓને ટનાટન...

જવાબદારી આવશે. સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી લાંબાગાળે લાઈફ-સાયકલ કોસ્ટમાં ઘટાડો થશે અને રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર રોકાણનું રક્ષણ થશે તથા ખાડામુક્ત રસ્તા અને યોગ્ય સાઈનેજના કારણે માર્ગ અકસ્માતોમાં પણ ઘટાડો થશે.

ઉલ્લેખનીય છે કે, નાગરીકોને આ આધુનિક પદ્ધતિનો લાભ મળી શકે તે માટે જેમના ટેન્ડર હજુ બહાર પડ્યા નથી તેવા કામોને પણ આ નિર્ણય લાગુ પડશે. આ નિર્ણયથી રસ્તાઓનું આયુષ્ય વધશે, મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત થશે અને લાંબા ગાળે સરકારના ખર્ચમાં ઘટાડો થશે. આ નિર્ણયો રાજ્યની જનતાની સુખાકારી અને 'વિકસિત ગુજરાત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મહત્વનું કદમ સાબિત થશે, તેમ પ્રવકતા મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું.

## દુઃખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** મુળ લતીપુર હાલ રાજકોટ નિવાસી ગૌ.વા. ગોરધનદાસ હરજીવનદાસ લોલારીયાના પત્ની ગં.સ્વ. સવિતાબેન ગોરધનદાસ લોલારિયા શ્રી ભરતભાઈ, અશોકભાઈ, વસંતબેન, પુષ્પાબેન, હકુબેન, ભારતીબેનના માતા અને સાગરભાઈ દાદી તથા સ્વ. ચમનલાલ, ઉમેદલાલ અને સ્વ. જેઠાલાલ મોનજીભાઈ આડેસરાના બહેનનું તા. ૧-૪-૨૬ના રોજ અવસાન થયું છે.

**રાજકોટઃ** મુળ અમરનગર નિવાસી સ્વ. ધનુબેન નાનજીભાઈ સરવૈયા તે નૈલેશભાઈ તથા મનીષભાઈના માતા તથા અભિરાજના દાદીમાનું તા. ૧ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૩ ના રોજ શુક્રવારે શ્રીનગર શેરી નં. ૬ ગુણેશ્વર મહાદેવના મંદિરે રાખેલ છે.

**રાજકોટ :** સ્વ.શ્રી ધનજીભાઈ ગોરધનભાઈ ભાયાણી (ખરેડી વાળા) હાલ રાજકોટ તે હરેશભાઈ તથા શૈલેષભાઈ ના પિતા તથા કાજલબેન તથા ગીતાબેન ના સસરા તથા સ્વ. ચંદુભાઈ તથા ધીરજભાઈના નાના ભાઈ નું અવસાન તા.૧/૦૪/૨૦૨૬ ના રોજ થયેલ છે તેમનું બેસણું તેમના નિવાસસ્થાન'' સ્વપન લોક સોસાયટી'' બ્લોક નંબર ૮૭ રામાપીર ચોકડી પાસે રાજકોટ ખાતે તા. બીજી એપ્રિલ ને ગુરૂવારના રોજ સાંજે ૪: ૦૦ થી ૫: ૦૦ દરમ્યાન રાખેલ છે.

**મોરબીઃ** લજાઈ (ટંકારા) નિવાસી દામજીભાઈ વાલજીભાઈ કોટડીયા (ઉ.વ.૭૦) તે બાલુભાઈષ લાભુભાઈ અને ચંદુલાલના ભાઈ તેમજ અશોકભાઈ અને જીતેન્દ્રભાઈના પિતાનું તા. ૫ ના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટઃ** મહેન્દ્રભાઈ નાગજીભાઈ ચોટલિયા તે નિશાંતભાઈના પિતા, નરેન્દ્રભાઈ ચોટલિયા (રેલવે) ચંદ્રિકાબેન ધીરજલાલ ભાલિયા, પ્રફૂલાબેન દિનેશચંદ્ર પોરિયા, ધનલક્ષ્મીબેન હરિશભાઈ રાઠોડ, રીટાબેન હિરેનભાઈ મારૂ, રશ્મીબેન મહેશભાઈ ખોલિયાના ભાઈનું તા.૧ને બુધવારના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા.૩ને શુક્રવારે સાંજે ૫ થી ૬ અંબે મા મંદિર, પરાસર પાર્ક, શેરી નં.૪ સુંદરમ શિલ્પ એપાર્ટમેન્ટની બાજુમાં રવિકૃષ્ણ હાઈટ્સની સામેની શેરી, જામનગર રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જરે પીએસઆઇ અને પીઆઇની બદલીનો ગંજીફો ચિંપ્યો

## ૧૦ પીએસઆઇ, આઠ પીઆઈની આંતરિક બદલી,અન્ય જિલ્લામાંથી બદલી પામીને આવેલા આઠ પોલીસ ઈન્સ્પેક્ટરને નિમણૂકઃ ભાયાવદર પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ તરીકે એ. બી.જાડેજા

અબતક,રાજકોટ

રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા પી.એસ.આઇ. અને પીઆઈની બદલીનો ગંજીપો ચીપવામાં આવ્યો છે જેમાં આઠ પી આઈ અને ૧૦ પીએસઆઇ ની આંતરિક બદલી કરવામાં આવી છે જ્યારે અન્ય જિલ્લામાંથી બદલી પામીને આવેલા આઠ પોલીસ ઈન્સ્પેક્ટરને પોસ્ટિંગ આપવામાં આવ્યું છે. વધુ વિગત મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની આચાર સહિતા આમલી બને તે પૂર્વે બદલી અને બઢતીનો પોલીસ બેડામાં દોર ચાલુ થયો હતો જેમાં રાજ્યના પોલીસ વડા કે એલ એન રાવ દ્વારા ૫૫૦ થી વધુ પોલીસ ઈન્સ્પેક્ટરોની સામૂહિક બદલીના હુકમો કર્યા હતા. જે તમામ રાજકોટ એસ.પી. ઓફિસ હાજર થયા છે. જેને પગલે જિલ્લા



જિલ્લા પોલીસ વડા
વિજયસિંહ ગુર્જર

પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા સુરેન્દ્રનગરના એચ.જી ગોહિલને ભાડલા, પોરબંદરના એમ.એલ આહીરને જેતપુર તાલુકા, અમદાવાદ ગ્રામ્યના જી.આર ઝાલાને ગોંડલ સીટી એ ડિવિઝન, જુનાગઢ પીટીસીના એમ જે પરમારને મેટોડા જીઆઈડીસી, એચ એમ ધાંધલ ને ઉપલેટા, આઈબીના એન.એસ શુકલાને એલઆઈબી, સુરત શહેરના વાય એમ ગોહિલને પાટણવાવ અને પોરબંદરના પીડી જાદવને જામકંડોરણા પોલીસ મથકના પી.આઈ તરીકે નિમણૂક આપવામાં આવી છે. જ્યારે જિલ્લાના આઠ પીઆઈની આંતરિક બદલી કરવામાં આવી છે જેમાં ધોરાજી તાલુકાના જે પી ગોસાઈને જસદણ ઉપલેટા ના બી.આર પટેલને ધોરાજી સીટી મેટોડા જીઆઈડીસી ના એસ.એચ શર્મા ને જેતપુર ઉદ્યોગ નગર લોધિકાના યુઆર ડામોર ને કોટડા સાંગાણી પાટણવાવના એમ જી ચૌહાણને પડધરી કોટડા સાંગાણીના આર એમ રાઠોડને આટકોટ અને પડધરીના એસ એન પરમાર ને લોધિકા પોલીસ મથક ખાતે મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૦ psi ની જિલ્લામાં આંતરિક બદલી કરવામાં આવી છે જેમાં શાપરના એબી જાડેજા ને ભાયાવદર જેતપુર ઉદ્યોગ નગરના એલ.ડી મેતાને વિછીયા ના કેબી ગઢવી ને જેતપુર ઉદ્યોગ નગર જેતપુર સીટી ના જેપી મલ્હોત્રા ને ધોરાજી સીટી ધોરાજી સિટીના આર બી બલદાણીયા ને જેતપુર સીટી જસદણના ભડલીઓપી ના એમપી ગોહિલને પડધરીના સરદળ ઓપી માં તરફ દળ ઓપીના વિકે સુરાણીને ગોંડલ સીટી એ ડિવિઝન ગોંડલ સીટી એ ડિવિઝનના એસ.આર પંડ્યા ને શાપર વેરાવળ આટકોટ ના મોટા દડવા ઓપીના એબી કાકડીયાને ધોરાજી સીટી અને લીવ રીજર્વના બીડી મારુ ને જેતપુર સીટી પોલીસ મથક ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે એ.બી. જાડેજા ને ભાયાવદર પીઆઇ નો વધારાનો ચાર્જ છુપાયો છે

## રાજ્યના વધુ ૧૯ પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલી

### રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચના તત્કાલીન પી.આઈ. વાય.બી.જાડેજાની મોરબી ખાતે ટ્રાન્સફર

અબતક,રાજકોટ

રાજ્યમાં ૫૫૦થી વધુ પીઆઈની બદલી બાદ ડીજીપી કે એલ એન રાવ દ્વારા વધુ ૧૯ પોલીસ ઈન્સ્પેક્ટરોની ટ્રાન્સફરના હુકમ કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ ના તત્કાલીન પીઆઇ વાય બી જાડેજાને મોરબી ખાતે બદલી કરવામાં આવી છે. વધુ વિગત મુજબ રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે મોટા પાયે બદલી અને બઢતીનો દોર વચ્ચે વધુ ૧૯ પીઆઈની બદલીના હુકમો કરવામાં આવ્યા છે. જેમાં રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ ના તત્કાલીન પીઆઇ અને હાલ નાગરિક સંરક્ષણ દળમાં ફરજ બજાવતા વાયબી જાડેજા ને મોરબી, જુનાગઢ પીટીસી ના એચ.બી. પટેલ અને કે બી ઝાલા ને વલસાડ ,ડાંગ, ભાવનગરના બી.ડી.જાડેજાને વડોદરા શહેર ,જુનાગઢના આર કે પરમારને છોટાઉદેપુર, ભુજના પીસી સિંગરખીયા ભાવનગર ના સીપી વાઘેલાને અમરેલી, સુરેન્દ્રનગરના બી એચ સિંગરખીયાને જુનાગઢ, દાહોદના ડીએમ ઢોલ, અમદાવાદ



પી.આઈ
વાય બી જાડેજા

ગ્રામ્યના કેસ દવે અને સુરત શહેરના જે એન ગોસ્વામીને સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ, દાહોદના એએમ એમ એમ કામળીયા ને મહેસાણા જામનગરના એએસ રબારીને મહેસાણા વલસાડના કે જે રાઠોડ ને ગાંધીનગર છોટા ઉદેપુરના ડીએસ વાઢેરને અમદાવાદ શહેર સાબરકાંઠાના એસએમ કરંગીયા ને ગાંધીધામ જુનાગઢના પીસી સરવૈયાને સુરત ગ્રામ્ય અમદાવાદ શહેરના એએમ દેસાઈને અમદાવાદ ગ્રામ્ય ડાંગના આર.એસ પટેલને નવસારી ખાતે બદલી કરવામાં આવી છે

## કોર્પોરેશનને વેરા પેટે રૂ.૪૪૮ કરોડ આવકઃ સ્માર્ટ કરદાતાઓ વધ્યા

### ૪૫૯૬૭ મિલકત ધારકોએ વ્યાજમાફી યોજનાનો લાભ લીધોઃ રૂ.૭૮.૬૬ કરોડનો વેરો ભર્યા

અબતક, રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા વેરા વસુલાત શાખા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે મિલ્કત વેરાના રૂ.૪૫૫.૮૦ કરોડના મુળ લક્ષ્યાંકની સામે રૂ.૪૪૭.૯૩ કરોડની વસુલાત થયેલ છે.

જેમાં ગત નાણાકિય વર્ષ કરતા ૮.૪૪% ની વૃદ્ધિ સાથે ચાલુ નાણાકિય વર્ષમાં કુલ ૩૪.૪૪ કરોડ વધારાની આવક કરવામાં આવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં કુલ ૬,૧૦,૯૩૧ મિલકત પૈકી ૪,૬૩,૫૬૪ મિલકતોનો વેરો ભરાયેલ છે. આમ, ગત વર્ષ ૨૦૨૪-૨૫ ની સાપેક્ષમાં ૪૩,૯૦૫ વધુ મિલકતોમાં વેરાની વસુલાત થવા પામી છે. આમ કુલ મિલકતધારકોમાંથી ૭૫.૭૫% મિલકતધારકોએ ચાલુ વર્ષે વેરાની ભરપાઈ કરેલ છે. વેસ્ટ ઝોનમાં ૨,૦૮,૮૫૦ કરદાતાઓ પાસેથી રૂ. ૧૮૯.૬૫ કરોડની, સેન્ટ્રલ ઝોનમાં ૧,૪૮,૪૦૬ કરદાતાઓ પાસેથી રૂ ૧૬૧.૮૦ કરોડની તથા ઈસ્ટ ઝોનમાં ૧,૦૫,૫૫૨ કરદાતાઓ પાસેથી રૂ. ૯૫.૭૯ કરોડની વસુલાત થયેલ છે. કુલ આવક અને કુલ કરદાતાઓને ધ્યાને લેતા, રેસીડન્સ કેટેગરીમાં કુલ ૩,૪૭,૨૭૪ કરદાતાઓએ રૂ ૨૦૪.૯૦ કરોડનો વેરો ભરપાઈ કરેલ છે. જયારે નોન રેસીડન્સ કેટેગરીમાં કેટેગરીમાં કુલ ૧,૧૫,૫૩૪ કરદાતાઓએ રૂ ૨૪૨.૩૪ કરોડનો વેરો ભરપાઈ કરેલ છે. ૪,૬૨,૮૦૮ કરદાતાઓ પાસેથી કુલ આવક રૂ.૪૪૭.૨૪ કરોડની વસુલાત થયેલ છે. જેમાં રોકડથી થયેલ આવક રૂ.૧૨૫.૯૪ કરોડ, ચેકથી થયેલ આવક રૂ.૮૧.૩૦ કરોડ તથા ઓનલાઈનથી થયેલ આવક રૂ.૨૪૦.૦૦ કરોડ છે. કુલ કરદાતાઓ ૪,૬૨,૮૦૮ પૈકી ૩,૦૨,૬૭૪ કરદાતાઓ દ્વારા ઓનલાઇન પેમેન્ટ કરવામાં આવેલ અને ૧,૬૦,૧૩૪ કરદાતાઓ દ્વારા ઓફલાઇન પેમેન્ટ કરવામાં આવેલ. ઓનલાઇન પેમેન્ટ કરનાર કરદાતાઓની ટકાવારી. ૬૫.૪૦ % છે. ચાલુ વર્ષે બજેટ સમયે ફેબ્રુઆરી ૨૦૨૬ માં જાહેર કરાયેલ વ્યાજ માફી યોજનાને પણ ખુબજ પ્રચંડ પ્રતિસાદ મળેલ છે. કુલ ૪૫,૯૬૭ મિલકતધારકોએ વ્યાજ માફી સ્કીમનો લાભ લીધેલ છે. જે પૈકી ૩૩,૪૭૧ રેસીડન્સ કેટેગરીના મિલકત ધારકો અને ૧૨,૪૯૬ નોન રેસીડન્સ કેટેગરીના મિલકત ધારકોએ વ્યાજ માફી સ્કીમનો લાભ લીધેલ છે. આ મિલકત ધારકોએ કુલ મળીને રૂ. ૭૮.૬૬ કરોડની રકમ ભરપાઈ કરેલ છે. સરકારી મિલકતોના રૂ.૨૪.૨૧ કરોડની વસુલાત થયેલ છે. વર્ષ દરમિયાન ૧૫,૭૦૬ નવા અસેસમેન્ટ તથા ૬,૦૬૧ રીવાઈઝડ અસેસમેન્ટ કરવામાં આવેલ છે.

## કોર્પોરેશનમાં ફરી સર્વર ઠપ્પ અરજદારોની લાઈનો લાગી

### છાસવારે સર્જાતા ધાંધિયાથી લોકોને ભારે પરેશાનીઃ કોઈ સંભાળવાવાળું નથી

અબતક, રાજકોટ

કોર્પોરેશનમાં આજે ફરી સર્વર ઠપ થઈ ગયું હતું જેના કારણે અરજદારોની લાંબી લાઈનો લાગી હતી.સરકારી પોર્ટલનું સર્વર અવારનવાર ડાઉન થઈ જવાની ઘટનાઓમાં વધારો થતાં ઓનલાઈન સેવા સરળ થવાના બદલે હવે મુશ્કેલી વધી છે.

કોર્પોરેશનની તમામ પ્રકારની સ્પોર્ટસ ઓથોરિટી તથા જન્મ મરણ અને મિલકત વેરા સહિતની ઓનલાઈન કામગીરી સવારથી બંધ રહેતાં રજા બાદ ઉપસ્થિત રહેલા વધુ અરજદારોના કારણે મનપા કચેરીમાં દેકારો બોલી ગયો હતો. જન્મ મરણ તેમજ લગ્ન નોંધણી તથા વેરા વિભાગ અને સ્પોર્ટ ઓથોરિટીને લગતી તમામ પ્રકારની કામગીરી ઓનલાઈન શરૂ કરવામાં આવી છે. જન્મમરણ વિભાગમાં અવારનવાર સર્વર ડાઉનની ઘટના બનતી હોય છે પરંતુ આજે સવારથી મહાનગરપાલિકાની તમામ પ્રકારની ઓનલાઈન સેવાઓનું સર્વર સવારે શરૂ થયા બાદ એક કલાક દરમિયાન ડાઉન થઈ જતાં શહેરભરમાં દેકારો બોલી ગયો છે. જેમાં ખાસ કરીને જન્મમરણ વિભાગમાં આજે સવારથી આવેલા અરજદારો પરેશાન થઈ ગયા હતાં.

તુમ રક્ષક કાહુકો ડરના

## પંચમુખી હનુમાન મંદિરે અંજનીના જાયાનો ધામધુમથી ઉજવાયો ‘જન્મોત્સવ’



### દોઢ સો વર્ષ પૌરાણીક પંચમુખી ધામમાં હજ્જારો ભાવિકોએ કરી હનુમાન ભક્તિ

અબતક, રાજકોટ

રાજકોટ ગરેડીયા કુવા સ્થિત સેવા અને સમપર્ણના સાક્ષાત હાજરા હજુર દેવ શ્રી પંચમુખી હનુમાનજી મહારાજની જન્મોત્સવની પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ હતી.

અંદાજે દોઢસો વર્ષ પુરાણા શ્રી પંચમુખી હનુમાનજી મહારાજ ખાતે કોરોના પહેલા પંગતમાં બેસાડી ભકતજનોને પ્રસાદ પીરસાતો પણ કોરોના કાળ બાદ સંજોગો અને જગ્યાની સંકળામણને ધ્યાને રાખીને હવે ભકતજનોને પડિયામાં પ્રસાદરૂપે બુંદી, મોહનથાળ, ગાંઠીયા અને ગુલાબજાંબુ પીરસવામાં આવે છે. જેનો ૨૫૦૦ જેટલા ભાવિકોને નાતજાતના ભેદભાવ વગર લાભ અપાયો હતો.

આ આયોજનમાં ગાયત્રી ઉપાસક ઘનશ્યામભાઈ ઠકકરના માર્ગદર્શન હેઠળ હનુમાનજીના ભકત હસમુખભાઈ તન્ના, હિતેષભાઈ બહુછેતરીયા, અમીતભાઈ મહેશભાઈ ચા વાળા, અશોકભાઈ કારીયા, ચેતનભાઈ પુજારા, કાર્તિકભાઈ ચોવટીયા તથા શિવજીભાઈ ધોરૂએ જહેમત ઉઠાવી હતી.

## રાજ્યમાં ગરીબ પરિવારના સંતાનો પણ વિના વિધ્ને ભણી શકે તેવી શિક્ષણ વ્યવસ્થા મૌજુદ છેઃ મુખ્યમંત્રી

### અમરેલી-દેવકા વિદ્યાપીઠમાં નવ નિર્મિત કન્યા છાત્રાલય ભોજનાલયનું મુખ્યમંત્રીના હાથે કરાયું લોકાર્પણ



અબતક, રાજકોટ

અમરેલી જિલ્લામાં વિવિધ વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ માટે અમરેલીની મુલાકાતે આવેલ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દેવકા વિદ્યાપીઠના નવ નિર્મિત કન્યા છાત્રાલય, ભોજનાલયના અદ્યતન સુવિધાસભર બિલ્ડીંગનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતમાં કન્યા કેળવણી માટેનો મજબૂત પાયો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે નાખ્યો હતો. સામાન્ય અને ગરીબ પરિવારના દીકરા-દીકરીઓ ભણી ગણીને આગળ વધી શકે તે પ્રકારની શિક્ષણ વ્યવસ્થા રાજ્યમાં કાર્યરત છે.

દેવકા વિદ્યાધામમાં શિક્ષણની સાથે જીવનઘડતર અને ચરિત્ર નિર્માણ, ગીતા પાઠ, સંસ્કાર સિંચન જેવા રાષ્ટ્રીય મૂલ્ય નિર્માણના શિક્ષણયજ્ઞને મુખ્યમંત્રીશ્રીએ એક અદ્વિતીય પ્રશંસનીય કામગીરી તરીકે બિરદાવી હતી અને પૂ.ભાઈ રમેશભાઈ ઓઝા અને દેવકા વિદ્યાધામને અભિનંદન પાઠવ્યા હતા.

દેવકા વિદ્યાપીઠ ખાતે મુખ્યમંત્રીનું પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અને ટ્રસ્ટીઓ, ચાપરડા ગુરુકુળ સંચાલક મુક્તાનંદ બાપુએ ઉમળાભેર સ્વાગત કર્યું હતું.

વર્ષ ૨૦૧૨માં તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે દેવકા વિદ્યાપીઠનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પિત થયેલ દેવકા વિદ્યાધામના નવનિર્મિત કન્યા છાત્રાલય અને ભોજનાલય બિલ્ડિંગ એક સુવિધાસભર વ્યવસ્થા છે, દાતાશ્રીઓના અપાર પ્રેમ અને સહયોગથી આ નૂતન બિલ્ડિંગો આકાર પામ્યા છે. નવનિર્મિત ગર્લ્સ હોસ્ટેલમાં કુલ ૧,૧૦૦ બેડની વ્યવસ્થા અને અદ્યતન સુવિધા ઉપલબ્ધ છે અને ભોજનાલય બિલ્ડિંગમાં ૫૮૦ વિદ્યાર્થિનીઓની ક્ષમતા સાથે અદ્યતન કિચન અને બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ છે. આ સુવિધાઓના કારણે ગ્રામ્ય વિસ્તારની દીકરીઓને વધુ સારી રહેઠાણ અને ભોજનની સુવિધા સાથે શિક્ષણ પ્રાપ્ત કરવાની વધુ તકો ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે જળસંપતિ મંત્રી ઈશ્વરસિંહ પટેલ, રાજ્ય કક્ષા મંત્રી કૌશિકભાઈ વેકરીયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. દેવકા વિદ્યાપીઠ ગર્લ્સ હોસ્ટેલ અને ભોજનાલય નૂતન બિલ્ડિંગ લોકાર્પણ પ્રસંગે દેવકા વિદ્યાપીઠ સૂર્યકાન્ત ઓઝા, ગૌતમભાઈ ઓઝા સહિતના ટ્રસ્ટીઓ, ચાપરડા ગુરુકુળ સંચાલક શ્રી મુક્તાનંદ બાપુ, ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, મહેશભાઈ કસવાલા, બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રેલનગરમાં વીર કષ્ટભંજન ગ્રુપ દ્વારા હનુમાન જયંતીની ધામધૂમથી ઉજવણી

### હવન અને મહાપ્રસાદના ત્રિવેણી સંગમમાં સેંકડો શ્રદ્ધાળુઓએ લીધો લાભઃ સમગ્ર વિસ્તાર ‘જય બજરંગબલી’ના નાદથી ગુંજી ઉઠ્યો



અબતક, રાજકોટ

પવિત્ર હનુમાન જયંતીના અવસરે શહેરના રેલ નગર વિસ્તારમાં ભક્તિ અને શ્રદ્ધાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. અહીં કાર્યરત 'વીર કષ્ટ ભંજન ગ્રુપ' દ્વારા હનુમાન જયંતી નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.


શાસ્ત્રોક્ત વિધિ સાથે હવનનું આયોજન કાર્યક્રમના પ્રારંભમાં વહેલી સવારથી જ હનુમાનજી દાદાની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ત્યારબાદ ગ્રુપ દ્વારા ભવ્ય હવનનું આયોજન થયું હતું, જેમાં ભૂદેવોના મંત્રોચ્ચાર સાથે શ્રદ્ધાળુઓએ આહુતિ આપીને દાદાના આશીર્વાદ મેળવ્યા હતા. હવનના ધૂમાડાથી સમગ્ર વાતાવરણ પવિત્ર અને શુદ્ધ બની ગયું હતું.

ધાર્મિક વિધિ સંપન્નથયા બાદ શ્રદ્ધાળુઓ માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં લત્તાવાસીઓ અને ભક્તોએ આ મહાપ્રસાદનો લાભ લીધો હતો. ભક્તોમાં પ્રસાદ વહેંચણી માટે ગ્રુપના સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

ગ્રુપની સેવાકીય ભાવના વીર કષ્ટ ભંજન ગ્રુપ દ્વારા દર વર્ષે આ પ્રકારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ રેલ નગરના રહીશોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્થાનિકોએ ગ્રુપની આ કામગીરીને બિરદાવી હતી અને સમગ્ર આયોજન શાંતિપૂર્ણ અને ભક્તિમય રીતે સંપન્ન થયું હતું.

## પુંડરીક સ્વામી ચૈત્રી પૂર્ણિમાના દિવસે પાંચ કરોડ મુનિઓ સાથે સિદ્ધિપદ પામ્યા

### સમોસર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધરઃએક માસના અણસણ સાથે ગિરિરાજ પરથી મોક્ષ પદ પામ્યા પ્રથમ ગણધર



અબતક, રાજકોટ

તીર્થાધિરાજ શત્રુંજય ગિરિરાજ પર ઉજવાતા પર્વોમાં ચૈત્રી પૂનમનું વિશેષ મહાત્મ્ય છે. જૈન ધર્મ અનુસાર, આ દિવસે ભગવાન આદિનાથના પ્રથમ ગણધર પુંડરીક સ્વામી પાંચ કરોડ મુનિઓ સાથે આ પવિત્ર પર્વત પરથી મોક્ષ પદ પામ્યા હતા. આ પૂર્વે ભગવાન આદિનાથે તેમને આ ક્ષેત્રના પ્રભાવ વિશે જણાવી અહીં જ સ્થિરતા કરવા આજ્ઞા આપી હતી. પ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરી, એક માસના અણસણ (ઉપવાસ) સાથે આરાધના કરી ચૈત્રી પૂર્ણિમાના દિવસે તેઓ સિદ્ધિપદ પામ્યા, જેના કારણે આ તીર્થને 'પુંડરીકગિરિ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

શાસ્ત્રોક્ત માન્યતા મુજબ, આ પવિત્ર દિવસે માત્ર પુંડરીક સ્વામી જ નહીં પરંતુ નમિ-વિનમિ સહિત અનેક વિદ્યાધરો અને ચક્રવર્તીઓ પણ આ ગિરિરાજ પરથી મોક્ષે ગયા છે. વર્ષની બાર પૂર્ણિમાઓમાં ચૈત્રી પૂર્ણિમાને અત્યંત પુણ્યશાળી માનવામાં આવે છે. આ દિવસે જે જીવ શુભ ભાવપૂર્વક ઉપવાસ અને આરાધના સાથે શ્રી સિદ્ધાચલની યાત્રા કરે છે, તે દુર્ગતિમાં જતો નથી. આ પર્વ નિમિત્તે ગિરિરાજની ભક્તિ અને યાત્રાનું ફળ અનેકગણું વધી જાય છે. ચૈત્રી પૂનમના દિવસે શત્રુંજય તીર્થ પર બિરાજમાન ભગવાનની પ્રતિમાઓનું પૂજન કરવાથી નંદીશ્વરદ્વીપમાં રહેલા શાશ્વતા પરમાત્માની પૂજા કરવા કરતાં પણ અધિક પુણ્ય પ્રાપ્ત થાય છે તેમ માનવામાં આવે છે. ‘‘સમોસર્યા સિદ્ધાચળે, પુંડરીક ગણધર‘‘ - એ ઉક્તિ મુજબ લાખો લોકો આ દિવસે ગિરિરાજની વંદના કરી ધન્યતા અનુભવે છે. આ પર્વ આત્માની શુદ્ધિ અને પુણ્યની વૃદ્ધિ કરનારું હોવાથી જૈન શાસનમાં તેનું અનેરું સ્થાન છે.

## અંબિકા ટ્રસ્ટ અને રઘુવંશી વેપારી દ્વારા રવિવારે ઘંઉ અને ચોખાનું વિતરણ

### લાભાર્થીઓને શનિવાર સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાની મુદત

અબતક, રાજકોટ

શ્રી અંબિકા ટ્રસ્ટ કરણપરા ચોક તથા જલારામ બાપાના ભક્તો તથા રઘુવંશી વેપારીઓ તથા વડીલોના આર્શીવાદ થી વહેલા તે પહેલાના ધોરણે વિતરણ કરવામાં આવી રહ્યું છે. જે તા. ૨/૪/૨૦૨૬ ગુરુવાર થી તા.૪/૪/૨૦૨૬ ને શનિવાર સુધીમાં બુકિંગ કરવાનું રહેશે.જેનું વિતરણ તારીખ ૫/૪/૨૦૨૬ ને રવિવારે સવારે ૧૦:૦૦ વાગ્યાથી કેશરિયા વાડી કરણપરા ખાતે કરવામાં આવશે બુકિંગ માટે તા.૨/૪/૨૦૨૬ ગુરુવારે બાલાજી મંદિર ભુપેન્દ્ર રોડ અને તા.૩/૪/૨૦૨૬ અને ૪/૪/૨૦૨૬ ને શુક્રવાર અને શનિવાર અંબિકા ટ્રસ્ટ કાર્યાલય કરણપરા ચોક ખાતે આવવાનું રહેશે. જીરાસર ચોખાનો ભાવ ૧૦ કિલો ના ૪૫૦ રૂપિયા, વિણાટ ટુકડા ઘઉં ૨૦ કિલો ના ૫૬૦ રૂપિયા રહેશે. આયોજનને સફળ બનાવવા પ્રમુખ કિરીટભાઈ પાંધી, હસુભાઈ વાઢેર, નીતિનભાઈ પાંધી, દીપકભાઈ ગોહેલ, મનોજભાઈ સોની, દક્ષભાઈ પુજારા,હિસિતભાઈ પુજારા, જીતુભાઈ ગોહેલ, કિશનભાઈ પાંધી, હરીશ પુજારા, શૈલેષ માંડલિયા, પ્રદીપભાઈ રાણપરા, ભરતભાઈ પુજારા, ધનેશભાઈ જીવરાજાની, વિનુભાઈ લૂંભાણી,ઉમેશભાઈ ગોહેલ, રાજુભાઈ ચાવડા,જગદીશભાઈ કોટેચા, સંજયભાઈ વાઘેલા, લાલાભાઈ મનાણી, મુકેશભાઈ ગુસાણી, સંજયભાઈ જીવરાજાની, દિલીપભાઈ આડેસરા, મેહુલ ગમારા,અજયભાઈ ચાવડા તથા વગેરે લોકો ભારે જેમાં ઉઠાવે છે

# સોમવારે ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થશે: ઉમેદવારી ફોર્મ ભરી શકાશે

## ચૂંટણી લડવા ઈચ્છુકો ૬ થી ૧૧ એપ્રિલ સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકશે: ૧૩ એપ્રિલે ફોર્મની ચકાસણી, ૧૫મીએ દાવેદારી પાછી ખેંચી શકાશે

- ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થશે : ૬ એપ્રિલ
- ફોર્મ ભરવાની છેલ્લી તારીખ : ૧૧ એપ્રિલ
- ઉમેદવારી ફોર્મ ચકાસણી : ૧૩ એપ્રિલ
- ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ : ૧૫ એપ્રિલ
- મતદાનની તારીખ : ૨૬ એપ્રિલ
- મત ગણતરીની તારીખ : ૨૮ એપ્રિલ
- ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તારીખ : ૩૦ એપ્રિલ

### રાજ્યમાં ૧૧૦૦૦ સંવેદનશીલ અને ૩૩૦૦ અતિ સંવેદનશીલ મતદાન મથકો

### ચૂંટણી પ્રક્રિયા શાંતિ પૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે ૨.૬૧ લાખ પોલીસ જવાનોને તૈનાત કરાશે

સંપૂર્ણ ચૂંટણી પ્રક્રિયા શાંતિ પૂર્ણ માહોલમાં યોજાઈ તે માટે ૨.૬૧ લાખ પોલીસ જવાનો તૈનાત કરવામાં આવશે. રાજ્યમાં ૧૧૦૦૦ સંવેદનશીલ અને ૩૩૦૦ અતિ સંવેદનશીલ મતદાન મથકોની ઓળખ કરવામાં આવી છે. ઈવીએમની વાત કરવામાં આવે તો ગ્રામ્ય વિસ્તાર માટે ૫૩૦૦૦ બીયુ અને ૪૮૦૦૦ સીયુ જ્યારે શહેરી વિસ્તાર માટે ૪૦૦૦ બીયુ અને ૮૦૦૦ સીયુની ફાળવણી કરવામાં આવી છે. મતદારો નિર્ધારિત ૧૪ ઓળખ દસ્તાવેજોના આધારે પોતાનો કિંમતી મત આપી શકશે.

## ૨૬મી એપ્રિલે ૧૫ મહાપાલિકા, ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતો માટે મતદાન: ૨૮મીએ મત ગણતરી: ૩૦ એપ્રિલે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ

**અબતક, રાજકોટ**

રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી જ્યારે ૧૧ નગરપાલિકાઓની ખાલી પડેલી ૧૩ બેઠકો માટેની પેટા ચૂંટણીના મતદાનની તારીખનું એલાન રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કરી દેવામાં આવ્યું છે. ચૂંટણીની જાહેરાત સાથે જ રાજ્યભરમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવી ગઈ છે. આગામી ૬ એપ્રિલ અર્થાત્ સોમવારે ચૂંટણીનું જાહેરનામું પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા આગામી ૩૦ એપ્રિલે પૂર્ણ થઈ જશે.

રાજ્યની ગાંધીનગર અને જૂનાગઢ સિવાયની અમદાવાદ, આણંદ, કચ્છ, ખેડા, જામનગર, નવસારી, પોરબંદર, ભાવનગર, મહેસાણા, મોરબી, રાજકોટ, વડોદરા, વલસાડ, સુરત અને સુરેન્દ્રનગર મહાનગરપાલિકા ઉપરાંત રાજ્યની ૮૪ નગરપાલિકા, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની ચૂંટણી ગઈકાલે સાંજે જાહેર થતાની સાથે જ રાજ્યભરમાં આદર્શ આચાર સંહિતા અમલમાં આવી જવા પામી છે. આગામી ૬ એપ્રિલના રોજ ચૂંટણીનું જાહેરનામુ પ્રસિધ્ધ થતાની સાથે જ ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો આરંભ થશે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડવા ઈચ્છુકો ૧૧મી એપ્રિલ સુધીમાં ઉમેદવારી ફોર્મ ભરી શકશે. ઉમેદવારી ફોર્મની ચકાસણી ૧૩ એપ્રિલના રોજ કરવામાં આવશે. ૧૫ એપ્રિલ સુધી ઉમેદવારી ફોર્મ પરત ખેંચી શકાશે. પાલિકા અને પંચાયત માટે એક જ દિવસે ૨૬ એપ્રિલના રોજ સવારે ૭ વાગ્યાથી લઈ સાંજના ૬ વાગ્યા સુધી મતદાન હાથ ધરવામાં આવશે. પુનઃ મતદાન કરવાની જરૂરિયાત પડે તો ૨૭મી એપ્રિલના રોજ મતદાન હાથ ધરાશે.

૨૮મી એપ્રિલના રોજ એક સાથે મત ગણતરી હાથ ધરવામાં આવશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ૩૦મી એપ્રિલ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

ચૂંટણી લડતા ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે રાત ઓછી અને વેશ ઝાઝા જેવી સ્થિતિ સર્જાય જવા પામી છે. હાલ ભાજપ દ્વારા ઉમેદવારોના પસંદગી માટે સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે. જે આવતીકાલે પૂર્ણ થયા બાદ સપ્તાહના અંતે પાર્લામેન્ટ બોર્ડની બેઠક મળશે. જેમાં ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. આગામી બુધવારે અથવા ગુરૂવારે ભાજપ દ્વારા ઉમેદવારોના નામ જાહેર કરી દેવાશે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ આવતા સપ્તાહથી ક્રમશઃ ઉમેદવારો જાહેર કરશે.

### કોંગ્રેસ ૫૦ ટકા યુવાનોને ચૂંટણીમાં ટિકિટ આપશે: અમિત ચાવડા

#### ટૂંક સમયમાં ઉમેદવારોના નામની કરાશે જાહેરાત

મહાનગરપાલિકા - જિલ્લા પંચાયત- તાલુકા પંચાયત - નગરપાલિકાની જાહેર થયેલી ચૂંટણી સમયપત્ર અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે સ્થાનિક સ્વરાજની ચૂંટણીની રાહ ઘણા વખતથી જોવાતી હતી તે દિશામાં ગુજરાત કોંગ્રેસે ઘણા સમયથી કમર કસી લીધી છે. ગુજરાત રાજ્યમાં કોંગ્રેસ દ્વારા આયોજિત જનઆક્રોશ યાત્રાના માધ્યમથી પ્રજાના પ્રશ્નોને વાચા આપી છે. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને ભાજપે ભ્રષ્ટાચારના અડ્ડા બનાવી દીધા છે. ગુજરાતમાં પરિવર્તનનો પવન ફંકાઈ ચુક્યો છે. ગુજરાત રાજ્યની ૩૪ જિલ્લા પંચાયત, ૧૫ મહાનગર પાલિકા, ૨૬૦ તાલુકા પંચાયત અને ૮૪ નગરપાલિકાની ચૂંટણીની જાહેરાત થઈ ચૂકી છે ત્યારે સમગ્ર ગુજરાતમાં જિલ્લા, નગરપાલિકા, તાલુકા કક્ષાએ નિરીક્ષકો મોકલીને સંપૂર્ણ અહેવાલ તૈયાર કરી દેવામાં આવ્યો છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ઉમેદવાર પસંદગીની જવાબદારી સ્થાનિક ચૂંટણી સમિતિને સોંપાઈ ગઈ છે. નિરીક્ષકો દ્વારા સ્થાનિક કક્ષાએ ઉમેદવારો, આગેવાનો અને કાર્યકરોને સંભાળવામાં આવ્યા છે. સ્થાનિક ચૂંટણી સમિતિના માધ્યમથી ઉમેદવારોની પસંદગી થશે.

ગુજરાત કોંગ્રેસ દ્વારા આવનારી ચૂંટણીમાં ૫૦% બેઠકો ઉપર યુવાનોને તક આપવામાં આવશે. જ્યારે મહિલા બેઠકો ઉપર ૫૦ ટકા મહિલાઓને હિસ્સેદારી મળવાની છે. કોંગ્રેસ દ્વારા વિચારધારા જોડે પ્રતિબધ્ધ, પ્રજાના પ્રશ્નો માટે લડનાર પ્રમાણિક ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ભાજપ સીધી રીતે ચૂંટણી જીતી નથી શકતી એટલે ઘણી વખત અનૈતિક રસ્તાઓનો ઉપયોગ કરે છે ત્યારે ચોક્કસથી કાળજી લઈ ઉમેદવારોને ચકાસીને જાહેરાત કરવામાં આવશે. ભાજપની મેલી મુરાદ ક્યારેય કોંગ્રેસ પૂરી થવા દેશે નહીં અને ભાજપના તેમના હથકંડાને પરાજિત કરાશે.

### ૪.૪૦ કરોડ મતદારો: ૪૯,૫૯૧ મતદાન મથકો ઉભા કરાશે

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આંકડા પર નજર કરવામાં આવે તો આ વખતે ચૂંટણી ૨૭ ટકા ઓબીસી અનામત સાથે યોજાશે. રાજ્યમાં કુલ ૪.૪૦ કરોડ મતદારો નોંધાયા છે.જેમાંથી મનપા વિસ્તારમાં ૧.૧૦ કરોડ અને નગરપાલિકામાં ૩૩ લાખ મતદારો છે. પંચે કુલ ૪૯,૫૯૧ મતદાન મથકો નક્કી કર્યા છે, જેમાં એક મથક દીઠ સરેરાશ ૧૨૦૦ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે.

# નાસાએ 'આર્ટેમિસ -૨ ' ને લોન્ચ કરી માનવજાતને ચંદ્ર પર ઉતરવા અને ત્યાંથી મંગળ પર જવા માટેની શરૂઆત કરી

**અબતક, રાજકોટ**

'ચલો ચાંદ કે પાર...' જી હા, અડધી સદી એટલે કે પૂરા ૫૦ વર્ષના લાંબી રાહ પછી, માનવજાતે ફરી એકવાર ચંદ્રના આંગણે ડગ માંડ્યા છે. નાસાનું 'આર્ટેમિસ-૨' મિશન ફ્લોરિડાથી રવાના થઈ ચૂક્યું છે. આ વખતે વાત માત્ર ચંદ્ર પર જવાની નથી, પણ ત્યાં વસવાટ કરવાની અને બ્રહ્માંડના રહસ્યો ખોલવાની છે.

આ મિશનનું હૃદય 'માનવ વિશ્વાસ અને નવી શરૂઆત' છે. તે માત્ર એક રોકેટનું લોન્ચિંગ નથી, પણ માણસ ફરીથી ચંદ્ર પર રહેવા જઈ શકે તે દિશામાં પહેલું મજબૂત ડગલું છે. તેમાં પહેલીવાર કોઈ મહિલા, પહેલા અશ્વેત વ્યક્તિ અને પહેલા બિન-અમેરિકી (કેનેડિયન) વ્યક્તિ ચંદ્રની સફરે ગયા છે, જે દર્શાવે છે કે હવે અવકાશ વિજ્ઞાનમાં સૌનો સાથ છે.

૫૦ વર્ષ પહેલાનું 'એપોલો' મિશન માત્ર રશિયા સામે જીતવા અને ચંદ્ર પર પહોંચવાની સ્પર્ધા હતી. જ્યારે 'આર્ટેમિસ' મિશનનું હૃદય માત્ર ચંદ્ર પર પહોંચવું નથી, પણ ત્યાં માણસો લાંબો સમય રહી શકે અને ત્યાંથી મંગળ ગ્રહ સુધી જઈ શકાય તેવી વ્યવસ્થા ઉભી કરવાનું છે.

૧૯૭૨ પછી પહેલીવાર માણસો પૃથ્વીથી આટલા દૂર (આશરે ૪ લાખ કિમી) જઈ રહ્યા છે. આ મિશન સફળ થશે તો જ આગામી સમયમાં માણસો ચંદ્રની સપાટી પર પગ મૂકી શકશે અને ત્યાં ઘર બનાવી શકશે. આમાં વપરાયેલું ઓરિયન કેપ્સ્યુલ અને એસએલએસ રોકેટ દુનિયાના સૌથી શક્તિશાળી મશીનોમાંના એક છે, જેનું પરીક્ષણ થઈ રહ્યું છે. ચીન પણ ૨૦૩૦ સુધીમાં ચંદ્ર પર પહોંચવા માંગે છે, તેની સામે અમેરિકા અને તેના સાથી દેશો પોતાની તાકાત બતાવી રહ્યા છે.

ક્રૂમાં રીડ વાઈઝમેન (કેપ્ટન), વિકટર ગ્લોવર (પાયલોટ), ક્રિસ્ટીના કોચ અને જેરેમી હેન્સનનો સમાવેશ થાય છે. તેઓ ચંદ્ર પર ઉતરશે નહીં, પણ તેની પાછળના ભાગ સુધી જઈને પરત આવશે. તેઓ સ્પેસક્રાફ્ટના કંટ્રોલ જાતે ચલાવીને તેનું ચેકિંગ કરશે. ૧૦ દિવસ પછી આ કેપ્સ્યુલ પેસિફિક મહાસાગરમાં પેરાશૂટ દ્વારા ઉતરશે અને સુરક્ષિત રીતે પૃથ્વી પર પાછું આવશે.

### ૫૦ વર્ષ પછી મિશન આર્ટેમિસ-૨ લોન્ચ કરવા માટેના લક્ષ્યો

અવકાશમાં માણસ માટે હવા, પાણી અને ઓક્સિજનની સિસ્ટમ બરાબર કામ કરે છે કે નહીં તે તપાસવું. અવકાશયાત્રીઓ જાતે સ્પેસક્રાફ્ટ ચલાવીને તેની ક્ષમતા અને વળાંક લેવાની શક્તિ ચકાસશે. ચંદ્રની પાછળના ભાગ સુધી જઈને અત્યાર સુધીનું સૌથી વધુ અંતર કાપવાનો રેકોર્ડ બનાવવો. પૃથ્વી પર પાછા ફરતી વખતે પ્રચંડ ગરમી સામે 'હીટ શીલ્ડ' સુરક્ષિત રહે છે કે નહીં તે જોવું. આ મિશન સફળ થાય તો જ ભવિષ્યમાં ચંદ્ર પર રહીને મંગળ ગ્રહ સુધી પહોંચી શકાશે.



### એપોલો' મિશન રશિયા સામે જીતવા અને ચંદ્ર પર પહોંચવાની સ્પર્ધા હતી , જ્યારે 'આર્ટેમિસ' મિશનનું ચંદ્ર પર પહોંચવું નથી, પણ ત્યાં માણસો લાંબો સમય રહેવાનો છે

#### નાના માણસોની મોટી બેંક

# નાગરિક બેંકના ટર્ન ઓવરમાં વાર્ષિક ૧૨૪૦ કરોડની વિક્રમજનક વૃધ્ધિ

## રાજયમાં પાંચ નવી બ્રાન્ચ સાથે મહારાષ્ટ્ર - ગુજરાતમાં કુલ ૪૩ શાખાઓ થઈ કાર્યરત

**અબતક, રાજકોટ**

નાના માણસોની મોટી બેંકનું બિરૂદ્ધ ધરાવતી નાગરીક બેંક ખરા અર્થમાં મોટી બેંક બનવા જઈ રહી છે.


રાજકોટ નાગરિક સહકારી બેંક લિમિટેડેના નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ના ધમાકેદાર પરિણામો આવ્યા છે. બેંકે એક જ વર્ષમાં ઐતિહાસીક રૂા. ૧,૨૪૦ કરોડથી વધુ બિઝનેશ મિક્સમાં વૃદ્ધિ કરી છે અને સતત છઠ્ઠા વર્ષે ઝીરો નેટ એનપીએની સિદ્ધી જાળવી રાખી છે.

બેંકના ચેરમેન શ્રી દિનેશભાઈ પાઠક અને વાઈસ ચેરમેન શ્રી જીવણભાઈ પટેલની સંયુક્ત યાદી જણાવે છે કે, 'સર્વે ખાતેદારો-સભાસદોના અપ્રતિમ વિશ્વાસથી ૩૧ માર્ચ ૨૦૨૬ના વર્ષાન્તે



ડિપોઝીટમાં રૂા. ૬૮૯.૫૬ કરોડનો વધારો કરતાં કુલ ડિપોઝીટ રૂા. ૭૧૩૨.૫૯ કરોડ, ધિરાણમાં રૂા. ૫૫૦.૧૮ કરોડના વધારા સાથે કુલ ધિરાણ રૂા. ૪,૭૬૪.૧૯ કરોડ, એક જ વર્ષમાં રૂા. ૧,૨૪૦ કરોડથી વધુ બિઝનેશ મિકસમાં વૃદ્ધિ થતાં કુલ બિઝનેશ મિકસ રૂા. ૧૧,૮૯૬.૭૮ કરોડ, સીડી રેશિયો ૬૬.૭૯ %, ગ્રોસ નફો રૂા. ૧૧૫.૩૫ કરોડ નોંધાયેલ છે. આ વર્ષની વધુ એક સિદ્ધીમાં પાંચ નવી શાખાઓ કાર્યરત થતાં ગુજરાત-મહારાષ્ટ્ર સહિત કુલ ૪૩ શાખાઓનું નેટવર્ક બનેલું છે.'

બેંકના ઈતિહાસમાં રેકોર્ડબ્રેક પ્રગતિદાયક રહ્યું છે. બેંકે ટેકનોલોજી અપગ્રેડેશન સાથે બેંકિંગ ક્ષેત્રમાં મહત્તમ વપરાતો કોર બેંકિંગ સોલ્યુશન સોફટવેર, ઈન્ફોસીસ કંપનીનો ફિનેકલ સોફટવેર જાન્યુઆરી ૨૦૨૬થી સફળતાથી અમલમાં મુકાયો છે. ત્વરિત સોના ધિરાણ સુવિધા, કાર લોન, ઘરનાં ઘરનું સ્વપ્ન સાકાર કરવા હોમ લોન, સોલાર લોન, જીએસટી સરોગેટ ધિરાણ, બાળકોને નાનપણથી જ બેંકિંગ વ્યવહારની ટેવ પડે તે હેતુથી મિશન નેક્સ્ટ જનરેશન, ૧૦ વર્ષથી વધુ અને ૧૮ વર્ષ સુધીના બાળકોને



પોતાની સહીથી બેંકિંગ વ્યવહાર કરવાની સુવિધા આપનાર ગુજરાતની સર્વપ્રથમ સહકારી બેંક, મોબાઈલ-વ્હોટ્સએપ બેંકિંગની સેવાઓ ૨૪ ૪ ૭ ઉપલબ્ધ છે. ડિજીટલ બેંકિંગનો વ્યાપ જોઈએ તો બેંકના કુલ વ્યવહારમાંથી ૯૦ ટકાથી વધુ ડીજીટલી થઈ રહ્યા છે. બેંકની વિવિધ શાખાઓમાં ઈ-લોબી કાર્યરત છે. છેલ્લા ૧૩ વર્ષથી સભાસદોને રૂા. ૧ લાખના અકસ્માત વીમાનું સુરક્ષા કવચ આપેલું છે. સાત દાયકાથી વધુ કાર્યરત બેંક 'નાના માણસની મોટી બેંક' સૂત્ર સતત ચરિતાર્થ કરે છે. પોલીસી ડ્રીવન બેંકમાં નાના અને મધ્યમવર્ગને કેન્દ્રમાં રાખી તમામ કામગીરી થાય છે.'

બેંકના સીઈઓ અને જનરલ મેનેજર વિનોદ શર્મા શ્રેષ્ઠ પરિણામોની પરંપરા જળવાઈ રહી તે માટેનો યશ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, શાખા વિકાસ સમિતિનાં સભ્યો, ડેલીગેટ, વિશાળ ગ્રાહક વર્ગ, સભાસદ પરિવારજનો અને કર્મઠ કર્મચારીગણને આપતાં સમગ્ર નાગરિક પરિવારનો હૃદયપૂર્વક આભાર માને છે.

# મહારાષ્ટ્રના ઝાલના નજીક રોડ પર ઉભેલા ટેમ્પોને ટ્રકે ઠોકર મારતા સર્જાયેલા અકસ્માતમાં આઠ મહિલાઓના કરૂણ મોત

## ઝાલનામાં મોડી સાંજે કામેથી ઘેર જતી વખતે વાહનની રાહમાં ઊભેલી મહિલાઓ પર ખટારો કાળ બની ત્રાટકયો

**અબતક, રાજકોટ**

નજાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે... મૃત્યુ નિશ્ચિત છે પરંતુ તેનો સમય કોઈ જાણતું નથી.. મહારાષ્ટ્રના ઝાલના જિલ્લામાં ગઈકાલે સાંજે કામેથી ઘેર જતી વખતે વાહનની રાહ જોઈ ઊભેલી શ્રમજીવી મહિલાઓ પર પાછળથી આવેલ ટ્રક ફરી વળતા ઘટના સ્થળે૮ મહિલાઓના મોત નિપજ્યા હતા અને સાતથી વધુને સામાન્યથી લઈ ગંભીર ઈજા થઈ હતી. આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ નાગપુર મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર જાલના જિલ્લામાં સમૃદ્ધિ હાઈવે પર કામેથી આવીને ઘેર જવા માટે વાહનની રાહ જોઈ ઊભેલી શ્રમજીવી મહિલાઓ ને લઈને આવેલ ટેમ્પો સાઈડમાં ઉભો હતો અને મહિલાઓ રસ્તા કાંઠે વાહનની રાહ જોતી હતી ત્યારે પાછળથી પૂરપાટ ઝડપે આવેલો ખટારો મહિલાઓ પર ફરી વળ્યો હતો અને ઘટના સ્થળે ૮મહિલાઓના કરુણામોત થયા હતા. આ બનાવમાં પોલીસે તાત્કાલિક કસૂરવાર ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે, ઝાલના ના એસપી અજય કુમાર બંસલ એ જણાવ્યું હતું કે આ બનાવ માં કસૂરવાર ટ્રક ડ્રાઈવરને તાત્કાલિક કસ્ટડીમાં લઈ લેવામાંઆવ્યો છે આ બનાવને પગલે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસએ મૂર્તકોને શ્રદ્ધાંજલિ આપી પરિવારજનોને સાત્વના આપી તપાસના આદેશ સાથે ભોગ બનનારના પરિવારજનોને પાંચ લાખની સહાયની જાહેરાત કરી છે.

# જીવદયા ગ્રુપ દ્વારા ૧૩૦૧ મરઘાને નિભાવ ખર્ચ સાથે પાંજરાપોળમાં મુકાયા



**અબતક, રાજકોટ**

મહાવીર જન્મ કલ્યાણક ના દિવસે જીવદયા ગ્રુપ રાજકોટ અને બાપા સીતારામ ગૌ સેવા મંડળ દ્વારા રાજકોટ મહાજનની પાંજરાપોળમાં જીવદયા ગ્રુપનાં મોભી ઉપેનભાઈ મોદી અને બાપા સીતારામ ગૌ સેવા મંડળના સમીરભાઈ કામદારના માર્ગદર્શન હેઠળ ૧૩૦૧ મરઘાના જીવોને નવકાર મંત્ર અને માગંલીક બોલી નીભાવ ખર્ચ ૫૧૦૦૦/- સાથે મૂકવામાં આવ્યા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મેહુલભાઈ રવાણી તથા વિરેન્દ્રભાઈ સંઘવીએ કર્યુ હતુ. મોભી ઉપેનભાઈ મોદી દ્વારા સર્વેને આવા જીવદયા કાર્યમાં જોડાવવા માટે આહવાહન કરવામાં આવેલ તથા પ્રેરક બળ પુરૂં પાડવામાં આવેલ. આ સમયે જૈન સોશ્યલ ગ્રુપ રાજકોટ વેસ્ટનાં પ્રમુખ મહેશભાઈ શાહ તથા જનસેવા ટ્રસ્ટનાં પ્રમુખ અજયભાઈ વખારીયા હાજર રહ્યા હતા.

દાતાઓ પૂ.ઈન્દુબાઈ મહાસતીજી તીર્થધામ નાલંદા ઉપાશ્રયના સોનલબાઈ મહાસતિજી, અતુલભાઈ શેઠ, ઉપેનભાઈ મોદી સમગ્ર પરીવાર, હીમાંશુભાઈ ચીનોય વગેરે દાતાઓનો સહકાર મળ્યો હતો.

આ જીવદયા કાર્યને સફળ બનાવવા માટે પ્રકાશભાઈ મોદી, નીરવભાઈ સંઘવી, વિજયભાઈ દોશી, દીનેશભાઈ મોદી, નીલેશભાઈ શાહ, નીલેશભાઈ દોશી, મેહુલભાઈ સંઘાણી, હીરેનભાઈ કામદાર, અરૂણભાઈ નિર્મળ, હરેશભાઈ દોશી, જયશ્રીબેન દોમડીયા, દીપકભાઈ મીઠાણી, ડીમ્પલબેન શાહ, જીગરભાઈ દોમડીયા વગેરેએ જહેમત ઉઠાવી હતી.

# ડી.એચ. કોલેજના ઈતિહાસ વિભાગ દ્વારા ઉડાન દિક્ષાંત સમારોહ યોજાયો

## ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓને વિદાયમાન અપાયું, ગોલ્ડ મેડાલીસ્ટનું સન્માન કરાયું




**અબતક, રાજકોટ**

ધર્મેન્દ્રસિંહજી આર્ટસ કોલેજ, રાજકોટના ઈતિહાસ વિભાગ દ્વારા તૃતિય વર્ષના વિદ્યાર્થીઓ માટે'ઉડાન'શીર્ષક હેઠળ દીક્ષાંત સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના ભાવિ આકાશમાં નવી ઉડાન ભરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ડોલ્સ મ્યુઝિયમમાંથી કિર્તીબેન રાવલ અને કલ્પનાબેન આચાર્ય, તેમજ અભિલેખાગારના પ્રતિનિધિ રાજેશભાઈ વ્યાસ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ઈતિહાસ વિભાગના વડાપ્રો. અશ્વિન આર. પુંજાણી બિરાજમાન રહ્યા હતા. વિદ્યાર્થી રવિ જોટવા દ્વારા મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યા બાદ પુસ્તક અને પુષ્પગુચ્છથી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

સમારોહનો મુખ્ય આકર્ષણ સન્માન વિધિ હતી. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કક્ષાએ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન કરાયું હતું જેમાં ઝાપડિયા ટીનાને ઈતિહાસ વિષયમાં ગોલ્ડ મેડલ, જાડેજા દેવરત્નસિંહએ રાજયશાસ્ત્ર વિષયમાં ગોલ્ડ મેડલ. મેળવ્યો હતો. જે અશ્વિન પુંજાણીના હસ્તે શિલ્ડ અર્પણ કરી પ્રોત્સાહિત કરાયા હતા.

કોલેજના આચાર્યડો. પરેશ રાવલે વર્ચ્યુઅલ માધ્યમથી જોડાઈને વિદ્યાર્થીઓને આશીર્વચન પાઠવતા જણાવ્યું હતું કે, ''દીક્ષાંત એ શિક્ષણનો અંત નથી, પરંતુ નવા આકાશમાં ઉડાન ભરવાની શરૂઆત છે.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન હર્ષવર્ધન જોશી અને દેવાંગ કુબાવત દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે આભાર વિધિ હસ્તી પરમારે કરી હતી. કાર્યક્રમમાં ડો. નિરવ ઠાકર, પ્રો. રિતેશ પટેલ અને ડો. કિરણ ડોડિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ અને દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓની વ્યવસ્થાપન શકિત અને અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સુચારુ રીતે સંપન્ન થયો હતો. અંતમાં સૌએ સમૂહ ભોજન લઈ હૃદયસ્પર્શી યાદો સાથે વિદાય લીધી હતી.

# હનુમાન જયંતીએ ભકિતના કેસરીયા રંગે રંગાયું રાજકોટ: મંદિરોમાં ભકતોની ભીડ

## શહેરમાં હનુમાન ચાલીસા, સુંદરકાંડના પાઠ અને મહાપ્રસાદની વણઝાર : ભજન-ભોજન અને ભક્તિનો અનોખો ત્રિવેણી સંગમ





### બાલાજી હનુમાન મંદિરે દાદાને સુવર્ણ-ચાંદીના વાઘા અને કાજુકતરીનો ભવ્ય અન્નકૂટ


તસવીરઃ શૈલેષ વાડોલિયા



**અબતક, રાજકોટ**

રાજકોટમાં હનુમાન જયંતીનો પર્વ હંમેશા અત્યંત ભક્તિમય અને ઉત્સાહભર્યા વાતાવરણમાં ઉજવવામાં આવે છે. આ પવિત્ર દિવસે શહેરના તમામ હનુમાન મંદિરોને આકર્ષક રોશની અને ફૂલોના હારથી શણગારવામાં આવે છે. વહેલી સવારથી જ ‘‘જય શ્રી રામ‘‘ અને ‘‘હનુમાન ચાલીસા‘‘ ના નાદ સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠે છે. ભક્તો દાદાના દર્શન કરવા અને તેલ-સિંદૂર ચડાવવા માટે લાંબી કતારોમાં શ્રદ્ધાપૂર્વક ઉભા રહે છે, જેનાથી સમગ્ર શહેરમાં એક અનેરો આધ્યાત્મિક ઉત્સાહ અને દિવ્યતા જોવા મળે છે.

રાજકોટમાં હનુમાનજીના અનેક પ્રસિદ્ધ અને પૌરાણિક મંદિરો આવેલા છે, જ્યાં હનુમાન જયંતી નિમિત્તે વિશેષ ધાર્મિક આયોજનો કરવામાં આવે છે. આ મંદિરોમાં મુખ્યત્વે ભક્તિનગર સર્કલ સ્થિત બાલાજી હનુમાન મંદિર, શાસ્ત્રીનગરનું કષ્ટભંજન હનુમાન મંદિર, ગોંડલ રોડ પર આવેલું પ્રખ્યાત રોકડિયા હનુમાન મંદિર, તેમજ પંચમુખી હનુમાન મંદિર અને લખનૌ હનુમાન મંદિરનો સમાવેશ થાય છે. આ દરેક સ્થાનો પર દાદાના જન્મોત્સવને વધાવવા માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડે છે.

ભૂપેન્દ્ર રોડ સ્થિત વડતાલ સંસ્થાન સંચાલિત બાલાજી હનુમાનજી મંદિર ખાતે પણ હનુમાન જયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે, જ્યાં વહેલી સવારથી જ ’જય હનુમાન’ના નાદ ગુંજી ઉઠ્યા છે. આ ખાસ અવસરે દાદાને સુવર્ણ-ચાંદીના વાઘાનો અદભુત શણગાર અને બપોરે ૧૨:૦૦ કલાકે કાજુકતરીનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો, જેના દર્શન કરી હજારો ભાવિકોએ ધન્યતા અનુભવી હતી. મહોત્સવના ભાગરૂપે સાંજે ૧૦૮ કુંડી મહાયજ્ઞ અને રાત્રે શાસ્ત્રી વિવેકસાગરદાસજી સ્વામીના વ્યાસાસને ચાલી રહેલી ’શ્રી રામ કથા’નું ભવ્ય સમાપન થશે, જ્યારે દર્શનાર્થીઓ માટે આખો દિવસ મહાપ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે.

આ પવિત્ર દિવસે મંદિરોમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોની હારમાળા સર્જાય છે. વહેલી સવારે દાદાનો

(અનુ. આઠમા પાને)



### સાળંગપુરધામમાં ૧ લાખ બલૂન ડ્રોપિંગ, ૧૫૧ કિલોની કેક અને દિવ્ય મહાઅન્નકૂટ

વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર ખાતે કષ્ટભંજનદેવ હનુમાનજીના સાનિધ્યમાં ’ હનુમાન જયંતી’ કૃતજ્ઞતા મહોત્સવની અભૂતપૂર્વ અને દિવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજના આશીર્વાદ અને સંતોના માર્ગદર્શન હેઠળ આયોજિત આ મહોત્સવમાં વહેલી સવારે ડો. સંતસ્વામી દ્વારા મંગળા આરતી અને લાલજી સૌરભપ્રસાદજી મહારાજ દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી, જેમાં દાદાએ સુવર્ણ વાઘામાં ભક્તોને મનોહર દર્શન આપ્યા હતા. ઉત્સવના વિશેષ આકર્ષણ રૂપે ૧,૦૦,૦૦૦ બલૂન ડ્રોપિંગ અને ૧૫૧ કિલોની કેક કટિંગ સાથે હજારો ભક્તો ડી.જે.ના તાલે ઝૂમી ઉઠ્યા હતા. આ સાથે જ ૧૦૦૦થી વધુ ભક્તોની ઉપસ્થિતિમાં ’વિશ્વ શાંતિ મારુતિ યજ્ઞ’નો પ્રારંભ થયો હતો અને બપોરે દાદાને ભવ્ય અન્નકૂટ ધરાવી મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે. આ દિવ્ય મહોત્સવની પૂર્ણાહુતિ સાંજે ૧.૫૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં યોજાનારી ભવ્ય મહાસંધ્યા આરતી, નાસિક ઢોલના નાદ અને આકાશને ઝળહળતી આતશબાજી સાથે થશે, જે સમગ્ર વાતાવરણને ભક્તિમય ઉર્જાથી ભરી દેશે.

# પૂ.જીગ્નેશ દાદાની કથા સાંભળી ભક્તોએ પુણ્યનું ભાથુ બાંધ્યુ: રૂક્ષ્મણી વિવાહની ઉજવણી

## આજે દર્દીઓના લાભાર્થે મહારક્તદાન કેમ્પ, સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન, કથાની પુર્ણાહુતિ, રેસકોર્સમાં રાધે-રાધેનો નાદ ગુંજી ઉઠ્યો




**અબતક, રાજકોટ**

રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહમાં શ્રીકૃષ્ણ રૂક્ષ્મણી વિવાહનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાંથી ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા અને સૌ કોઈ કૃષ્ણભક્તિના રંગે રંગાઈ ગયા હતા. રૂક્ષ્મણી વિવાહમાં રાસ-ગરબાની રમઝટ બોલી હતી. કથાના વ્યાસાસને પુ.જીજ્ઞેશદાદા બિરાજમાન છે અને ભાવમય - ભક્તિમય શૈલીમાં ભક્તોને કથાનું રસપાન કરાવી રહ્યા છે.

રાધે-રાધે પરિવારના નિલેશભાઈ ચંદારાણાના નેતૃત્વ હેઠળ આજે સાંજે ૭ કલાકે કથા સ્થળ રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરાયું છે. આ કેમ્પ થેલેસેમિયાના દર્દી માટે કરવામાં આવ્યું છે. દાતાઓને આ કેમ્પમાં દર્દીઓના લાભાર્થે બ્લડ ડોનેશન કરવા જણાવ્યું છે.

આ ઉપરાંત સાંજે ૬:૩૦ થી ૮:૦૦ સુધી સુપ્રસિધ્ધ કલાકારો વકતાઓના સંગાથે વિવિધ સાંસ્કૃત્તિક કાર્યક્રમો જેમ કે શ્રીનાથજી કિર્તન, હાસ્ય રસ, મોટીવેશન સ્પીચ, રામધુન, સત્સંગ સંધ્યાનું આયોજન કરાયું છે.

આ ઉપરાંત રાજકોટ શહેરમાંથી ભકતો રેસકોર્સ સુધી પહોંચી શકે તે માટે ગંગોત્રી ઈન્ટરનેશનલ સ્કૂલ તરફથી વિનામૂલ્યે બસ સેવા પૂરી પાડવામાં આવે છે. આ બસ સેવા સ્પીડવેલ ચોક, સ્વામિનારાયણ ચોક, ડી-માર્ટ, કુવાડવા રોડ, ભક્તિનગર સર્કલ, આકાશવાણી ચોક, મવડી ચોકડી, જલિયાણ ચોક, રેલનગર ખાતેથી સાંજે ૭ કલાકે રેસકોર્સ માટે વિનામૂલ્યે મળી રહેશે.

કથા દરમ્યાન રોજે-રોજ અલગ-અલગ ઉત્સવોની ઉજવણી કરવામાં આવી હતી. કથા સ્થળે રાધે-રાધેનો નાદ ગુંજી ઉઠ્યો હતો. રૂક્ષ્મણી વિવાહ પ્રસંગે પીજીવીસીએલના એમ.ડી. કે.પી. જોશી, અમરેલી પીજીવીસીએલના કડછાભાઈ, રાજકોટના બિલ્ડર અતુલભાઈ શેઠ, જામનગરના

(અનુ. આઠમા પાને)

### કથાને સફળ બનાવવા ભક્તોની સુવિધા માટે આયોજકોએ દિન-રાત મહેનત કરી

કથાને સફળ બનાવવા અને ભક્તોને કોઈ મુશ્કેલી ના પડે તે માટે આયોજકોએ સતત જહેમત ઉઠાવી હતી. જેમાં મુખ્ય મનોરથી રાજુભાઈ પોબારૂ, મનિષભાઈ માદેકા, હિરેનભાઈ ખખ્ખર, સુધીરભાઈ હુંબલ, ડો.પુરૂષોત્તમભાઈ પીપરીયા, એભલભાઈ જલુ, સંદિપભાઈ છોટાળા, અવધેશભાઈ કાનગડ, વિવેકભાઈ કાનગડ, મેહુલકુમાર પરડવા, ભોવાનભાઈ રંગાણી, હરિશકુમાર પાંડે, હરિશભાઈ લાખાણી, મુકેશભાઈ પાબારી, ધુષાભાઈ ધ્રાંગા, નિપુણભાઈ દોશી, ડો.નિશાંતભાઈ ચોટાઈ, રીટાબેન કોટક, ધવલભાઈ કારિયા, ભાર્ગવભાઈ ઠાકર, નિલેશભાઈ ચંદારાણા, ધવલભાઈ ખખ્ખર, હિરેનભાઈ પારેખ દક્ષિણી, કલ્પેશભાઈ બગડાઈ, શુભભાઈ રધુરા, અલ્કાબેન પટેલ, આદિત્ય ઝાલા, દર્શિતભાઈ જીવરાજાની સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# હિન્દુ સંસ્કૃતિ સેવા સમિતિ દ્વારા \ વિરાટ હિન્દુ યુવા સંમેલન સંપન્ન: ગર્વ સે કહો હમ હિન્દુ હૈ

## હજારોની મેદનીને બાવાશ્રી વ્રજરાજકુમારજી અને નલિનભાઈ વસાએ આપી જ્ઞાન દિક્ષા




રિપોર્ટરઃ અરૂણ દવે
કેમેરામેનઃ વિપૂલ ચૌહાણ

**અબતક,રાજકોટ**

અંબિકા ટાઉનશીપ અને જીવરાજપાર્ક આસપાસના ફ્લેટ રહેવાસીઓમાં સનાતન ધર્મ અને હિન્દુત્વ વિશે જાગૃતતા લાવવા હિન્દુ સંસ્કૃતિ સેવા સમિતિ દ્વારા વિશાળ હિન્દુ યુવા સંમેલન યોજવામા આવેલ હતુ, જેમાં હજારોની મેદની ઉપસ્થિત રહીને ભારતમાતાની મહાઆરતી કરી હતી.સેવા સહકાર અને સંગઠનની ભાવનામાં વધારો કરવાની સાથે દેશ દાઝ સભર કર્ક્રિમનાં પ્રારંભે દેશભકિતગીતો સાથે વૈષ્ણવાચાર્ય જે જે શ્રી વ્રજરાજકુમારજીએ મનનીય પ્રવચન સાથે બાળથી

(અનુ. આઠમા પાને)

### અલગ-અલગ સંપ્રદાયોમાં દેશભક્તિ જાગે એ જ અમારો ઉદ્દેશ્યઃ આયોજક હિતેન્દ્ર કપૂરીયા



આયોજક હિતેન્દ્ર કપૂરીયાએ ’અબતક’ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં થતી તમામ ધાર્મિક પ્રવૃત્તિઓનો મુખ્ય ઉદ્દેશ્ય અલગ-અલગ સંપ્રદાયોને એક મંચ પર લાવી ધર્મના માધ્યમથી દેશભક્તિ જાગૃત કરવાનો છે. આ ધર્મસભામાં વડોદરા હવેલીના વ્રજરાજકુમારજી મહોદય તથા આર.એસ.એસ.ના વક્તા નવીનભાઈ વસા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજન પાછળનો મુખ્ય લક્ષ્યાંક આસપાસના તમામ રહેવાસીઓ સંગઠિત થઈ હિન્દુ રાષ્ટ્રના નિર્માણ અને હિન્દુ એકતાના પ્રચાર-પ્રસારમાં પોતાનું યોગદાન આપે તેવો રાખવામાં આવ્યો છે.

### બાળકોમાં સંસ્કાર સિંચન માટે હિન્દુત્વ લાવવું જરૂરી: વ્રજરાજકુમારજી મહોદય



વ્રજરાજકુમારજી મહોદયે ’અબતક’ સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે, આર.એસ.એસ.ના માધ્યમથી સમગ્ર ભારતમાં હિન્દુ સંગઠનનું જે કાર્ય થઈ રહ્યું છે તે સમયની મોટી જરૂરિયાત છે. તેમણે ’પાંચ ભ’ એટલે કે ભાષા, ભૂષા, ભોજન, ભાવ અને ભણતરમાં હિન્દુત્વ લાવવા પર ભાર મૂક્યો હતો, જેથી બાળકોમાં સાચા સંસ્કારોનું સિંચન કરી શકાય. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના નિષ્ઠાવાન કાર્યકર્તાઓની દેશભક્તિને બિરદાવતા તેમણે ઉમેર્યું કે, બાળકોના પ્રથમ ગુરુ માતા-પિતા છે; જો માતા-પિતા પોતે વ્યસનમુક્ત રહી જાગૃત બનશે અને તેમની રગ રગમાં હિન્દુત્વ હશે, તો જ તેઓ આવનારી પેઢીને આદર્શ નાગરિક બનાવી શકશે.

સ્પોર્ટ્સ અબતક

# લખનઉ સામે પ્રારંભિક ધબડકા બાદ રીઝવી-સ્ટ્બ્સે દિલ્હીને મેચ જીતાડી

## ૧૪૨ રનના આસાન લક્ષ્યને દિલ્હી કેપિટલ્સે ૧૭ બોલ બાકી રહેતા ૪ વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો



**અબતક, રાજકોટ**

આઈપીએલની ૫મી મેચમાં દર્શકોને એક જબરદસ્ત રોમાંચક મુકાબલો જોવા મળ્યો. લખનૌ સુપર જાયન્ટ્સ સામેની આ મેચમાં દિલ્હી કેપિટલ્સે ૬ વિકેટથી શાનદાર જીત મેળવી છે. એક સમયે દિલ્હીની ટીમે માત્ર ૨૬ રનના સ્કોર પર જ પોતાની ૪ મહત્વની વિકેટ ગુમાવી દીધી હતી અને એવું લાગી રહ્યું હતું કે દિલ્હી આ મેચ આસાનીથી હારી જશે. પરંતુ, ત્યારપછી યુવા ખેલાડી સમીર રિઝવી અને ટ્રિસ્ટન સ્ટબ્સની જોડીએ મેદાન પર એવો ચમત્કાર કર્યો કે આખી મેચનો પાસો જ પલટાઈ ગયો. આ બંનેએ ૧૧૯ રનની અણનમ ભાગીદારી કરીને દિલ્હીને અશક્ય લાગતી જીત અપાવી દીધી.

મેચની શરૂઆતમાં દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો, જે એકદમ સાચો સાબિત થયો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી લખનૌ સુપર જાયન્ટ્સની ટીમ ૧૮.૪ ઓવરમાં માત્ર ૧૪૧ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. લખનૌ તરફથી અબ્દુલ સમદે થોડી લડત આપતા ૨૫ બોલમાં ૩૬ રન બનાવ્યા હતા. દિલ્હીના બોલર્સની વાત કરીએ તો, લુંગી ન્ગિડી અને ટી. નટરાજને તરખાટ મચાવતા ૩-૩ વિકેટ પોતાના નામે કરી હતી.

### લખનઉ માટે પંતનું ઓપનિંગ નિષ્ફળ સાબિત થયું

દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં હાર બાદ બ્રોડકાસ્ટર સાથે વાત કરતી વખતે રિષભ પંતે સૌપ્રથમ પોતાના રન આઉટ વિશે પૂછાયેલા સવાલનો જવાબ આપ્યો જેમાં તેને કહ્યું કે મને લાગે છે કે આ રીતે આઉટ થવાના આઘાતને દૂર કરવાનો બેસ્ટ રસ્તો એ છે કે તેના પર બિલકુલ ધ્યાન ન આપવું, કારણ કે મારો તેના પર કોઈ નિયંત્રણ નથી.આ સિવાય રિષભ પંતે કહ્યું કે આ પીચ પર અમે જે રીતે બેટિંગ કરી, તેનાથી અમે કોઈ મોટી પાર્ટનરશીપ કરી શક્યા નહીં. આવી સ્થિતિમાં અમને એક ઈમ્પેક્ટ પ્લેયરની પણ જરૂર હતી જે કેટલાક રન ઉમેરી શકે, પરંતુ અમે તેમાં પણ સફળ ન થયા. અમે ટોપના ક્રમમાં રાઈટ-લેફ્ટ કોમ્બિનેશન સાથે ગયા જેથી અમે તેમને શરૂઆતમાં લેફ્ટ હેન્ડ સ્પિનરોને બોલિંગ કરતા અટકાવી શકીએ.


૧૪૨ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી દિલ્હી કેપિટલ્સની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. રન ચેઝની શરૂઆતમાં જ દિલ્હીની બેટિંગ લાઈનઅપ વેરવિખેર થઈ ગઈ હતી. પાવરપ્લેમાં ટીમે માંડ ૩૩ રન બનાવ્યા ત્યાં સુધીમાં તો ૪ ટોપ ઓર્ડરના બેટ્સમેન પેવેલિયન ભેગા થઈ ગયા હતા. જેમાં કેએલ રાહુલ (૦), નીતિશ રાણા (૧૫), પથુમ નિસાન્કા (૦) અને અક્ષર પટેલ (૦) સસ્તામાં આઉટ થઈ ગયા હતા. ૨૬ રનમાં ૪ વિકેટ પડ્યા પછી દિલ્હીની જીત સાવ અશક્ય લાગી રહી હતી.

આ મુશ્કેલ પરિસ્થિતિમાં સમીર રિઝવી અને ટ્રિસ્ટન સ્ટબ્સે મોરચો સંભાળ્યો. બંનેએ પાંચમી વિકેટ માટે ૭૬ બોલમાં ૧૧૯ રનની અણનમ ભાગીદારી નોંધાવીને ઈનિંગને મજબૂતી આપી. શરૂઆતમાં સાવચેતીથી રમ્યા બાદ, મેચ જેમ જેમ આગળ વધી તેમ બંનેએ પોતાની બેટિંગની ઝડપ વધારી અને ૧૭.૧ ઓવરમાં જ ટીમને વિજય રેખા પાર કરાવી દીધી. સમીર રિઝવી આ જીતનો અસલી હીરો રહ્યો, જેણે માત્ર ૪૭ બોલમાં ૫ ચોગ્ગા અને ૪ છગ્ગાની મદદથી શાનદાર ૭૦ અણનમ રન ફટકાર્યા હતા.

લખનૌ સુપર જાયન્ટ્સ તરફથી બોલિંગમાં પ્રિન્સ યાદવે સૌથી વધુ ૨ વિકેટ લીધી હતી, જેના માટે તેણે ૩ ઓવરમાં ૨૦ રન આપ્યા હતા. આ ઉપરાંત અનુભવી બોલર મોહમ્મદ શમીએ ૪ ઓવરમાં ૨૮ રન આપીને ૧ વિકેટ અને મોહસીન ખાને ૪ ઓવરમાં ૧૯ રન આપીને ૧ વિકેટ ઝડપી હતી. જોકે, શરૂઆતના ઝટકા આપ્યા બાદ તેઓ રિઝવી અને સ્ટબ્સની જોડીને તોડવામાં નિષ્ફળ રહ્યા હતા.

# ભારત જુલાઈમાં ઝિમ્બાબ્વે સામે ત્રણ ટી૨૦ મેચ રમશે: સૂર્યવંશીનું ડેબ્યુ થશે?

## સિરીઝમાં યુવા અને નવા ભારતીય ખેલાડીઓને તક આપવામાં આવી શકે



**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમની વધુ એક સીરીઝની જાહેરાત કરવામાં આવી છે.બીસીસીઆઈએ આ સીરીઝની તારીખો અને સ્થળની જાહેરાત કરી છે. આ સીરીઝ જુલાઈમાં રમાશે, જેમાં ઝિમ્બાબ્વે સામે ત્રણ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચો રમાશે. અગાઉ જાહેર કરાયેલ સીરીઝ પછી આ એક નવી સીરીઝ છે. આ સીરીઝમાં યુવા અને નવા ભારતીય ખેલાડીઓને તક આપવામાં આવી શકે છે.જેમાં સૂર્યવંશીને સ્થાન મળે છે કે કેમ તે જોવું રહેશે.

ટીમ ઈન્ડિયા જુલાઈમાં ઝિમ્બાબ્વે સામે ત્રણ મેચની ટી૨૦ આંતરરાષ્ટ્રીય શ્રેણી રમશે.બીસીસીઆઈ એ જણાવ્યું છે કે સીરીઝની પહેલી મેચ ૨૩ જુલાઈએ રમાશે, ત્યારબાદ બીજી મેચ ૨૫ જુલાઈએ રમાશે. ત્રીજી અને અંતિમ મેચ ૨૬ જુલાઈએ યોજાવાની છે. બધી મેચો એક જ સ્થળે રમાશે: હરારેના હરારે સ્પોર્ટ્સ સ્ટેડિયમ. આનો અર્થ એ છે કે ટીમને બીજે ક્યાંય મુસાફરી કરવાની જરૂર રહેશે નહીં. આ જ કારણ છે કે અંતિમ બે મેચ ફક્ત બે દિવસમાં રમાશે.

આ વર્ષે કોઈ મોટી ટુર્નામેન્ટ નહીં હોય.

### ઝિમ્બાબ્વે સામેની સિરીઝ

૨૩ જુલાઈ (ગુરુવાર) - પહેલી ટી૨૦ મેચ (હરારે સ્પોર્ટ્સ ક્લબ)
૨૫ જુલાઈ (શનિવાર) - બીજી ટી૨૦ મેચ (હરારે સ્પોર્ટ્સ ક્લબ)
૨૬ જુલાઈ (રવિવાર) - ત્રીજી ટી૨૦ મેચ (હરારે સ્પોર્ટ્સ ક્લબ)

તેથી, ભારતના ટોચના ખેલાડીઓ આ સીરીઝમાં ભાગ લે તેવી શકયતા ઓછી છે. આનો અર્થ એ થયો કે ભારતના યુવા ખેલાડીઓ ભાગ લઈ શકે છે. એવું પણ શક્ય છે કે સૂર્યકુમાર યાદવ ટીમનું નેતૃત્વ ન કરે અને બીજા ખેલાડીની નિમણૂક કરવામાં આવે. વધુમાં, હાલમાં આઈપીએલ રમી રહેલા ખેલાડીઓને ટુર્નામેન્ટમાં સારું પ્રદર્શન કરવાની તક આપવામાં આવી શકે છે.

આગામી વર્ષે ઓડીઆઈ વર્લ્ડ કપ યોજાવાનો છે. તેનું આયોજન દક્ષિણ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયા કરશે. પરિણામે, ભારતના ટોચના ખેલાડીઓ અને બીસીસીઆઈનું સંપૂર્ણ ધ્યાન આ ટુર્નામેન્ટ પર રહેશે.ટી૨૦ હવે મહત્વના બની જશે. આ ઓડીઆઈ વર્લ્ડ કપની તૈયારી માટે, ભારતીય ટીમ આવતા વર્ષે જાન્યુઆરીમાં ઝિમ્બાબ્વે સામે ઓડીઆઈ શ્રેણી રમશે. જોકે, આ શ્રેણી ભારતમાં યોજાશે.

# હૈદરાબાદ સામે હોમ ગ્રાઉન્ડ પર કોલકતા નાઈટ રાઈડર્સે જીતવું અનિવાર્ય

**અબતક, રાજકોટ**

આઈપીએલ ૨૦૨૬ની છઠ્ઠી મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાશે. બંને ટીમોની આ સિઝનની શરૂઆત નિરાશાજનક રહી હતી, તેઓએ પોતાની શરૂઆતની મેચમાં હારનો સામનો કરવો પડ્યો હતો.હવે બંને ટીમો પોતાની પહેલી જીત માટે ટાર્ગેટ રાખશે.કેકેઆર અને હૈદ્રાબાદની બેટિંગ ખતરનાક છે, અને આ ચોક્કસપણે રન-ફેસ્ટ તરફ દોરી જશે.કોલકાતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચેની મેચ દરમિયાન વરસાદની શક્યતા ઓછી છે. આ મેચ સમગ્ર સમયગાળા દરમિયાન રમાશે. તાપમાન ૨૮-૩૦ ડિગ્રી સેલ્સિયસ રહેવાની ધારણા છે. હવામાનમાં ભેજને કારણે બીજી ઈનિંગમાં બેટિંગ સરળ બની શકે છે.ઈડન ગાર્ડન્સની પિચ સામાન્ય રીતે બેટ્સમેન માટે અનુકૂળ હોય છે, જેનાથી ટીમને પીછો કરવા માટે નોંધપાત્ર ફાયદો મળે છે. ઝાકળ બોલરોનું કામ મુશ્કેલ બનાવી શકે છે. ટોસ જીતનાર કેપ્ટને ખચકાટ વિના પહેલા બોલિંગ કરવાનું પસંદ કરવું જોઈએ.



### એમએસ ધોનીએ શરૂ કરી નેટ પ્રેક્ટિસ



આઈપીએલ ૨૦૨૬ સીઝન શરૂ થાય તે પહેલાં એમએસ ધોનીની ફિટનેસ અંગે સીએસકે દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર માહિતીમાં એવું કહેવામાં આવ્યું હતું કે ધોનીને કાફ સ્ટ્રેન હતો, જેના કારણે તે પહેલા બે અઠવાડિયા રમી શકશે નહીં. એમએસ ધોનીની ગેરહાજરી સીએસકે માટે એક મોટો ઝટકો માનવામાં આવી રહ્યો હતો, અને તેની અસર રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં પણ જોવા મળી હતી.સીએસકે હવે સીઝનમાં તેનો આગામી મેચ કાલે તેના હોમ ગ્રાઉન્ડ પર પંજાબ કિંગ્સ સામે છે.નેટ્સમાં ધોનીનું કમબેક સીએસકે ફેન્સ માટે સારા સમાચાર છે, કારણ કે આશા છે કે એમએસ ધોની ટૂંક સમયમાં સંપૂર્ણપણે ફિટ થઈ જશે અને મેદાનમાં પાછા ફરવા માટે તૈયાર થઈ જશે.

# આઈપીએલની જેમ જામશે જૈન પ્રીમિયર લીગ: ૧૨ ટીમોનું ૩૧ કરોડમાં ઓકશન!

## એપ્રિલ અને મે મહિનામાં ૧૨ શહેરોમાં કુલ ૪૦ મેચ રમાશે: પ્લે ઓફ અને ફાઈનલ મુંબઈમાં યોજાવાની સંભાવના: લીગને વધુ પ્રોફેશનલ બનાવવા માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ આઈકોન્સ અને મેન્ટર્સનો સમાવેશ કરાશે



**અબતક, રાજકોટ**

જૈન પ્રીમિયર લીગ એક વખત ફરી તુફાન સર્જવા સજ્જ છે! ૧૨ ટીમોની ફ્રેન્ચાઈઝીની હરાજીમાં કુલ ૩૧ કરોડ રૂપિયાની અદ્ભુત સિદ્ધિ હાંસલ કરી છે. આ ક્રિકેટ લીગે મુખ્ય સ્ટ્રીમ સ્પોર્ટ્સ જેવા આંકડા પ્રાપ્ત કર્યા છે, જે તેને એક નવા યુગ તરફ લઈ જાય છે. હ્ય

૨૪ માર્ચ, ૨૦૨૬ના રોજ અમદાવાદમાં યોજાયેલી આ હરાજીમાં ૫૦થી વધુ બિડર્સએ ભાગ લીધો હતો. હરાજીનું વાતાવરણ આઈપીએલ જેવું જ ઉત્સાહી અને તીવ્ર હતું.

જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન દ્વારા સમર્થિત આ લીગ અગાઉ ચેરિટી મોડલ પર ચાલતી હતી, પરંતુ હવે તેને સંપૂર્ણ કોર્પોરેટ સ્પોર્ટ્સ પ્રોપર્ટી તરીકે વિકસાવવામાં આવી રહી છે.તેમના ચેરમેન પૃથ્વીરાજ કોઠારીએ જણાવ્યું કે,આ વર્ષે અમે એપ્રિલ અને મે મહિનામાં ૧૨ શહેરોમાં ૪૦થી વધુ મેચોનું આયોજન કરવાની યોજના ધરાવીએ છીએ.

આ લીગમાં જૈન સમુદાયના ખેલાડીઓ માટે ૬,૫૦૦થી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ છે. વધુમાં, ટાઈટલ ટ્રોફી સ્પોન્સરશિપ માટે ૫.૧૧ કરોડ રૂપિયાની સુરક્ષા મેળવવામાં આવી છે.જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન સ્પોર્ટ્સના સેક્રેટરી શ્વેતા હુંડિયાએ

(અનું.આઠમાં પાને)

### સૌથી મોંઘી ફ્રેન્ચાઈઝીઓ

૧. મુંબઈ સોબો સ્ટાર - ૩.૭૦ કરોડ રૂપિયામાં વેચાઈ (સૌથી મોંઘી ટીમ)
૨. બેંગ્લોર ઈગલ્સ - ૩.૧૫ કરોડ રૂપિયા (લગભગ ૩.૨ કરોડ).
૩. ગુજરાત જેપીએલ ટીમ (ગુજરાત વોરિયર્સ) - સુરતના એક પ્રમુખ વ્યવસાયી નીતિન જૈનએ ૨.૪ કરોડ રૂપિયામાં ખરીદી

# મેસી આર્જેન્ટિનામાં 'છેલ્લી' મેચ રમ્યો: પ્રેક્ષકોએ ઉભા થઈ બહુમાન આપ્યું



**અબતક, રાજકોટ**

ફૂટબોલ જગતના ગ્રેટેસ્ટ ખેલાડીઓમાં ગણાતો લિયોનલ મેસી મંગળવારે રાત્રે આર્જેન્ટિનામાં લગભગ છેલ્લી મેચ રમ્યો છે જેમાં તેણે ઝામ્બિયા સામે વિજય અપાવ્યો હતો અને મેચ દરમ્યાન પ્રેક્ષકોએ ઊભા થઈને તેનું બહુમાન કર્યુ હતું તેમ જ મોટે મોટેથી બૂમો પાડીને 'આ વખતે પણ વર્લ્ડ કપ જિતાડજે' એવી માગણી કરી હતી.છેલ્લે ૨૦૨૨નો ફિફા વર્લ્ડ કપ આર્જેન્ટિના મેસીના સુપર પર્ફોર્મન્સ સાથે જીત્યું હતું અને હવે આગામી ૧૧મી જૂને શરૂ થનારો વિશ્વ કપ ૩૮ વર્ષીય મેસીનો કદાચ અંતિમ છે. આ ટૂર્નામેન્ટ અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં રમાશે.મંગળવારે ઝામ્બિયા સામે ફ્રેન્ડ્લી મેચ રમાઈ હતી જેમાં આર્જેન્ટિનાનો ૫-૦થી વિજય થયો હતો. મેસીએ ચોથી જ મિનિટમાં જુલિયન અલ્વારેઝને ગોલ કરવામાં મદદ કરી હતી અને પછી ૪૩મી મિનિટમાં પોતે પણ એક ગોલ કર્યો હતો. નિકોલસ ઑટામેન્ડી અને વેલેન્ટિન બાર્કોએ પણ ગોલ કર્યા હતા.આર્જેન્ટિનાનો પર્ફોર્મન્સ થોડા સમયથી નબળો પડ્યો છે જેને પગલે કોચ લિયોનેલ સ્કેલોનીએ ટીમને ધમકી આપી છે કે જો ટીમ પર્ફોર્મન્સ નહીં સુધારે તો વર્લ્ડ કપ માટેની ૨૬ ખેલાડીની ટીમ નક્કી કરવામાં તેઓ કેટલાક આકરા નિર્ણયો લેશે. વર્લ્ડ કપમાં પહેલી વખત ૪૮ દેશ ભાગ લેશે અને દરેક ટીમે ૩૦મી મે સુધીમાં ફિફાને ટીમનું લિસ્ટ આપી દેવું પડશે.

### ઈટલી સતત ત્રીજી વખત ફિફામાંથી બહાર થયું

બોસ્નિયા ઍન્ડ હર્ઝેગોવિનાએ ઈટલીને પેનલ્ટી શૂટઆઉટમાં ૪-૧થી હરાવી દેતાં ઈટલીની ટીમ સતત ત્રીજી વખત વર્લ્ડ કપના પ્રવેશથી વંચિત રહી હતી. યુરોપિયન પ્લે-ઑફ ફાઈનલ્સમાં સ્વિડન, ટર્કી અને ચેક રિપબ્લિકની ટીમ પણ વિશ્વ કપ માટે ક્વોલિફાય થઈ છે.

વર્લ્ડ કપનો ક્વોલિફાઈંગ રાઉન્ડ ૨૦૨૨માં આર્જેન્ટિનાએ લિયોનેલ મેસીના શાનદાર પર્ફોર્મન્સની મદદથી ટ્રોફી જીતી લીધી એ પછીના વર્ષમાં (૨૦૨૩માં) શરૂ થયો હતો.

# દેવશી બાબુતર સહિત શખ્સોએ કરેલા હુમલામાં હત્યાની કોશિશની કલમ રદ કરતી હાઈકોર્ટ

## બેડી ગામે દાળ પકવાનના મામલે ખાણીપીણીના ધંધાર્થીને બેફામ માર માર્યો તો, ક્રાઈમ બ્રાન્ચે પાછળથી ખુની હુમલાની કલમનો ઉમેરો કર્યો તો

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા બેડી ગામે દાળ પકવાનના ધંધાર્થી પર દેવશી બાબુતર સહિત શખ્સોએ કરેલા હુમલાના ગુનામાં હત્યાની કોશિશની પાછળથી લગાડવામાં આવેલી કલમ હાઈકોર્ટ દ્વારા રદ કરવામાં આવી છે. બનાવ અંગે બેડી ગામે ચામુંડા સોસાયટીમાં રહેતા વિપુલભાઈ રાણાભાઈ વડેચાની ખાણી પીણીની લારીએ દાળ પકવાન ખાવાના મામલે થયેલી બોલાચાલીનો ખાર રાખી દેવશી બબૂતર અને પાંચ અજાણ્યા શખ્સોએ હુમલો કર્યા અંગેની કુવાડવા રોડ પોલીસે રાયોટીંગ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી. ફરીયાદી ગઈ તા.૧૬ ના બપોરના સમયે રેકડી પર હતાં ત્યારે બે અજાણ્યા શખ્સો નાસ્તો પહેલા આપવાના મામલે બોલાચાલી થઈ હતી. બાદમાં એક શખ્સે ત્યાં પડેલ ટેબલ ઉપાડીને મારવા માટે ઉપાડી ગાળો બોલી ઝપાઝપી કરી કોઈને ફોન કરેલ હતો. બાદ ફોરચ્યુન કારમા દેવશી બાબુતર સહિત શખ્સો આવી પાઈપ વડે જીવલેણ હુમલો કર્યો હતો. ઘટનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી હતી. દેવશી કાબાભાઈ બાબુતર, શ્યામ સંજયભાઈ બાબુતર, કિશન પ્રકાશ સરસીયા, કશ્યપ જગદીશ લાંગા અને સંજય કલુ બચુભાઈ પરમારની ધરપકડ કરી હતી. હત્યાની કોશિશની કલમનો ઉમેરો કરવામાં આવ્યો હતો. બાદ તમામ આરોપીઓને રેગ્યુલર જામીન પર મુક્ત થયા હતા.ત્યારબાદ હ આરોપીઓએ હાઈકોર્ટમાં ખુનની કોશીશ અંગેની કલમ તથા અન્ય કલમ જેવી કે બી.એન.એસ.ની કલમ ૧૦૯(૧), ૩૨૪(૨) તથા ૧૨૫ ની કલમ રદ કરવા અરજી કરી હતી.જે અરજી અનુસંધાને હાઈકોર્ટમાં એ મતલબની રજુઆત કરવામાં આવી હતી તે સદરહું કલમો મુજબનો ગુન્હો બનતો નથી. ફરીયાદીને આવી કોઈ ઈજાઓ પણ થયેલ નથી આરોપીઓને ભારે કલમોવાળા ગુન્હામાં સંડોવી દેવા માટે હાલની કલમો લગાડવામાં આવેલ છે ત્યારે ખુનની કોશીશની કલમો રદ કરવી જોઈએ. આરોપી તરફે થયેલ દલીલો અને પોલીસ તપાસના કાગળો, હાઈકોર્ટ તથા સુપિમ કોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ હાઈકોર્ટ ધ્વારા લગાડવામાં આવેલ ખુનની કોશીશ અંગેની તથા અન્ય કલમો જેવી કે બી.એન.એસ.ની કલમ ૧૦૯(૧), ૩૨૪(૨) તથા ૧૨૫ વિગેરે રદ કરવાનો હુકમ કરેલ હતો. હાઈકોર્ટમાં આશીષભાઈ એમ. ડગલી , રાજકોટના પ્રખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, ધવલ પુરોહીત, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, જય અકબરી, યશેશ ખેર, સહદેવ રાઠોડ, વિવેક ખુંટ એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# પડધરી ટોલનાકા પાસે રિક્ષા ડિવાઈડર સાથે અથડાયને પલટી ગઈ: ૬ લોકો ઘવાયા

## હનુમાન જયંતિએ કેટરિંગના કામ અર્થે જતી વેળાએ અકસ્માત નડ્યો

**અબતક, રાજકોટ**

શહેરના પડધરી ટોલનાકા પાસે હનુમાન જયંતિના પવિત્ર પર્વ પર કેટર્સનું કામ કરવા જતી વેળાએ રિક્ષા ડિવાઈડર સાથે અથડાઈને પલટી મારી જતાં રિક્ષામાં સવાર ૭ પૈકી ૬ મુસાફરોને ઈજાઓ પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટના કોઠારીયા સોલવન્ટ આવાસ ક્વાર્ટરમાં રહેતા સાહિલ હનીફભાઈ ઝૂલોજા (ઉં.વ. ૨૫, રિક્ષાચાલક), હીનાબેન નયનભાઈ અગ્રાવત (ઉં.વ. ૬૧),સાધનાબેન સંજયભાઈ સોલંકી (ઉં.વ. ૫૨), જગદીશ બચુભાઈ મુરાસિયા (ઉં.વ. ૪૭), જ્યોતિબેન બળવંતભાઈ રાઠોડ (ઉં.વ. ૩૨), અમરાવતીબેન મોતીભાઈ (ઉં.વ. ૪૦) આજે સવારે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ રિક્ષા લઈને હનુમાન જયંતિ નિમિત્તે પડધરી ખાતે કેટરિંગના કામ માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન પડધરી ટોલનાકા પાસે રિક્ષા ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા રિક્ષા ડિવાઈડર સાથે અથડાઈને રોડ પર પલટી ગઈ હતી. અકસ્માત થતા જ આસપાસના લોકો મદદે દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્તોને લોહીલુહાણ હાલતમાં ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ઈજાગ્રસ્તોને પ્રાથમિક અને વધુ સારવાર આપવામાં આવી રહી છે. ઘટનાને પગલે હોસ્પિટલ ચોકીના સ્ટાફે જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.

# ટ્રાયલ કોર્ટના સજાના હુકમને રદ કરી પિતા પુત્ર નિર્દોષ છોડી મૂકતી સેશન્સ કોર્ટે

## મોબાઈલ ફોનના મામલે પુત્રવધુને ધોકા વડે પતિ અને સસરાએ માર માર્યો હતો

**અબતક, રાજકોટ**

શહેર રૈયાધાર વિસ્તારમાં મોબાઈલ ફોનના મામલે થયેલી બોલાચાલીનો ખાર રાખી પુત્રવધુ ઉપર ધોકા વડે હુમલો કરવાના ગુનામાં ટ્રાયલ કોર્ટ દ્વારા પતિ અને સસરાને એક વર્ષની સજા અને દંડ ફટકારવાના હુકમથી નારાજ થઈ પિતા પુત્ર એ કરેલી અપીલ મંજૂર કરી ટ્રાયલ કોર્ટના હુકમને રદ કરી બંને શખ્સોને નિર્દોષ છોડી મૂકવાનો સેશન્સ કોર્ટે હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરના રૈયાધાર વિસ્તારમાં રહેતી પરણીતાને મોબાઈલ ફોન મામલે ગત તારીખ ૭/ ૯ /૨૦૨૦ ના રોજ પતિ ઘનશ્યામ અમરશીભાઈ સોલંકી અને સસરા અમરશી વેલજી સોલંકી સાથે બોલાચાલી થઈ ઉસ્કેરાયેલા પતિ અને સસરાએ પરણીતાને પ્લાસ્ટિકના ધોકા વડે માર માર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જે ગુનાના કામે પોલીસે તપાસ પૂર્ણ કરી અદાલતમાં ચાર્જસીટ રજૂ કરી હતી.બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદ પક્ષની લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઈ અદાલતે ઘનશ્યામ સોલંકી અને અમરશી વેલજી સોલંકીને એક વર્ષની સાદી કેદની સજા અને ૫,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો. જે સજા અને દંડના હુકમથી પિતા પુત્ર નારાજ થઈ સેસન્સ કોર્ટમાં અપીલ દાખલ કરી હતી.તે અપીલ ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ આરોપી પિતા પુત્રના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમા ટ્રાયલ અદાલત દ્વારા જે ચુકાદો આપવામાં આવેલ છે તે ભુલ ભરેલો હોય કાયદા વિષયક ધારદાર ઉંડાણપુર્વકની કાયદાકીય દલીલો કરી અલગ અલગ હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટનાં વિવિધ જજમેન્ટ રજુ કર્યા હતા, જે ધ્યાને રાખીને સેસન્સ કોર્ટ દ્વારા ટ્રાયલ કોર્ટનો સજા અને દંડનો હુકમ રદ કરી પિતા પુત્રને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવેલો છે.બન્ને આરોપીઓ વતી રામકુભાઈ બોરીચા, જીજ્ઞેશ તેરૈયા, જીતેન્દ્રભાઈ કુબાવત રોકાયા હતા.

# ૨૦ લાખના બે ચેક રીટર્ન કેસમાં કોન્ટ્રાકટરનો નિર્દોષ છુટકારો

## નાણાકીય વ્યવહારના ક્ષમતાના પ્રશ્નો ઉભા કરી મોટી રકમનો આર્થીક વ્યવહાર ઊભા કરેલા, બચાવ પક્ષની દલીલ

**અબતક, રાજકોટ**

શહેરમાં રહેતા કોન્ટ્રાકટરને વ્યવસાયમાં આર્થિક જરૂરિયાત માટે લીધેલી રકમ રૂપિયા ૨૦-૨૦ લાખ ચૂકવવા આપેલા ચેક રીટર્ન કેસમાં બાંધકામના ધંધાર્થીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં રહેતા ગોરધનભાઈ દેવરાજભાઈ અજાણી નામના કોન્ટ્રાકટરને ધંધામાં આર્થિક જરૂરિયાત ઉપસ્થિત થતા અલ્પેશ ગુણવંતરાય ગાંધી અને મનસુખ ભીમજી વિરડીયા પાસેથી ટૂંક સમય માટે રૂપિયા ૨૦ ૨૦ લાખ નોટ લખી આપી નાણા લીધા હતા જે રકમ ચૂકવવા આપેલો ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમનો ચૂકવતા અંતે ફોજદારી ફરિયાદ દાખલ કરી હતી બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચાવ પક્ષના એડવોકેટ જયેન્દ્ર ગોંડલીયા દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલમાં નાણાકીય વ્યવહાર કરવા ક્ષમતાના પ્રશ્નો ઉભા કરી મોટી રકમનો આર્થીક વ્યવહાર થયેલ



નહી હોવા છતા ઉભો આવેલો છે. દસ્તાવેજી પુરાવા અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ અદાલતે ગોરધન દેવરાજ અજાણીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે આરોપી ગોરધનભાઈ અજાણી વતી ગોડલીયા એસોસીએટસના જયેન્દ્ર ગોડલીયા, હિરેન લિંબડ, દિલીપસિંહ જાડેજા, મોનિષ જોષી, પારસ શેઠ, કુલદિપસિંહ વાઘેલા, કરણ ડી. કારીયા, કાજલબેન ખસમાણી, શીરાકમુદ્દીન શેરશીયા, ખુશીબેન ચોટલીયા, હર્ષવર્ધનસિંહ જાડેજા, પદમાવતીબેન, જય કંડોરીયા, મારવીન કોરાટ રોકાયેલ હતા.

# દ્વારકામાં કડાકા-ભડાકા સાથે માવઠું: રસ્તાઓ થયા પાણી-પાણી!

## એપ્રિલની શરૂઆતમાં જ ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસતા ખેડૂતો ચિંતાતુર બન્યા

**અબતક, રાજકોટ**

રાજ્યના હવામાનમાં પલટાની આગાહી વચ્ચે દેવભૂમિ દ્વારકામાં વરસાદ ખાબક્યો છે. વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ વચ્ચે વરસાદની એન્ટ્રી થઈ છે. કમોસમી વરસાદથી રસ્તાઓમાં પાણી ફરી વળ્યા છે. જ્યારે હજુ પણ કાળા ડિબાંગ વાદળો જોવા મળી રહ્યા છે. કમોસમી વરસાદને લઈ ખેડૂતોમાં ચિંતા છવાઈ છે.

હવામાન ખાતાની આગાહી વચ્ચે દ્વારકાના વાતાવરણમાં અચાનક પલટો નોંધાયો છે. વહેલી સવારથી જ સમગ્ર જિલ્લાનું વાતાવરણ વાદળછાયું જોવા મળ્યું હતું. અચાનક આવેલા વાતાવરણમાં આ પલટાને કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે.

ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ દ્વારા રાજ્યના વિવિધ પંથકમાં વરસાદની શકયતાઓ વ્યક્ત કરવામાં આવી છે. તો બીજી તરફ શિયાળુ પાક પણ ખેતરમાં ખુલ્લો પડેલો છે, ત્યારે કમોસમી વરસાદને કારણે રવિ પાકને મોટાપાયે નુકસાન થવાની ભીતિ સર્જાઈ છે.

આજે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને અપર એર સાયકલોનિક સર્ક્યુલેશનના રૂપમાં ત્રણ સિસ્ટમ સક્રિય થતાં તેની અસરના ભાગરૂપે ગુજરાતના હવામાનમાં પલટાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ તરફથી આજે અને તે પછીના બે દિવસ એમ કુલ ત્રણ દિવસ સુધી રાજ્યના કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહીની સાથે ગાજવીજ અને પવનની ગતિ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# લોહાનગર ઝૂંપડપટ્ટી ખાલી કરવાના સેશન્સના હુકમ સામેની અપીલ હાઈકોર્ટે ફગાવી

## મૂળ દાવા વખતે પક્ષકારો વચ્ચે થયેલું સમાધાન હાઈકોર્ટે માન્ય રાખી સેશન્સ કોર્ટેના હુકમ કાયમ રાખ્યો

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ ઉપર આવેલ લોહાનગરની જમીનમાં પેશકદમી મામલે ઝૂંપડપટ્ટીવાળાઓની સેકન્ડ અપીલ પણ રદ કરવાના હાઈકોર્ટના ચુકાદાને પગલે હવે લોહાનગરની ઝુંપડપટ્ટી ખાલી થશે તેમ મનાય રહ્યું છે. રાજકોટ શહેરમાં ગોંડલ રોડ પર આવેલ સ્વામિનારાયણ ગુરુકુળની સામે સ્વ. અનુપ મોહનલાલ પારેખની જમીનમાં લોહાનગરની ઝૂંપડપટ્ટીના રહેવાસીઓએ પેશકદમી કરી ઝુંપડાઓ બાંધ્યા હોય, આ ઝુંપડપટ્ટી ખાલી કરાવવા માટે અનુપ પારેખે સિવિલ કોર્ટ સમક્ષ કરેલ દાવો રદ થયો હતો. જેથી સિવિલ કોર્ટના આ હુકમ સામે અનુપ મોહનલાલ પારેખના વારસોએ ડિસ્ટ્રિકટ કોર્ટ સમક્ષ અપીલ દાખલ કરી હતી, જે અપીલના કામમાં મૂળ દાવામાં રજુ થયેલ પટેલ બાવા કરસન અને પંડયાભાઈ એડવોકેટ અને અનુપ મોહનલાલ વચ્ચેનું સમાધાન ડિસ્ટ્રિકટ કોર્ટે માન્ય કરેલ છે. જે કામમાં ઝૂંપડપટ્ટી ખાલી કરવાનું હુકમનામું થયેલ જે હુકમનામાં સામે જયુભાઈ જેઠાભાઈ મહેતા, જાદવભાઈ ભોળાભાઈ રાજપરા વગેરે ૨૪ વ્યક્તિઓએ હાઈકોર્ટ સમક્ષ સેકન્ડ અપીલ દાખલ કરી હતી. જે અપીલ હાઈકોર્ટે રદ્દ કરી છે.હાઈકોર્ટના અપીલ રદ કરવાના હુકમના પગલે હવે લોહાનગરની ઝૂંપડપટ્ટી ખાલી કરવાનું કન્ફર્મ થયેલ છે પટેલ બાવાભાઈ કરસનભાઈ અને પંડયાભાઈ એડવોકેટ દ્વારા જગ્યાનું સમાધાન કન્ફોર્મ રહેલ છે. આ કામમાં રિસ્પોન્ડન્ટસ વતી એડવોકેટ જનકકુમાર આર પંડયા, વત્સલ જનકકુમાર પંડયા, અજયભાઈ ડી. પીપળીયા, કરણભાઈ પડિયા, સલોની કે. પડિયા, રત્નાબેન દોશી, જયદીપભાઈ ડાભી એડવોકેટ્સ તરીકે કાર્યવાહી સંભાળી હતી.

# ધામેચા પરિવારે સ્વજનનું ચક્ષુદાન કર્યું

**અબતક, રાજકોટ**

રાજકોટના ભાવનાબેન જેન્તીલાલ ધામેચાનું અવસાન થતા તેમના પરિવારની ઈચ્છા તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરાવેલ છે. તેમના દાનથી બેના જીવનમાં આંખોની રોશની આવશે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૮૨૯ ચક્ષુદાન થયેલ છે. માર્ચ ૨૦૨૬માં નવમું



ચક્ષુદાન થયેલ છે.

આ ચક્ષુદાન મિતલભાઈ ખેતાણીના સહયોગથી થયેલ છે.

# ૩.૭.૫૦ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

## ફરિયાદીની તપાસમાં ચેકના અક્ષરોમાં ફેરફાર અને સેલ્સમેનની નાણા ઉછીના આપવાની ક્ષમતા ન હોવાનું રેકર્ડ ઉપર આવ્યું

**અબતક, રાજકોટ**

રાજકોટમાં સેલ્સમેન મિત્ર પાસેથી સંબંધના દાવે કટકે કટકે લીધેલા રૂપિયા ૭.૫૦ લાખ પરત કરવાનો ચેક રિટર્ન થવાના છ વર્ષ પહેલાના કેસમાં અદાલતે ફરિયાદીની કેપેસિટીના મુદ્દે આરોપીનો નિર્દોષ છુટકારો ફરમાવ્યો છે.આ અંગે ફરિયાદ પક્ષના કેસની હકીકત મુજબ, શહેરમાં રહેતા ભરતસિંહ પાસેથી સેલ્સમેન મેહુલ તુલસીભાઈ વોરા

મિત્રતાના દાવે કટકે કટકે મળી હાથ ઉછીના વગર વ્યાજે નાણાં લીધા હતા. જેનો હિસાબ કરતા રૂા.૭.૫૦ લાખ ચુકવવાના થતા હતા. મેહુલભાઈએ ભરતસિંહ ને રૂપિયા ૭.૫૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક બેંકમાંથી પરત ફર્યો હતો. ભરતસિંહે નોટિસ મોકલાવ્યા બાદ મેહુલ વોરાએ વિશાલ સમય મર્યાદામાં રકમનો ચૂકવતા કોર્ટમાં ફોજદારી ફરિયાદ કરવામાં આવી હતી. આ કેસ

ચાલવા ઉપર આવતા આરોપી તરફેના વકીલે આંક-૪૩થી ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનમાં થયેલી ફરિયાદની ચાર્જશીટની નકલ રજુ કરી હતી. આ કામે ફરીયાદીની ઉલટતપાસમાં ફરીયાદીને આંક-૧૧થી રજુ ચેક બતાવી પુછતા તેઓએ સ્વિકારેલ છે કે ચેકમાં સહી સિવાયના અક્ષરોમાં પે, રૂપીયા, તારીખ, આંકડાની રકમ અને શબ્દો અલગ પડે છે તેમજ સેલ્સમેન તરીકે નોકરી કરતા હોય માસીક રૂા.૧૫,૦૦૦/- વેતન હોવાથી રૂા. ૭.૫૦ લાખ આપવાની કેપેસીટી ન હોવાનું અને તે સમયે ઈન્કમટેક્ષ ભરતા ન હતા તેવું રેકર્ડ પર આવેલ હતું. જે સઘળી હકીકતો ધ્યાને રાખીને રાજકોટના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વી.ડી. મોઢે આરોપી મેહુલ તુલસીભાઈ વોરાને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામમાં આરોપી વતી એડવોકેટ રાકેશ દોશી, ગૌતમ ગાંધી, રીપન ગોકાણી, વૈભવ કુંડલીયા, આસિ. વાસુ વાડોદરીયા, વ્રજેશ મકવાણા રોકાયા હતા.

# સેવાથી સ્મરણાંજલિ: મજીઠિયા પરિવાર દ્વારા રવિવારે થેલેસેમિયાના દર્દી માટે રક્તદાન કેમ્પ

## પક્ષી માટે માળા અને પાણીના કુંડાનું વિતરણ કરાશે

**અબતક, રાજકોટ**

સ્વ.સોનલ બેન કેતનભાઈ મજીઠીયા ની પ્રથમ પુણ્ય તિથિ નિમિતે પરિવાર દ્વારા અલગ અલગ સેવા કાર્ય કરી સ્મરણાંજલિ અપાશે. તે દિવસે રાજકોટ ની ફિલ્ડ માર્શલ બ્લડ બેન્ક ના સથવારે એક મેગા બ્લડ ડોનેશન કેમ્પ ની આયોજન કરવામાં આવેલ છે. થેલેસેમીયા બાળકો માટે એક રકતદાન કેમ્પ રાખેલ છે. તમામ રક્ત દાતા ને કેતનભાઈ મજીઠીયા તરફથી એક આકર્ષક ગિફટ આપવામાં આવશે. રક્ત દાન કેમ્પ તારીખ ૫.૪.૨૬ રવિવાર સાંજે ૫થી ૬ દરમ્યાન કેસરિયા વાડી, સેન્ટ મેરી સ્કૂલ સામે,સકીર્તન રામ મંદિર પાસે, કાલાવડ રોડ ખાતે રાખવાં આવેલ છે. આ દિવસે રાષ્ટ્રસંત ગુરુદેવ નમ્ર મુનિ મહારાજ પ્રેરિત અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા જીવદયા ના કાર્ય માટે પરમ જીવદયા રથ હાજર રહેશે અને અબોલ જીવો માટે ચકલી ના માળા, બર્ડ ફીડર નિશુલ્ક આપવામાં આવશે આ માટે સેતુરભાઈ દેસાઈ તથા ગુરુભકતો જહેમત ઉઠાવી રહ્યા છે. જીવદયા ગ્રુપના મોભી ઉપેનભાઈ મોદી ના માર્ગદર્શન હેઠળ જીવદયા માટે રાજકોટ ના રેસકોર્સ ના આવેલ ચબુતરો માં ચણ, ત્યાંના તમામ ઝાડ ઉપર ખિસકોલી માટે મકાઈ ડોડા,કૂતરા માટે દૂધ, રોટલી,બિસ્કિટ કીડિયારું પૂરવામાં આવશે. વિવેકાનંદ યુથ કલબ ના અનુપમ દોશી અને મિત્રો તરફ થી ચક્ષુદાન અને દેહદાન સ્કીન ડોનેશન નું મહત્વ સમજાવી તેના સંકલ્પ પત્ર ભરવામાં આવશે. ચકલી ના માળા, બર્ડ ફીડર નિશુલ્ક વિતરણ કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટના મિતલભાઈ ખેતાણી તથા પ્રતિકભાઈ સંઘાણી ના સહકારથી કરવામાં આવશે. બેન સોનલબેન મજીઠીયા ની પ્રથમ તિથિ નિમિતે સેવા ની સરવાણી થકી સ્મરણાંજલિ આપવા. સીએ કેતન ભાઈ મજીઠીયા તથા પરિવારજનો તેમજ વિરેન્દ્ર



સંઘવી, નિલેશ શાહ, વિજય દોશી, શૈલેષ ઉદાણી, હરેશ દોશી, સમીર કામદાર, હિરેન કામદાર, ડિમ્પલ શાહ, હીના સંઘવી, જીગર દોમડીયા, હેમા મોદી, પારસ મોદી આ તમામ કાર્ય માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

# મેદસ્વીતા સામે સુરક્ષીત રહેવા ડો.વિસાવડીઆએ આપ્યું માર્ગદર્શન

## ઓબેસીટીના વક્તવ્યમાં આરોગ્ય કર્મચારી, આશાવર્કર અને નર્સિંગ સ્ટાફને ભણાવાયા સાવચેતીના પાઠ

**અબતક, રાજકોટ**

સમાજમાં મેદસ્વીતાની સમસ્યા



વકરી રહી છે. ત્યારે અનેક રોગના ઘર મેદસ્વીતાની સાચી સમજણ માટે ડો.વિસાવડીઆએ વક્તવ્ય આપી આરોગ્ય કર્મચારી, આશાવર્કર અને નર્સિંગ સ્ટાફને જાડીયાપણાની સમસ્યા સામે કેમ સમાજને સુરક્ષિત રાખી શકાય તે અંગે પાઠ ભણાવાયા હતા. ડો.એસ.એચ.વિસાવડીઆનું મેદસ્વીતા (ઓબેસીટી) ઉપરનું વકતવ્ય, નાના મવા રોડ મ્યુનિ.કોર્પોરેશનના અર્બન હેલ્થ સેન્ટર ખાતે યોજાયું હતું. તેમાં હેલ્થ સેન્ટરના સ્ટાફ સભ્યો, નર્સિંગ સ્ટાફ તથા આશાવર્કર બહેનો જોડાયા હતા. ડો.વિસાવડીઆએ મેદસ્વીતાને કારણે ઉદ્‌ભવતા શારિરીક રોગો વિશે વિસ્તૃત સમજણ આપી હતી. મોટી સંખ્યામાં બહેનોએ આ કાર્યક્રમનો લાભ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે કેન્દ્રના ડો.માનસીબેન ડોડીયાએ જહેમત ઉઠાવી હતી.

# સોરઠીયા પ્રજાપતિ સમાજની ભવ્ય સમાજ વાડીનું નિર્માણ થશે

## સોરઠીયા પ્રજાપતિ સમાજનો બાર પ્રહર પાટોત્સવ નો કાલથી થશે પ્રારંભ, સમાજ વાડી નિર્માણ માટે સહકારની દાતાઓને અપીલ

**અબતક, રાજકોટ**

રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં ભક્તિ અને શ્રદ્ધાના માહોલ વચ્ચે. આવતીકાલે ત્રણ એપ્રિલ થી પાંચ એપ્રિલ સુધી સોરઠીયા પ્રજાપતિ સમાજ બાર પ્રહર પાટોત્સવ'નુંઆયોજન આયોજન કરવામાં આવ્યું છે. ગત ગંગા મંડળ ગાંધીગ્રામ ના સંયોજન સાથે યોજાનારા આ પાવન મહોત્સવ સમાજ વાડીના નિર્માણ માટે સહયોગ એકત્રિત કરવા નો છે.

તારીખ ૩ થી ૫એપ્રિલ સુધીના ત્રણ દિવસીએ મહોત્સવ માં ભક્તિ સેવા એકતાનો સંગમ સર્જાશે ૩ એપ્રિલ શુક્રવારે સવારે હું વિસ્થાપના ત્યારબાદ બપોરે સંતોના સામૈયા અને આશીર્વાદ વચન પ્રાપ્ત થશે સાંજે ૫ વાગે પાટીસ્થાપન અને ૧૦વાગે જ્યોત પ્રાગટ્ય મહોત્સવ યોજાશે આ મહોત્સવ દરમ્યાન દરરોજ સવારે સાંજે અને રાત્રે આરતી માં ભક્તો ભાવભરી પ્રાર્થના સાથે જોડાશે .શુક્રવાર અને શનિવાર રાત્રે વિશેશ સંતવાણી અને ભજન સંધ્યા માં ભક્તિમય ગીતો, કીર્તનો દ્વારા ભગવાનના ગુણગાન ગવાશે ,ત્રણ દિવસ સુધી મહાપ્રસાદ માં હજારો ભાવિકોને પ્રસાદ લાભ અપાશે, રાજકોટ અને બહારગામ વસતા સોરઠીયા પ્રજાપતિ સમાજના ભાવિકોને આ મહોત્સવમાં ખાસ ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આ ભગીરથ કાર્યમાં ભાગીદાર બનવા સમાજને અપીલ કરવામાં આવી છે કાર્યક્રમને સફળ બનાવવા રાજુભાઈ ધોકીયા ૯૬૧૨૩૪૩૮૨, ભરતભાઈ ધોકિયા ,વિપુલભાઈ શિંગડીયા, વિજયભાઈ ભરડવા ,પંકજભાઈ વારા, પ્રવીણભાઈ રાવત, યોગેશભાઈ છાયા તથા કોઠારીયા કારોબારી સમિતિ ના યુવાનો જહેમત ઉઠાવી રહ્યા છે.

# ચેક રિટર્ન કેસમાં ટ્રાયલ કોર્ટના સજાના હુકમને યથાવત રાખી આરોપીને કસ્ટડીમાં લેવા સેશન્સ કોર્ટનો આદેશ

**અબતક,રાજકોટ**

સણોસરાનાં વેપારી કમલેશભાઈ શામજીભાઈ રામાણીને રૂા. ૪ લાખના ચેક રિટર્નનાં કેસમાં એક વર્ષની કેદની તથા ચેકની રકમ વળતર પેટે ચુકવવાના હુકમ સામેની અપીલ સેશન્સ કોર્ટ ફગાવી દઈ ટ્રાયલ કોર્ટનો હુકમ કાયમ રાખ્યો છે.વધુ વિગત રાજકોટના કમલેશ દુદાભાઈ રૈયાણીએ સણોસરાના વેપારી કમલેશભાઈ શામજીભાઈ રામાણીને રૂા. ૪ લાખ હાથ ઉછીનાં આપેલા અને તે રૂપિયા મળ્યા અંગેની આરોપીએ ફરીયાદી જોગ એક બાંહેધરી તથા પૈસા મળ્યાની પહોંચ કરી આપેલ હતી. ત્યારબાદ કમલેશ રામાણીએ રકમ પરત કરવા ૪ લાખનો આપેલ ચેક 'એકાઉન્ટ કલોઝડ'નાં શેરા સાથે પરત ફરતા, કમલેશ રૈયાણીએ કમલેશ રામાણી વિરુદ્ધ રાજકોટની ફોજદારી કોર્ટમાં ચેક રિટર્નની ફરીયાદ કરી હતી. જે ફરીયાદનાં કામે બંને પક્ષોને સાંભળ્યા પછી કોર્ટ દ્વારા આ કામનાં આરોપીને તકસીરવાર ઠરાવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ તથા ફરીયાદીને રૂા. ૪ લાખ દિવસ - ૬૦માં વળતર ચુકવવાનો હુકમ ફરમાવેલ હતો. આ હુકમ સામે આરોપી કમલેશ શામજીભાઈ રામાણીએ રાજકોટની સેશન્સ કોર્ટમાં કરેલ અપીલ પણ સેશન્સ કોર્ટ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે અને નીચેની અદાલતે આંક - ૫૭ થી ફરાવેલ સજાનો હુકમ કાયમ રાખવામાં આવેલ છે. તેમજ આરોપી એપેલન્ટને કસ્ટડીમાં લેવાનો હુકમ સેશન્સ કોર્ટ દ્વારા ફરમાવેલ છે. આ કામે મુળ ફરીયાદી તરફે વકીલ કેતન એન. સિંધવા, પંકજ આર. દોંગા, નિશાબેન લાડવા, હેતલબેન ગજેરા રોકાયા હતા.

# જમીન વેચાણ માટે જટીલ ૧૩૫-ડીનો નિયમ હવે ભૂતકાળ બની જશે

## વિવાદ ન હોય તેવા કિસ્સામાં તે જ દિવસે વેચાણની નોંધ પ્રમાણિત કરીને 'પાકી એન્ટ્રી' થશે: તપાસની જરૂરિયાતવાળા કિસ્સામાં નોટિસનો સમયગાળો ૩૦ દિવસથી ઘટાડીને માત્ર ૭ દિવસ કરાયો

### ખોટા વાંધા-વચકા અને બ્લેકમેલિંગ બંધ થશે

મંત્રીએ જણાવ્યું હતું કે, આ સુધારો માત્ર ખેતીની જમીન માટે જ નહીં, પરંતુ દુકાન, ફ્લેટ અને રહેણાંકના મકાનો લેતી સામાન્ય જનતા માટે પણ આશીર્વાદરૂપ છે. સીધી લીટીના વારસદારોના વ્યવહારોમાં પણ હવે સરળતા રહેશે. રેવન્યુ કોર્ટમાં મામલતદારથી લઈને એસએસઆરડી સુધી ચાલતા કેસો, જે માત્ર ૧૩૫ડીના વાંધાને લીધે વિલંબમાં હતા, તેનો ઝડપથી નિકાલ આવશે. ભવિષ્યમાં તકરારી કેસો ખૂબ ઘટશે અને સૌથી મહત્વપૂર્ણ મિલકતના ભાવ વધતા કેટલાક લોકો જૂના બાનાખત-કાચી ચિઠ્ઠીના આધારે ખોટા વાંધા ઉઠાવીને રકમ પડાવતા હતા, તે બ્લેકમેલિંગ પણ હવે બંધ થશે. પરિણામે ખરીદનાર અને વેચનાર હવે કોઈપણ ડર વગર નિર્ભય થઈને વ્યવહાર કરી શકશે.

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારે મહેસૂલ તંત્રમાં પ્રવર્તતી જટિલતાઓ દૂર કરીને પારદર્શિતા લાવવા તેમજ સામાન્ય જનતાને પડતી મુશ્કેલીઓને દૂર કરવા એક ક્રાંતિકારી નિર્ણય કર્યો છે. આ નિર્ણય અંગે માહિતી આપતા રાજ્યના પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, મહેસૂલી સરળીકરણ માટે જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૧૩૫-ડીની જોગવાઈમાં મહત્વપૂર્ણ સુધારા કરવામાં આવ્યા છે. આ સુધારાથી હવે કાયદેસરના જમીન અથવા મિલકતના વ્યવહારોમાં નાગરિકોને ૩૦ દિવસની નોટિસના સમયગાળાની રાહ જોવામાંથી મુક્તિ મળશે.

મંત્રીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી જમીન કે મિલકતના વેચાણ વ્યવહારોમાં ૩૦ દિવસની ફરજિયાત નોટિસના કારણે સામાન્ય જનતાએ લાંબી રાહ જોવી પડતી હતી. આ સમયગાળાનો ખોટી રીતે ગેરલાભ લેનાર કેટલાક તત્વો ખોટા વાંધા-વચકા ઉઠાવીને વેચનાર કે ખરીદનાર પાસેથી નાણાં પડાવવાનું (બ્લેકમેલિંગ) કામ કરતા હતા. મુખ્યમંત્રીએ આ જટિલતાને સમજીને ખેડૂતો અને મધ્યમ વર્ગના હિતમાં ૧૩૫-ડીની ૩૦ દિવસની નોટિસની અનિવાર્યતામાંથી મુક્તિ આપવાનો સાહસિક નિર્ણય લીધો છે.

નવા સુધારા પ્રમાણે, રેકોર્ડ પર જમીનમાં છેલ્લા એક વર્ષ કે તેથી વધુ સમયથી કોઈ ફેરફાર નોંધ ન હોય, જમીન પર કોઈ લિટીગેશન કે દાવો પડતર ન હોય અને શાંત કબજો હોય તેમજ ૭/૧૨ના રેકોર્ડ પર દેખાતા તમામ હકદારોએ વેચાણ દસ્તાવેજમાં સહી કરી હોય તેવા વ્યવહારોમાં ૧૩૫-ડીની

(અનુ. આઠમા પાને)

# ખેતીની જમીનમાં હવે ૧૦ ગુંઠાથી ઓછો ટૂંકડો નહીં પાડી શકાય

## સમગ્ર રાજ્યમાં હવે ૧૦ ગુંઠાનો એકસમાન નિયમ

## જમીન લે-વેચમાં સ્થાનિક ગૂંચવાડા દૂર થશે

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારે આઝાદી પછી પ્રથમવાર ૭૫ વર્ષ જૂના 'ટુકડા ધારા-૧૯૪૭'માં ધરખમ સુધારા કરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. રાજ્યપાલની મંજૂરી મળ્યા બાદ હવે રાષ્ટ્રપતિની મંજૂરી મળતા જ રાજ્યમાં નવા સુધારાઓ લાગુ પડશે.

પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ ઐતિહાસિક વટહુકમ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, આ સુધારાથી રાજ્યના લાખો ખેડૂતો અને જમીન ધારકોને મોટી રાહત મળશે. રાજ્ય સરકારે ઉદારતા દાખવીને નિર્ણય કર્યો છે કે, વર્ષ ૧૯૪૮થી નવા કાયદાના અમલ સુધીમાં, જે કિસ્સાઓમાં જમીનના નિયમ કરતા નાના ટુકડા પડ્યા હોય અથવા કાયદાનું ઉલ્લંઘન થયું હોય, તેવા તમામ જૂના ભંગને કોઈપણ પ્રકારનો દંડ વસૂલ્યા વગર 'રેગ્યુલાઈઝ' કરવામાં આવશે.પરંતુ હવે આ તમામ વ્યવહારો આપોઆપ વિનિયમિત થઈ જશે અને કાયદેસર ગણાશે.

અત્યાર સુધી જંત્રીના ૧૦ ટકા પેનલ્ટી ભર્યા પછી પણ વ્યવહાર કાયદેસર થતા ન હતા અને 'ફોક' ગણાતા હતા, પરંતુ હવે આ ક્રાંતિકારી સુધારાથી હજારો 'બોનાફાઈડ' ખરીદદારોના જમીન ટાઈટલ ક્લિયર થશે અને રેવન્યુ કોર્ટમાં ચાલતા વર્ષો જૂના કેસોનો કાયમી નિકાલ આવશે.

અગાઉ રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં પિયત, બિનપિયત, બાગાયત અને જીરાયત જમીન માટે ટુકડાના માપદંડો અલગ-અલગ હોવાથી સામાન્ય ખેડૂત મૂંઝવણમાં રહેતો હતો. હવે આ જટિલતા દૂર કરી સમગ્ર ગુજરાતના ગ્રામીણ વિસ્તારો માટે લઘુત્તમ ક્ષેત્રફળ ૧૦ ગુંઠા નક્કી કરવામાં આવ્યું છે. ખેતીની ગુણવત્તા જાળવી રાખવાના ઉદ્દેશ્ય સાથે નિર્ણય લેવાયો છે કે, હવેથી ૧૦ ગુંઠાથી ઓછો ટુકડો પાડી શકાશે નહીં, જે ખેતીની વાયબિલિટી વધારશે.

શહેરીકરણની ઝડપને ધ્યાને રાખીને, મહાનગરપાલિકા, નગરપાલિકા અને શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારોને આ 'ટુકડા ધારા'માંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે. આ નિર્ણયથી શહેરી વિસ્તારોમાં બિનખેતીની પ્રક્રિયા, બાંધકામ અને જમીન લે-વેચના વ્યવહારો અત્યંત ઝડપી અને પારદર્શક બનશે, જેનાથી સર્વાંગી વિકાસને વેગ મળશે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, સેટલમેન્ટ કમિશનર બીજલ શાહના અધ્યક્ષપદે રચાયેલી કમિટીના ઊંડાણપૂર્વકના અભ્યાસ બાદ આ ભલામણો સ્વીકારવામાં આવી છે.

આ નિર્ણયથી ખેડૂતોની આર્થિક ઉન્નતિ થશે અને જમીન સંબંધી વિવાદોમાં જે નાણાં અને સમયનો વ્યય થતો હતો, તેનો કાયમી અંત આવશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

## ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયાના બીજા દિવસથી જ

# સુરતમાં ૧ અને ૨ મે એ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ

## દક્ષિણ અને મધ્ય ગુજરાતનાં ૧૬ જિલ્લાઓને આવરી લેવાશે

**અબતક, રાજકોટ**

દક્ષિણ અને મધ્ય ગુજરાતના પ્રાદેશિક વિકાસને વેગ આપવા માટે આગામી ૧ અને ૨ મે, ૨૦૨૬ ના રોજ સુરત ખાતે 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' નું ભવ્ય આયોજન કરવામાં આવશે. ૧ મે, ગુજરાત સ્થાપના દિવસના રોજ યોજાનારી આ કોન્ફરન્સ રાજ્યના આર્થિક પરિદૃશ્યમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

આ મહત્વપૂર્ણ કોન્ફરન્સમાં દક્ષિણ ગુજરાતના ભરૂચ, ડાંગ, નવસારી, સુરત, તાપી અને વલસાડ તેમજ મધ્ય ગુજરાતના અમદાવાદ, આણંદ, છોટાઉદેપુર, દાહોદ, ગાંધીનગર, ખેડા, મહિસાગર, નર્મદા, પંચમહાલ અને વડોદરા સહિત કુલ ૧૬ જિલ્લાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ કાર્યક્રમ માત્ર પ્રાદેશિક સિદ્ધિઓના પ્રદર્શન પૂરતો મર્યાદિત ન રહેતા, નવીનતાને પ્રોત્સાહન આપવા અને વ્યૂહાત્મક રોકાણો દ્વારા રાજ્યની વિકાસગાથાને વધુ મજબૂત બનાવવાના સબળ માધ્યમ તરીકે કાર્ય કરશે.

કોન્ફરન્સ દરમિયાન વિવિધ ક્ષેત્ર-વિશિષ્ટ સેમિનારોનું આયોજન કરવામાં આવશે, જેમાં રસાયણો અને પેટ્રોકેમિકલ્સ, કાપડ, જેમ્સ અને જ્વેલરી, ફાર્માસ્યુટિકલ્સ, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ, અને આઈટી જેવા ઉભરતા ક્ષેત્રો પર વિશેષ ભાર મૂકવામાં આવશે.

આ કાર્યક્રમની સાથે જ એક વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન પણ યોજાશે, જેમાં વેન્ડર ડેવલપમેન્ટ પ્રોગ્રામ, ઉદ્યમી મેળા અને ઈન્ટરનેશનલ રિવર્સ બાયર સેલર મીટ જેવા આકર્ષણો સ્થાનિક ઉદ્યોગસાહસિકોને આંતરરાષ્ટ્રીય એક્સપોઝર પૂરું પાડશે.

રાજ્ય સરકાર દ્વારા સંતુલિત પ્રાદેશિક વિકાસના અભિગમ સાથે અગાઉ તારીખ ૯-૧૦ ઓક્ટોબર ૨૦૨૫ માં મહેસાણા ખાતે ઉત્તર ગુજરાત અને તારીખ ૧૧-૧૨ જાન્યુઆરી ૨૦૨૬ માં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ માટે સફળતાપૂર્વક આવી કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજકોટ ખાતે યોજાયેલી પરિષદમાં જાપાન, દક્ષિણ કોરિયા, રવાન્ડા અને યુક્રેન જેવા દેશોએ ભાગીદાર તરીકે જોડાઈને વૈશ્વિક સહયોગના દ્વાર ખોલ્યા હતા.

હવે સુરત ખાતે યોજાનારી આગામી કોન્ફરન્સ દક્ષિણ અને મધ્ય ગુજરાતના પાયાના ઉદ્યોગોને સશક્ત બનાવીને રાજ્યના સર્વગ્રાહી વિકાસમાં નવું પ્રકરણ ઉમેરશે.

# રાજ્યના ૫૭૦૦ કિ.મી.ના નોન પ્લાન્ડ રસ્તાઓને ટનાટન બનાવવા રૂા. ૩૪૦૦ કરોડ ફાળવાયા

## હવે કોન્ટ્રાક્ટરોએ ૧૦ વર્ષ સુધી રસ્તા સાચવવા પડશે: ચુકવણી કામના જથ્થા પર નહીં, પણ રસ્તાની ગુણવત્તા અને પરફોર્મન્સ આધારિત થશે

**અબતક, રાજકોટ**

રાજ્યના માર્ગોના નેટવર્કને વધુ સુદ્રઢ અને સુરક્ષિત બનાવવા માટે બે અત્યંત મહત્વના નિર્ણય કરવામાં આવ્યા છે. આ નિર્ણયોથી ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોની કનેક્ટિવિટી વધુ સુદ્રઢ બનશે અને રસ્તાઓની ગુણવત્તામાં પણ લાંબાગાળાનો સુધારો જોવા મળશે, તેમ પ્રવકતા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

રાજ્યના માર્ગોના નેટવર્કને સુરક્ષિત બનાવવા માટેના બે મહત્વના નિર્ણયો અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યના ગામડાઓને જોડતા નોન-પ્લાન રસ્તાઓની સુધારણા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૩,૪૦૦ કરોડની મંજૂરી આપી છે. આગામી સમયમાં રૂ. ૩,૪૦૦ કરોડથી વધુના ખર્ચે રાજ્યમાં કુલ ૫,૭૦૦ કિમી નોન-પ્લાન્ડ રસ્તાઓનું રીસરફેસિંગ કરવામાં આવશે. જે અંતર્ગત રાજ્યના ૩૩ જિલ્લાઓમાં કુલ ૨,૩૪૨ જેટલા કામોને મંજૂરી આપવામાં આવી છે.

તેમણે કહ્યું હતુ કે, આ મહત્વપૂર્ણ નિર્ણયમાં રાજ્યના ૬૭ ટકા જેટલા નોન-પ્લાન રસ્તાઓ કવર થઈ જશે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના પરાં અને અંતરિયાળ વસાહતોની કનેક્ટિવિટી વધશે, જેનાથી નાગરિકોની મુસાફરી વધુ સુરક્ષિત, ઝડપી અને સરળ બનશે. જે રસ્તાઓને ૮ વર્ષ પૂર્ણ થયા હોય તેવા તમામ રસ્તાઓનો પણ આગામી વર્ષે સમાવી લેવામાં આવશે.

માત્ર નવા રસ્તા બનાવવા જ નહીં, પરંતુ તેની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે સરકારે મેન્ટેનન્સની પદ્ધતિમાં ક્રાંતિકારી ફેરફાર કર્યો છે. માર્ગોની ગુણવત્તા લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે હવે 'આઉટપુટ એન્ડ પરફોર્મન્સ બેસ્ડ કોન્ટ્રાક્ટ' અને 'પરફોર્મન્સ બેસ્ડ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ' પદ્ધતિ અપનાવવાનો નિર્ણય કર્યો છે.


તેમણે કહ્યું કે, રૂ. ૨૫ કરોડથી વધુના કામો ઓપીઆરસી હેઠળ થશે. તે માટેનો કરાર ૧૦ વર્ષનો રહેશે, જેમાં ૨ વર્ષ બાંધકામ અને ૮ વર્ષ મેન્ટેનન્સનો ગાળો રહેશે. આ ઉપરાંત રૂ. ૨ કરોડથી ૨૫ કરોડ સુધીના કામોનો પીબીએમસી હેઠળ થશે. પીબીએમસી પદ્ધતિના કામો માટેનો કરાર ૭ વર્ષનો રહેશે, જેમાં ૧ વર્ષ સપાટી સુધારણા અને ૬ વર્ષ મેન્ટેનન્સનો સમાવેશ થાય છે.

નવી પદ્ધતિની મુખ્ય વિશેષતાઓ વિશે માહિતી આપતા મંત્રીએ કહ્યું કે, હવે કોન્ટ્રાક્ટરને ચૂકવણી કામની માત્રા પર નહીં, પણ રસ્તાની ગુણવત્તાના આધારે કરવામાં આવશે. ડામરની સપાટીની સાથે સાઈડ શોલ્ડર, ડ્રેનેજ, રોડ ફર્નિચર-સાઈન બોર્ડ, માર્કિંગ, સ્ટોન વગેરેની જાળવણી પણ કોન્ટ્રાક્ટરે જ કરવાની રહેશે.

વૈજ્ઞાનિક પદ્ધતિ અને પ્રિવેન્ટિવ મેન્ટેનન્સથી રાજ્યના રસ્તાઓનું આયુષ્ય વધશે અને વારંવાર રિપેરિંગની જરૂર નહીં પડે. ડિજિટલ મોનિટરિંગ અને પરફોર્મન્સ ઈન્ડિકેટર્સના કારણે કામમાં વધુ પારદર્શિતા અને

(અનુ. આઠમા પાને)


ઉપલેટા શહેર ભાજપના નવનિયુક્ત પ્રમુખ કીર્તિવાન બને તેવી શુભકામના...




જગદીશ વિશ્વકર્મા
પ્રમુખ પ્રદેશ ભાજપ ગુજરાત



ડો.પ્રશાંત કોરાટ
મહામંત્રી પ્રદેશ ભાજપ ગુજરાત





ડો.મનસુખભાઈ માંડવિયા
કેન્દ્રીય મંત્રી ભારત સરકાર



ડો.મહેન્દ્રભાઈ પાડલીયા
ધારાસભ્યશ્રી ઉપલેટા – ધોરાજી



અલ્પેશભાઈ ઢોલરિયા
પ્રમુખ રાજકોટ જિલ્લા ભાજપ



રવિભાઈ માકડીયા
મહામંત્રી રાજકોટ જિલ્લા ભાજપ

દિપકભાઈ આર. સુવા
પ્રમુખ ઉપલેટા શહેર ભાજપ

ખુમારી... ખાનદાની... અને નિષ્ઠા જેના લોહીમાં છે એવા સેવાના ભેખધારી નાના-મોટા સૌને સાથે લઈ ચાલનાર જેની નિમણૂકથી પાર્ટીના કાર્યકર્તાઓમાં નવો જોમ,જુસ્સો નવુબળ મળશે એવા પીઠડ કૃપા ગ્રુપના ઘરોહર દિપકભાઈ સુવાની જીલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉપલેટા શહેર ભાજપ પ્રમુખ તરીકે નિમણૂક થતા અમે આવકારી છીએ આવનારા દિવસોમાં તેઓ જાહેર જીવનમાં વધુ મા વધુ આગળ વધે તેવી શુભેચ્છા પાઠવીએ છીએ.

શુભેચ્છકો

વિક્રમભાઈ સુવા - પૂર્વ પ્રમુખ-સમસ્ત આહિર સમાજ ઉપલેટા
જીજ્ઞેશભાઈ વ્યાસ - પ્રમુખ સમસ્ત બ્રહ્મ સમાજ ઉપલેટા
જગદીશભાઈ વિરમગામા - પ્રમુખ સમસ્ત કોળી સમાજ ઉપલેટા
ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા - પ્રમુખ સમસ્ત રાજપૂત સમાજ ભાયાવદર
પિયુષભાઈ માકડિયા – પ્રમુખ એનિમલ હોસ્ટેલ સમિતિ ઉપલેટા
મજબુતભાઈ હુંબલ - કેળવણીકાર, અગ્રણી આહિર સમાજ ઉપલેટા
લલિતભાઈ પાદરિયા - એડવોકેટ કારોબારી સભ્ય જિલ્લા ભાજપ રાજકોટ
રાણીબેન ડી. ચંદ્રવાડિયા - કારોબારી સભ્ય જિલ્લા ભાજપ રાજકોટ
કિરીટભાઈ જાવિયા - પૂર્વ પ્રમુખ તાલુકા ભાજપ કા.બા.સભ્ય જીલ્લા ભાજપ
નિલભાઈ માકડિયા - સભ્ય નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ઉપલેટા
પ્રદિપભાઈ સુવા - સ્વસ્તિક બિલ્ડર્સ ઉપલેટા
ભૂપતભાઈ ગજેરા - ઉપપ્રમુખ પ્લાસ્ટિક એસો. ઉપલેટા
કિરીટભાઈ પાદરિયા - પૂર્વ પ્રમુખ શહેર ભાજપ ઉપલેટા
જીજ્ઞેશભાઈ ડેર - પૂર્વ મહા મંત્રી શહેર ભાજપ ઉપલેટા
મનોજભાઈ નંદાણીયા - પૂર્વ ચેરમેન બાંધકામ સમિતિ ઉપલેટા
સમીરભાઈ પટેલ - પૂર્વ પ્રમુખ ઉપલેટા શહેર ભાજપ લઘુમતી મોરચો
સુરેશભાઈ પરમાર - એડવોકેટ, પુર્વ મહામંત્રી ઉપલેટા શહેર ભાજપ બક્ષીપંચ મોરચો

વર્ષાબેન ગજેરા - પ્રમુખ નગરપાલિકા ઉપલેટા
જીજ્ઞાબેન વ્યાસ - ઉપપ્રમુખ નગરપાલિકા ઉપલેટા
નિકુલભાઈ ચંદ્રવાડિયા - ચેરમેન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ઉપલેટા
લાખીબેન નંદાણીયા - ચેરમેન બાંધકામ સમિતિ નગરપાલિકા ઉપલેટા
નિમિત પાનસરા - ચેરમેન ટાઉન પ્લાનિંગ સમિતિ નગરપાલિકા ઉપલેટા
જયેશભાઈ ત્રિવેદી - ઉપપ્રમુખ જિલ્લા ભાજપ રાજકોટ
સુરજભાઈ ડેર - મહામંત્રી જિલ્લા યુવા ભાજપ રાજકોટ
અનિતાબેન ચૌહાણ - મંત્રી રાજકોટ જિલ્લા ભાજપ
કૃપેશભાઈ ભીંભા - મહામંત્રી તાલુકા ભાજપ ઉપલેટા
ક્રિષ્નાબેન લાડાણી - શાસન પક્ષના નેતા ઉપલેટા નગરપાલિકા
શૈલેષભાઈ બારૈયા - ચેરમેન ભરતી-બઢતી સમિતિ નગરપાલિકા ઉપલેટા
અમિતભાઈ વસવેલીયા - નગર સેવક વોર્ડ નં. ૭ નગરપાલિકા ઉપલેટા
જેઠાભાઈ ડેર - ચેરમેન આરોગ્ય સમિતિ ઉપલેટા નગરપાલિકા
પરબતભાઈ બારૈયા - ચેરમેન જળાશય સમિતિ ઉપલેટા નગરપાલિકા
રાજભાઈ વાઢેર - પૂર્વ ઉપપ્રમુખ શહેર ભાજપ ઉપલેટા
નરેન્દ્રસિંહ જાડેજા - પ્રમુખ ઉપલેટા શહેર યુવા ભાજપ
ફેનિલ કક્કડ - મહામંત્રી, ઉપલેટા શહેર યુવા ભાજપ

અશ્વિનભાઈ લાડાણી - અગ્રણી કડવા પટેલ સમાજ ઉપલેટા

ક્રીએટ રાણપરિયા – ઉપલેટા, મો. ૭૭૭૯૮ ૪૪૪૯૪

બી.એન. કન્સ્ટ્રકશન, ઉપલેટા - પીઠડ કૃપા ગ્રુપ, ઉપલેટા

નરેન્દ્રભાઈ સુવા (માસ્તર)
દિપકભાઈ એન. સુવા
કિશોરભાઈ સુવા
ભરતભાઈ સુવા